# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 15 Date : 16-04-2026


## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૧) |
| અનુરાધા પ્રસાદ, અનુ. રાજેન્દ્ર દવે | ૦૪ | મહાત્મા ગાંધી અને શ્રીઅરવિંદ પુસ્તક લેખમાળા - ૧૧ : ગાંધીજી અને શ્રીઅરવિંદની ભાવિ સમાજ અંગેની અવધારણા-૨ |
| નારાયણ દેસાઈ | ૦૮ | ફૂલ શા મૃદુ સરદાર |
| ૨. | ૧૧ | માર્ક તુલી : પાદરીના સ્થાને પત્રકાર બન્યા |
| ગુજરાત ટુડે | ૧૨ | બસ્તરના આદિવાસીઓ જમીન જંગલ ગુમાવી રહ્યા છે |
| અશ્વિન કારીઆ | ૧૪ | અશ્વિન કારીઆની નજરે |
| - | ૧૪ | • લગ્ન વિષયક કાયદો : સૂચિત નિયંત્રણ સામે વિરોધ |
| - | ૧૪ | • એસિડ એટેકની વ્યક્તિઓને ન્યાય ક્યારે? |
| - | ૧૪ | • મનરેગા કાનૂન નાબૂદ - ગ્રામ રોજગારીને ફટકો |
| રજની દવે | ૧૫ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ - ૨ |
| ફાલ્ગુની પરીખ | ૧૭ | સૂર્યકાન્ત પરીખ શતાબ્દી વંદના |
| રેવારજ | ૧૮ | વિનોબા દર્શનને સમર્પિત વ્યક્તિત્વ : બાલવિજયભાઈ |
| રશાંસ | ૧૯ | વાંચનથાળ |
| જે. વી. પારેખ | ૨૨ | ડેરી ઉત્પાદનો પર વર્તમાન કોમર્શિયલ ટેરિફનો પ્રભાવ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | દાદીની વર્ષગાંઠ |



(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.15 1955 Date : 16-04-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૧)

○ વિનોબા ○

## આત્મદર્શન - પ્રકીર્ણ - આત્મશક્તિ

પતંજલિએ યોગસૂત્રમાં પાંચ યમ બતાવ્યા છે અને પાંચ નિયમ બતાવ્યા છે. આ નિયમોના અંતર્ગત शौचम् અર્થાત્ શુચિતા છે. શુચિતાનાં બાહ્ય અને આંતરિક એવાં બે રૂપ બતાવ્યાં છે. પતંજલિ શુચિતાના આંતરિક ભાવ જણાવતાં કહે છે, सत्यशुद्धि - सौमन्सय - एकाग्र्‌ - इंद्रियजय आत्मदर्शनयोग्यत्वानि च ।- અહીં પાંચ ગુણોનો ઉલ્લેખ થયો છે. અહીં આવો ક્રમ બતાવ્યો છે : સત્ત્વશુદ્ધિ, એનાથી સૌમનસ્ય અર્થાત્ ચિત્તની પ્રસન્નતા અને એમાંથી પ્રાપ્ત સહજ એકાગ્રતા - આ એક ક્રમ થયો. આંતરિક શુચિતાનું ચોથું લક્ષણ ઇન્દ્રિયજન્ય બતાવ્યું. ઇંદ્રિયજય અર્થાત્ ઇન્દ્રિયોનું કાબૂમાં આવી જવું. આ ઇંદ્રિયજય જે છે તે આંતરિક શુચિતાનું એક ડગલું પણ છે અને મંજિલ પણ છે. આ વસ્તુ જ્યાં પ્રાપ્ત થાય છે, ત્યાં અંતઃપ્રવેશની તૈયારી થાય છે.

સત્ત્વશુદ્ધિથી લઈને ઇંદ્રિયજય સુધીની આંતરિક સાધના કર્યા બાદ માણસ ભગવાનના મહાદ્વારે આવીને ઊભો રહે છે. આ ઇંદ્રિયજય સુધીની જે સાધના છે તે છે પૂર્વયોગ. આ પ્રક્રિયાને લીધે માણસની બુદ્ધિ નિર્મળ થઈ જાય તો તેની બુદ્ધિમાં તેજ પ્રગટે છે, તેનો જ્ઞાનમાં પ્રવેશ થાય છે અને એનાથી એ માણસમાં આત્મદર્શનની યોગ્યતા આવે છે. પછી પ્રશ્ન થાય કે હવે આત્મદર્શન ક્યારે થશે ? જ્યાં યોગ્યતા મળી ત્યાં બીજે ક્ષણે આત્મદર્શન થવું જોઈએ. પણ આવું થતું નથી. કેમ કે આપણાં જે સંસ્કારો છે તે વચ્ચે વચ્ચે આત્મદર્શનમાં દખલ કર્યા કરે છે અને આવી સ્થિતિમાં માણસે જ્ઞાનપૂર્વક અને બીજી સાધનાઓ દ્વારા એ સંસ્કારોને હટાવવા પડે છે. જો આત્મદર્શન થતું નથી, તો સમજવું જોઈએ કે આપણામાં કાં તો આત્મદર્શન કરવાની પાત્રતા નથી અથવા પાત્રતા મળ્યા બાદ પણ સંસ્કારોને કારણે એક આવરણ છવાયેલું રહે છે. એટલા માટે આપણે આત્મદર્શનની યોગ્યતા મેળવવા માટે શુચિતા લાવવી પડે છે. જેવી રીતે આપણે એકદમ શુચિર્ભૂત થઈને મંદિરમાં પ્રવેશીએ છીએ, એવી રીતે આપણે મન અને તનને શુચિત કરીને પરમાત્માના મંદિરમાં દાખલ થઈએ.

⁕ શ્વેતાશ્વતર ઉપનિષદ કહે છે કે આત્મદર્શન કરવા માટે पीडनम्, लोडनम्, खननम्, मथनम् – આ બધું કરવું પડશે. 'તલમાંથી' તેલ કાઢવાની પ્રક્રિયાને સંસ્કૃતમાં पीडनम् કહે છે. દહીંમાંથી ઘી કાઢવાની પ્રક્રિયાને लोडनम् કહે છે. જમીનની ભીતરમાં જે પ્રવાહ હોય છે, એમાંથી પાણી કાઢવા માટે ખોદવું પડે છે તેને खननम् કહે છે અને લાકડામાં રહેલા અગ્નિને પ્રગટ કરવાની પ્રક્રિયાને मथनम् કહે છે. આપણે પણ આત્મદર્શન કરવા માટે આ બધું કરવું પડશે. પછી આત્માનું દર્શન ક્યાં થશે ? હૃદયમાં જ આત્મદર્શન થશે - आत्मनि । એને મથવા માટે કઈ સામગ્રી જોઈએ ? सत्येन तपसा ।

યોગી આત્મદર્શન કરવા માટે ધ્યાનમગ્ન હોય છે, તો પ્રકૃતિમાતા સીધું દર્શન કરાવવાને બદલે એને સિદ્ધિઓ તરફ લઈ જાય છે. પરંતુ જુદી-જુદી સિદ્ધિઓ મેળવ્યા બાદ તે યોગી એવું સમજી લે કે આ તો આત્મદર્શન માટેનાં જ પગથિયાં છે, અને જો તે એ સિદ્ધિઓને જ વળગેલો રહેશે તો તે આત્મદર્શનના રસ્તામાં અવરોધ થશે. યોગશાસ્ત્રમાં આ એક ઘણી સારી વાત કહેવામાં આવી છે. બધાં જાણે છે કે કોઈ પણ પાપકર્મ એ મુક્તિકાર્યનું વિરોધી છે. પરંતુ ઘણી વાર તો પુણ્ય પણ મુક્તિમાર્ગમાં અવરોધનારું તત્ત્વ બની જાય છે. આ પાપથી ઓછું હોતું નથી. કેમ કે લોકો તો પાપને પાપ સમજે છે, પણ જ્યારે પુણ્ય પણ સૌમ્ય, સુંદર, ઊજળું રૂપ લઈને મનુષ્યની સામે આવીને ઊભું રહે છે, ત્યારે તેના મનમાં ભ્રમ પેદા થઈ જાય છે અને પરિણામે તે મુક્તિને બદલે તેને જ બધું સમજી બેસે છે. આમ તે ખરાબ રીતે છેતરાઈ જાય છે.

⁕ સામાન્ય રીતે જેમને આત્મદર્શનનો અનુભવ થયો છે, તેઓની વાણી કુંઠિત થઈ જાય છે. પરંતુ શ્રી અરવિંદની વાણી અવરોધાયેલી નહોતી. બલ્કે વાણી પલ્લવિત થયેલી. એ વાણીને નવા નવા અંકુર ફૂટ્યા અને તેનાથી થોડાઘણા અધિકારવાળા બધા જ સાધકોને પુષ્કળ જીવનભાથું મળ્યું. શ્રી અરવિંદે વાત્સલ્યભાવપૂર્વક આત્મદર્શનનો રસ્તો દેખાડ્યો, એટલી જ એમની વિશેષતા નહોતી. એમણે આત્મદર્શનને અંતિમ પગથિયું ન માનતાં, તેને પ્રથમ પગથિયું સમજીને તેના આધાર પર એક ગગનસ્પર્શી અથવા કહો કે ભૂમિસ્પર્શી દર્શનની રચના કરી. આજનું આપણું જીવન મનોવૃત્તિઓ પર ઊભું છે. એના બદલે શ્રી અરવિંદે અતિમાનસની ભૂમિકા

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પર એની રચના કરી અને સંપૂર્ણ જીવન પર ઉન્મની-અમૃતની વર્ષા કરવાનો વિચાર આવ્યો અને એમનાં ચાલીસ વર્ષ સતત ચિંતન, મનન અને પ્રયોગમાં ગયાં.

* મારા મતે તો જે પણ કોઈ મનુષ્યને આત્મદર્શનો તલસાટ છે, એનું અસ્તિત્વ જ એ પોતે સર્વોત્તમ સેવા છે. બીજી કોઈ પણ પ્રકારની સ્થૂળ સેવા કે જે અંગુલીનિર્દેશથી બતાવી શકાય છે, તે સ્થૂળ સેવા હોય કે ન પણ હોય. મારા આ વિચારને લીધે જ, હું સેવાકાર્યના ઘણા બધા ઉદ્યોગો કરતો રહું છું, પણ એનું બહારથી મૂલ્ય આંકવાનું મન જ થતું નથી. મને ચોક્કસપણે પ્રતીત થાય છે કે બહારનું બધું શૂન્ય છે અને શૂન્ય જ રહેવાનું છે. પણ, એટલા માટે શરીર દ્વારા જે પણ કંઈ સેવા થઈ શકે તેમ છે, તેને છોડવાની તો નથી જ. એ સેવા તો પૂર્ણ કરવાની છે અને તેને શૂન્ય સમજવાની છે.

* શંકરાચાર્ય જ્યારે સંન્યાસનું વિવરણ કરે છે, ત્યારે કોઈ કૃતિવાદી ગરજી ઊઠે કે, 'આમાં તો કર્તવ્યતા-હાનિ થાય છે.' ત્યારે શંકરાચાર્ય એ જ શબ્દને માન્ય કરીને જવાબ આપે છે - अलंकारो हि अयं अस्माकं यत् बहमात्मवगतौ सत्यां सर्व कर्तव्यताहानिः कृतकृत्यता चेति - અમે તો આને જ અમારું આભૂષણ સમજીએ છીએ કે માણસને આત્મદર્શન થયા પછી સર્વકર્તવ્યતા-હાનિ થાય છે અને તે માણસ કૃતકૃત્ય થઈ જાય છે.

**પ્રકીર્ણ**

આત્મદર્શન એ ભગવદ્ગીતાનો મુખ્ય વિષય છે. એના માટે ભક્તિ - સમત્વબુદ્ધિ જોઈએ. સૌથી મહત્ત્વની વાત તો એ છે કે ચિત્તશુદ્ધિ જોઈએ.

* આપણે ત્યાં લગભગ દરેક જાતિમાં એવા એવા સંત અને ભક્ત પેદા થયા છે કે જેઓ વાંચન-લેખનમાં જાણતા નહોતા, પરંતુ આત્મદર્શન કરેલું હતું. ભવિષ્યમાં પણ આવા લોકો આપણે ત્યાં થતા રહેશે. આત્મદર્શન માટે ભણતરની એટલી જરૂર નથી, જેટલી દિલની સચ્ચાઈની જરૂર હોય છે.

આત્મદર્શન એ આપણું વિધાયક લક્ષ્ય છે અને એ જ આપણું સાધ્ય છે. આત્મદર્શન સિવાય બીજી કોઈ વસ્તુમાં આપણો અનુરાગ ન રહે, એ જ વૈરાગ્યનો અર્થ છે.

* આત્મદર્શનની પૂર્વભૂમિકા છે વિષયો પરત્વે વિરક્તિ. અને ઉત્તરભૂમિકા છે - બ્રહ્મપ્રાપ્તિનો સાક્ષાત્ અનુભવ. વૈરાગ્ય દ્વારા અંતર્મુખ થયેલ આત્મદર્શી સાધકને અંતઃસુખનું દર્શન થાય છે, એનો સ્વાદ ચાખવા મળેછે. 'આ બધું બ્રહ્મમય છે' આવું અનુભવનાર સિદ્ધપુરુષ એ અંતઃસુખનો નિરંતર ભોગ કરે છે.

કોઈ પણ ધર્મ મુખ્યત્વે 'મિસ્ટિક એક્સપિરિઅન્સ' પર, એટલે કે આત્મદર્શન અને આત્માનુભૂતિ પર ઊભો હોય છે. આ જ ધર્મનું મુખ્ય હાર્દતત્ત્વ છે.

* આત્મદર્શન એ કંઈ મજાક નથી. અને રસ્તે ચાલતા-ચાલતા એમ જ આત્મદર્શન થઈ જશે એવું નથી. પરંતુ આત્મદર્શન કરવા માટે તો સતત પ્રયત્ન કરતા જ રહેવો પડશે. પરમાર્થ માર્ગની તો આ શરત છે કે 'હું મારા રસ્તામાં એક ક્ષણ માટે પણ નિરાશાને સ્થાન નહીં આપું, હું પળભર પણ નિરાશ થઈને બેસીશ નહીં.' - આ સિવાય પરમાર્થનું બીજું કોઈ સાધન નથી.

આત્મદર્શન અર્થાત્ મોક્ષનો આસ્વાદ લેવો. પરમાત્મદર્શન મોક્ષનું પેટ ભરીને ભોજન કરે છે. પહેલી વાતનો અનુભવ તો 'આ જ શરીરમાં આ જ આંખો વડે' થઈ શકે છે, અને બીજી વાત તો મનુષ્યના દેહપાત્ (શરીરના જવાથી) બાદ થાય છે.

* અસમના સંત માધવદેવ કહે છે કે 'શાસ્ત્ર અને ગુરુના કેવળ ઉપદેશમાત્રથી શિષ્ય આત્માને જોઈ શકતો નથી. તેઓ કહે છે કે જે કોઈ આત્મદર્શન ઇચ્છે છે તેમણે પોતાની બુદ્ધિને સત્ત્વસ્થ કરવી રહેશે - बुद्धिक सत्त्वस्थ करिया आपुन, आत्मा देखे निश्चय.

હું મારા મનના અંતસ્થલમાં પરિપૂર્ણ સમાધાનનો અનુભવ કરું છું અને પરિપૂર્ણ શાંતિ પણ ત્યાં રહી છે. આમ મારે બીજું કોઈ કારણ નથી, બસ મને અંદર એક દર્શન થયું છે, આત્મદર્શન છે. એટલા માટે હું ક્યારેય અંદરની શાંતિને ગુમાવતો નથી.

આત્મદર્શન એ જીવનનું કાવ્ય છે.

**આત્મશક્તિ**

आत्मशक्तेर् भानात् - શક્તિ કયાં છે ? આત્મામાં છે. અને બીજે ક્યાંય પણ આ શક્તિનો મૂળ સ્રોત નથી. કેમ કે સર્વજ્ઞ, સર્વ-શક્તિમાન આત્મા જ છે. પરંતુ માણસને આભાસ થતો હોય છે કે શક્તિ તો હાથ, પગ, આંખ, કાનમાં છે. માણસને લાગે છે કે આંખોમાં ઘણી શક્તિ છે. આ આંખો જતી રહેશે ત્યારે શું થશે ? પણ આ

**આ અંકમાં**


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૧) |
| ડૉ.અનુરાધા પ્રસાદ<br>અનુ.રાજેન્દ્ર દવે | ૪ | ગાંધીજી અને શ્રીઅરવિંદની ભાવિ સમાજ અંગેની અવધારણા (૨) |
| નારાયણ દેસાઈ | ૮ | ફૂલ શા મૃદુ સરદાર |
| રજની દવે | ૧૧ | માર્ક તુલી : પાદરીના સ્થાને પત્રકાર બન્યા |
| ગુજરાત ટુડે | ૧૨ | બસ્તરના આદિવાસીઓ જમીન જંગલ ગુમાવી રહ્યા છે. |
| અશ્વિન કારીઆ | ૧૪ | અશ્વિન કારીઆની નજરે |
| રજની દવે | ૧૫ | દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ |
| ફાલ્ગુની પરીખ | ૧૭ | સૂર્યકાન્ત પરીખ : શતાબ્દી વંદના |
| રેવારજ | ૧૮ | વિનોબા દર્શનને સમર્પિત વ્યકિતત્વ : બાલવિજયભાઈ |
| રશાંસ | ૧૯ | વાંચન થાળ - સુરેશ ગાલાનાં ૪ પુસ્તકો |
| ડૉ.જે.વી.પારેખ | ૨૨ | ડેરી ઉત્પાદનો પર વર્તમાન કોમર્શિયલ ટેરિફનો પ્રભાવ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | દાદીની વર્ષગાંઠ |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ત્યાં સુધી થાય છે, જ્યાં સુધી એને આત્મશક્તિનું ભાન થતું નથી. ત્યાં સુધી આપણે આપણી મૂળ શક્તિને છોડી દઈ કેવળ પ્રતિબિંબને જ પકડી રાખીએ છીએ. માની લો કે કાન અથવા આંખોને શરીરથી કાપીને અહીં રાખવામાં આવે તો એમાં કઈ શક્તિ રહેશે ? કાન અને આંખોમાં જે શક્તિ છે, તે અંદર કોઈ ચીજ સાથે જોડાઈ હોવાથી આવે છે. અને તે ચીજ એ 'શરીર' નથી, પરંતુ તે ચીજ છે, 'આત્મ-શક્તિ.' આ આત્મશક્તિ તે આંખ-કાન વગેરે દ્વારા પ્રગટ થાય છે. મનુષ્યને આત્મશક્તિનું ભાન થયા પછી તેના પર કોઈની સત્તા ચાલતી નથી, તે મનુષ્યમાં પરિપૂર્ણ સ્વતંત્રતા આવે છે.

આત્મામાં અનંત શક્તિ રહેલી છે. મનુષ્યને જેમ-જેમ પરિસ્થિતિ, આવશ્યકતા અને માંગ પેદા થાય છે, તેમ-તેમ તે મનુષ્યના આત્માની શક્તિ પ્રગટ થાય છે. હવે આવું માની લેવું કે આજ સુધી માનવ આત્મામાં જેટલી શક્તિ પ્રગટ થઈ છે, એટલી જ શક્તિ રહેશે - તો આવું માનવું એ આપણી સંકુચિતતા અને અજ્ઞાનનું લક્ષણ છે.

આત્મશક્તિનું ભાન થશે ત્યારે આપણે પોતાને શરીરથી અલગ પાડતા શીખીશું. આપણા પર મનની સત્તા નહીં ચાલે. ततः शासनमुक्तिः - ત્યારે શાસનમુક્તિ થશે, જે શક્તિના આધારે મારું આ જીવન ચાલી રહ્યું છે એ શક્તિનો મારે વધારે પરિચય મેળવી લેવો જોઈએ, અને ઉત્તરોત્તર એ શક્તિની મને પ્રતીતિ થવી જોઈએ. મને આ શક્તિમાં જેટલો વિશ્વાસ વધશે, એટલું જ વધારે મારું રક્ષણ થશે. મને જેમ જેમ આ શક્તિનો અનુભવ થતો જશે, તેમ-તેમ મારો વિકાસ થતો જશે.

જેવી રીતે પરમાણુ-શક્તિ સૂક્ષ્મ છે અને તે વિસ્ફોટથી પ્રગટ થાય છે, તેવી રીતે એક આત્મશક્તિ છે તે બીજી બધી શક્તિઓ કરતાં જુદી છે. બધી જ શકિતઓ આત્મશક્તિમાં રહેલી છે. ભલે ને તે બધી પૂરેપૂરી પ્રગટ થયેલી ન હોય. દરેકના જીવનમાં જાણતાં-અજાણતાં તે શક્તિનો સ્પર્શ સહુને થાય છે. જ્યારે તે શક્તિનો સ્ફોટ થાય છે, ત્યારે તેનું દર્શન થાય છે.

આપણે જાણીએ છીએ કે જાનવર પોતાના શરીર સુધી જ સીમિત રહેતાં હોય છે. એમના માટે તો શરીર જ બધું છે. તે શરીરને ઓળખે છે, પણ શરીરની અંદર રહેલી વસ્તુને જાણતાં નથી. મનુષ્યના જીવનમાં પણ સૌથી વધુ અવરોધ નાખનાર વસ્તુ હોય તો તે છે - દેહબુદ્ધિ. એટલે કે પોતાને દેહસ્વરૂપ સમજી લેવું. જ્યારે વાસ્તવમાં તો આપણે અને આપણું શરીર - આ બંને વસ્તુઓ એકદમ જુદી જુદી છે. પણ મનુષ્ય સમજી બેઠો છે કે તે દેહ છે. એના જીવનમાં આ દેહબુદ્ધિની બેવડી ગાંઠ બની છે. પહેલી ગાંઠ એ કે 'હું શરીર છું.' અને બીજી ગાંઠ 'હું આ જ શરીર છું'. જ્યારે આ બંને ગાંઠો ખૂલે છે ત્યારે હૃદયગ્રંથિ ખૂલે છે અને માણસને આત્મશક્તિનું ભાન થાય છે. આપણે તો આત્માનો વિકાસ કરવાનો છે.

આત્મવિકાસ બે રીતે થાય છે - (૧) આપણે ઊંડાણમાં ખોદવું પડશે. (૨) અને એટલું લાંબું-પહોળું ખોદવું જોઈએ કે જેના દ્વારા આખી દુનિયાનું રૂપ જોઈ શકીએ. 'હું દેહરૂપ નહીં, પણ આત્મરૂપ છું' - આવું ઊંડાણ હશે. અને ત્યારે પહેલી ગાંઠ ખૂલશે. 'હું માત્ર આ જ શરીરમાં નથી, પણ દુનિયામાં જેટલાં શરીર છે, તે બધાં મારાં જ રૂપ છે.' આ છે પહોળાઈ અને ત્યારે બીજી ગાંઠ ખૂલશે. આ બંને ગાંઠો ખૂલ્યા વગર માણસને આત્મશક્તિનું ભાન થશે નહીં.

આમ આપણે મુખ્યત્વે આ સમજવું જરૂરી છે કે આપણે આ શરીરથી ભિન્ન છીએ. માંદા પડીએ, ત્યારે ડૉક્ટર પાસે જઈને ઉપચાર કરાવીએ છીએ. ચરખો બગડી ગયો, તો તે પોતે જાતે ઊઠીને સુથાર પાસે જઈને પોતાને દુરસ્ત કરાવી ન શકે. પરંતુ આપણા શરીરમાં શરીરથી ભિન્ન કોઈ એક ચેતના એવી છે જે શરીરની ચિંતા કરે છે, અને એને દુરસ્ત કરવા માટે કોશિશ કરે છે. કોઈ એવું કહી શકે કે આ બધું બુદ્ધિ કે મન દ્વારા થતું હશે. પણ વિચાર કરતાં લાગે છે કે એવું વિચારવું બરાબર નથી. કેમ કે મન બગડી ગયું છે, બુદ્ધિ થાકી ગઈ છે, યાદશક્તિ નબળી પડી ગઈ છે, આ બધાંને જાણનારો પણ કોઈ આ મનુષ્યમાં છે. મન બગડી ગયું છે, બુદ્ધિ નબળી પડી છે, એવું કહેનારું કોઈ તત્ત્વ - જે મન-બુદ્ધિથી અલગ છે એટલે કે આપણા શરીરમાં કોઈ એક તત્ત્વ એવું છે જે આપણા શરીર, મન, બુદ્ધિ - બધાંને જાણનારું, તે બધાંની ચિંતા કરનારું અને એ બધાંથી ભિન્ન છે.

આમ, આવી રીતે દેહથી ભિન્નતાની અનુભૂતિ, સ્વાનુભૂતિ મનુષ્યને થતી જ રહેતી હોય છે. દેહમાં રહેનારો, દેહસાક્ષી, દેહને ચલાવનાર, દેહનો વ્યવસ્થાપક એ આત્મા છે, અને આ સ્વાનુભૂતિનો વિષય છે. આમ, મનુષ્યની મુખ્ય શક્તિ આત્માની છે, શરીરની નથી. પરંતુ સામાન્ય રીતે લોકોને પોતાની આત્મશક્તિનું ભાન હોતું નથી. જ્યાં સુધી માણસ દેહભિન્નતાનો વિચાર કરતો નથી ત્યાં સુધી તે વિચાર જ નથી કરતો. જ્યાં સુધી મનુષ્ય પોતાને દેહથી ભિન્નરૂપે ઓળખતો નથી, ત્યાં સુધી તે જાનવરની કોટિમાં જ રહે છે.

આત્માની અવ્યક્ત, મહાન શક્તિ એ મન અને પ્રાણની શુદ્ધિ અને નિગ્રહ વગર સાંપડતી નથી. આપણને પ્રાણશક્તિ ગતિ આપે છે, અને મનની શક્તિ દિશા દેખાડે છે. આ બંનેનો ઘણો નિકટનો સંબંધ છે. આત્માની અનંત શક્તિનું જ્ઞાન મેળવવા માટે આપણે આ બંનેનો વિરોધ કરવો પડે છે એટલે કે તે બંનેને આપણા નિયંત્રણમાં રાખવાં પડે છે. મનઃશક્તિ અને પ્રાણશક્તિ - આ બંનેનો યોગ સાથે સંબંધ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ - યોગનાં આ આઠ અંગો છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ - આ પાંચ યમ છે. આને મહાવ્રત પણ કહે છે. આ પાચં મહાવ્રતોનું નિરપવાદ પાલન કરવાથી મનની શુદ્ધિ અને આસન-પ્રાણાયામ વગેરે કરવાથી પ્રાણની શુદ્ધિ થાય છે. ધ્યાન દ્વારા મનનું નિયમન થાય છે. અને પ્રાણાયામ દ્વારા પ્રાણનું નિયમન થાય છે. વીજળી છે, પણ ચાંપ દબાવવાથી જ એ શક્તિનું ભાન થાય છે તેવી રીતે યમોનું નિરપવાદ પાલન થવાથી મન દ્વારા આત્માની અનંત

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ગાંધીજી અને શ્રીઅરવિંદની ભાવિ સમાજ અંગેની અવધારણા-૨

**નૈ**તિકતાનો તે સિદ્ધાંત ભારતના ઇતિહાસમાં કાંઈ નવો નથી. પ્રાચીન ભારતીય બ્રહ્મર્ષિઓથી માંડી આધુનિક ભારતીય દાર્શનિકો - ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોર અને સ્વામી વિવેકાનંદ વગેરે બધાએ આ સિદ્ધાંતનું સમર્થન કર્યું છે. એવું જ નીતિશાસ્ત્ર અને ગીતામાં પણ છે. ગીતામાં આદર્શ વ્યક્તિ સ્થિતપ્રજ્ઞ છે જે સૂતા-જાગતા, ઊઠતા-બેસતા અને કામ કરતા બધી જગ્યાએ અને બધા સમયે દૈવી પ્રજ્ઞામાં સ્થિત રહે છે. શ્રીઅરવિંદના મત અનુસાર ઈશ્વરની શોધ પણ આત્મ-નિષ્ઠ રૂપે આપણી સર્વોચ્ચ, સૌથી અધિક સત્ય, પૂર્ણ અને વિશાળ શોધ છે. શુભ અને અશુભના વિષયમાં વિચાર કરતા તેઓ કહે છે કે જે કાંઈ વ્યક્તિ અને જગતને એની દૈવી પૂર્ણતામાં સહાય કરે છે એ બધું જ શુભ છે અને અશુભ એ બધું છે જે એ વધતી જતી પૂર્ણતાને પાછળ હટાવે કે તોડે છે. માનવી જો નૈતિક નિયમોનું પાલન કરે તો એ આધ્યાત્મિક જીવન તરફ પહોંચી શકે છે.

ખરેખર ઈશ્વરનો સાક્ષાત્કાર જ માનવીનું સૌથી મોટું સાધ્ય છે. ગીતાની સમાન શ્રી અરવિંદ કર્તવ્યને કર્તવ્યને માટે નહીં, બલકે કર્તવ્યને ઈશ્વરને માટે કે આત્મસાક્ષાત્કારને માટે માને છે. ગીતા ઉપરના પોતાના સુપ્રસિદ્ધ પુસ્તક 'એસેઝ ઑન ગીતા'માં શ્રીઅરવિંદે ગીતાની શંકરાચાર્ય, રામાનુજ, લોકમાન્ય તિલક વગેરેથી અલગ વ્યાખ્યા રજૂ કરી છે. તેઓએ કહ્યું છે કે ગીતા કર્તવ્યને માત્ર નિષ્કામ રૂપે જ કરવાનું નથી શીખવતી, બલકે, દૈવી જીવનનું પાલન કરવાનું શીખવે છે. ગીતાનો ઉપદેશ જીવનમાં કર્મનો ઉપદેશ છે. તિલકની જેમ શ્રીઅરવિંદે કર્મને જીવનમાં વિશેષ મહત્ત્વપૂર્ણ માન્યું છે. વાસ્તવમાં અતિમાનવ જ માનવીનું લક્ષ્ય છે. જેમ-જેમ માનવીનો આધ્યાત્મિક વિકાસ થાય છે, તેમ-તેમ નવાં તત્ત્વો, નવીન પ્રકારની ક્રિયાઓ અને નવાં મૂલ્યોનો જન્મ થાય છે અને માનવીમાં આત્મત્યાગની ભાવના વધતી જાય છે. જ્યાં સુધી માનવી ભૌતિક ઇચ્છાઓને સંતોષતો રહે છે, ત્યાં સુધી તે પશુથી વધારે કશું નથી. પરંતુ નૈતિક અને આધ્યાત્મિક પ્રગતિને માટે આ નિમ્ન સ્તરથી ઉપર ઊઠવું જરૂરી છે. એવું સતત આત્મ-ત્યાગથી જ શક્ય છે.

તે આત્મ-ત્યાગ માનવજાતની નૈતિક વૃદ્ધિનું પુષ્પ છે અને માનવીના ઉત્થાનનો પુરાવો છે. આ જ આત્મ-ત્યાગની સાથે માનવીનો આધ્યાત્મિક વિકાસ થતો જાય છે અને માનવી 'સ્વ'થી આગળ વધે છે. સૌ પહેલાં માનવીનો આત્મા 'સ્વ' સુધી જ સીમિત રહે છે. આ 'સ્વ'માં તેનું પોતાનું શરીર, પ્રાણ, માનસ વગેરે જ હોય છે. તેનાથી જ્યારે તે આગળ વધે છે ત્યારે પરિવારના કલ્યાણને પોતાનું કલ્યાણ માનવા લાગે છે. તેનાથી વિકસિત થઈને તે એવો અનુભવ કરે છે કે પરિવારથી પણ વધારે સમુદાય પર તેનો અધિકાર છે. એ સામુદાયિક આત્માના વિકાસથી એ રાષ્ટ્રઆત્મા પર પહોંચે છે. પરંતુ તે જ તેનો અંત નથી. નૈતિક ચેતનાના ક્રમશઃ વિકાસથી આપણે રાષ્ટ્રથી આગળ વધી સંપૂર્ણ માનવતાની ચેતના પર પહોંચીએ છીએ. શ્રીઅરવિંદે તેને પણ અંત માન્યો નથી. તેમના મત અનુસાર માનવતાની ચેતનાથી આગળ પણ આત્માને વધારે વિસ્તૃત અને ગહન બનાવવો જોઈએ, ત્યાં સુધી કે તેને દિવ્ય સત્તાનો સાક્ષાત્કાર ન થઈ જાય. આ રીતે સર્વોચ્ચ આત્મા વસ્તુ જગતમાં તેનું અતિક્રમણ કરવાવાળો દૈવી આત્મા છે. વ્યક્તિના સીમિત અહમ્‌થી ચાલી તે પરમ આત્મા પર પહોંચવા સુધી પ્રત્યેક ડગલે માનવીને નિમ્ન આત્માથી ઉચ્ચ આત્માને માટે ત્યાગ કરવો પડે છે. તે જ આત્મત્યાગનો સાચો અર્થ છે.

શ્રીઅરવિંદ કહે છે કે માનવીની સ્વાભાવિક પ્રવૃત્તિઓનું દમન ન કરવું જોઈએ બલકે, તેનો સ્વાભાવિક વિકાસ કરવો જોઈએ. માનવીના નૈતિક વિકાસમાં સૌથી વધારે મહત્ત્વ આપણી અંદરની સચ્ચાઈ અને સતત વિકાસ છે. તેનાથી માનવીની પ્રગતિ શક્ય છે. જેમ-જેમ માનવી દૈવી આત્માના સાક્ષાત્કાર તરીફે આગળ વધતો જાય છે, તેમ-તેમ તેની અડચણો આપોઆપ જ પૂર્ણ થતી જાય છે.

શ્રીઅરવિંદના મત અનુસાર માનવજીવનમાં દૈવી આત્માનો સાક્ષાત્કાર જ ઉચિત અને અનુચિત, શુભ અને અશુભની કસોટી છે. શ્રીઅરવિંદે કહ્યું પણ છે કે અનુચિતનો અર્થ એનાથી છે જે સત્યથી દૂર લઈ જાય છે અને દિવ્ય સત્તાના માર્ગથી અલગ કરે છે. વ્યક્તિનો આધ્યાત્મિક વિકાસ ત્યારે થઈ શકે છે જ્યારે એ પ્રત્યેક ઇચ્છા, પ્રત્યેક પ્રવૃત્તિનો ત્યાગ કરવાને સમર્થ હોય અને પોતાના આંતરિક વિકાસમાં અગ્રસર રહે.

વિકાસનું સ્તર વધવાની સાથોસાથ આપણી નૈતિકતાની ધારણામાં પણ પરિવર્તન થતું રહે છે. આધ્યાત્મિક દૃષ્ટિએ નૈતિકતા, એ દિવ્ય જીવન તરફ વિકાસનું એક સાધન અને સોપાન છે. શ્રીઅરવિંદ કહે છે : ''આપણી અંદર આધ્યાત્મિક પુરુષની શોધ આધ્યાત્મિક માનવનું મુખ્ય કાર્ય છે અને અન્ય લોકોને એ જ વિકાસ તરફ આગળ વધવામાં સહાય કરવાનું પ્રજાતિને માટે તેની વાસ્તવિક સેવા છે.'' (ધી લાઈફ ડિવાઈન) કોઈ પણ માનવી જ્યાં સુધી બીજાને આધ્યાત્મિક જીવન તરફ આગળ ધપાવે છે, ત્યાં સુધી એની સેવા કરે છે. આપણે બીજાને આધ્યાત્મિક નથી બનાવી શકતા, પરંતુ એવી પરિસ્થિતિઓ અવશ્ય સર્જી શકીએ છીએ કે તેના આધ્યાત્મિક વિકાસમાં સહાયક બને. આ રીતે સ્વયંનો આધ્યાત્મિક વિકાસ અને સાથે અન્યોને પણ તે વિચારમાં સહાય કરવી, એ માનવીનું કર્તવ્ય હોવું જોઈએ. પરંતુ, માત્ર માનવીનો નૈતિક વિકાસ જ માનવીના વિકાસની અંતિમ કડી નથી. ચેતનાના ક્રમશઃ વિસ્તરણની સાથે માનવી નૈતિક સોપાનથી આગળ વધી જાય છે. માનસિક સ્તરથી ઉપર ઊઠવાથી નૈતિક સમસ્યાઓ નથી રહેતી, કેમ કે તે દ્વંદ્વ પૂર્ણ થઈ જાય છે અને વ્યક્તિ અસીમ દૈવી ચેતનામાં સ્થિત થઈ જાય છે. તે શુભ અને અશુભથી પર થઈ જાય છે. આ જ ધર્મ અને નૈતિકતાનો આધ્યાત્મિક આધાર છે.



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આ રીતે માનવી નૈતિકતાથી ઉપર ઊઠી આધ્યાત્મિકતામાં પહોંચે છે અને ત્યાંથી ભાવી આધ્યાત્મિક જીવનની શરૂઆત થાય છે.

આજે આપણે માનવબુદ્ધિ દ્વારા વ્યક્તિઓ, જ્ઞાતિઓ, રાષ્ટ્રો, વિચારો, સભ્યતાઓ અને સંસ્કૃતિઓના પરસ્પર સંઘર્ષને દૂર કરી તેમાં સમન્વય સ્થાપવાનો સતત પ્રયાસ કરી રહ્યા છીએ. શ્રીઅરવિંદના મત અનુસાર આધ્યાત્મિક તત્ત્વ જ આ સમસ્યાઓનું સહજ નિવારણ કરી શકે છે. તેના જ માધ્યમથી પરસ્પર વિરોધીઓનો સમન્વય થશે. આ ઉપરાંત અન્ય પ્રત્યેક તત્ત્વને લઈ માનવી પ્રયોગ કરી ચૂક્યો છે અને તેમાંથી કોઈ પણ તેને પતનથી નથી બચાવી શકતું. આ રીતે શ્રીઅરવિંદના મત અનુસાર માનવીનું લક્ષ્ય તેના આધ્યાત્મિક વિકાસમાં છુપાયેલું છે. તે આધ્યાત્મિક સમાજનું વર્ણન કરતા શ્રીઅરવિંદ લખે છે કે એક આધ્યાત્મિક સમાજનો નિયમ વ્યાપક સ્વતંત્રતા છે. અને તે સ્વતંત્રતાની વૃદ્ધિથી જ આધ્યાત્મિકતાની વૃદ્ધિ થશે. માનવીનો આધ્યાત્મિક વિકાસ સ્વાભાવિક, સ્વતંત્ર અને અનિવાર્ય હોય છે. જે ક્ષેત્રોમાં આધ્યાત્મિક તત્ત્વનો સીધો પ્રવેશ નથી થઈ શકતો, તેમાં પણ સ્વતંત્રતા આપવાથી અંતે તે સાચા માર્ગ પર જ ચાલે છે. જોકે શ્રીઅરવિંદ સ્વતંત્રતાનો એવો અર્થ નથી માનતા કે પ્રત્યેક વસ્તુને તેના હાલ પર છોડી દેવી જોઈએ. તેનું એ તાત્પર્ય છે કે વૃદ્ધિ બધે જ સ્વાભાવિક હોવી જોઈએ, તેમાં બહારનું દબાણ ન હોવું જોઈએ. આધ્યાત્મિક લક્ષ્ય તરફ જવા માટે પ્રત્યેકે સ્વયં પોતાનો માર્ગ બનાવવો જોઈએ.

એ ભાવી આધ્યાત્મિક સમાજના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે કેટલીક આવશ્યક શરતો છે. તેના માટે સર્વપ્રથમ વ્યક્તિનું આધ્યાત્મિક રૂપાંતર કરવું પડશે. જેમ-જેમ વધુ ને વધુ વ્યક્તિ આ લક્ષ્યને પ્રાપ્ત કરશે તેમ સમુદાય તે લક્ષ્યની નજીક પહોંચી જશે. શ્રીઅરવિંદના મત અનુસાર કોઈ પણ પરિવર્તન સૌથી પ્રથમ વ્યક્તિમાં થાય છે અને બાદમાં તેને સમુદાય ગ્રહણ કરે છે. અર્થાત્ આધ્યાત્મિક સમાજને પ્રાપ્ત કરવાની બીજી શરત સામુદાયિક પરિવર્તન છે, જેના માટે સમાજના રૂપાંતરની જરૂર છે. એના માટે માનવીએ ભારે પ્રયાસ કરવો પડશે.

એટલા માટે શ્રીઅરવિંદના લેખોમાં ઉત્કટ દેશ-પ્રેમની ભાવના જોવા મળે છે. તેમના મતે દેશપ્રેમી વ્યક્તિ દેશની માટીને સ્પર્શ કરતા રોમાંચનો અનુભવ કરે છે. દેશપ્રેમના કારણે જ વ્યક્તિ આત્મ-ત્યાગ, સેવા અને કષ્ટોને ભોગવવા માટે તૈયાર રહે છે.

## આધ્યાત્મિક સમાજની રૂપરેખા

શ્રીઅરવિંદનો આધ્યાત્મિક સમાજ એક તરફ રાષ્ટ્રના સર્વાંગી વિકાસનો દાર્શનિક આધાર પ્રસ્તુત કરે છે, સાથે એક એવી રાજકીય ધારણા પણ પ્રસ્તુત કરે છે જેના પર ચાલીને પ્રત્યેક વ્યક્તિ સમસ્ત માનવતાના વિકાસમાં પોતાનો સહયોગ આપી શકે છે. તે સમાજમાં દમન પ્રતિબંધિત હશે. પછી તે રાષ્ટ્રની અંદર વ્યક્તિનું દમન હોય અથવા સામ્રાજ્ય કે ઉપનિવેશના રૂપે કોઈ અન્ય રાષ્ટ્રનું દમન હોય. અર્થાત્ આ પ્રકારના સમાજમાં કોઈ પણ વર્ગને છોડાશે નહીં, બલકે બધા સભ્યો પૂર્ણ સ્વતંત્રતા, પૂર્ણ એકતા અને પૂર્ણ સમન્વયના જીવન તરફ આગળ વધી શકે છે, કેમ કે આ જ આધ્યાત્મિક રાષ્ટ્રનું જીવનચિહ્ન છે. આ સમાજમાં રાષ્ટ્રની ભૌતિક, આર્થિક, ધાર્મિક, નૈતિક અને બૌદ્ધિક બધા પ્રકારની પ્રગતિ જરૂરી મનાય છે.

આધ્યાત્મિક સમાજનું લક્ષ્ય રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ છે. તે આધ્યાત્મિક સમાજમાં બધા પછાત વર્ગને આગળ વધવાની પ્રાથમિકતા આપશે, ભલે તેના માટે અન્ય વર્ગોના વિકાસને થોડા સમય સુધી રોકી દેવો કેમ ન પડે. શ્રીઅરવિંદે લખ્યું પણ છે કે એક આધ્યાત્મિક સમાજ બરાબર પોતાના આધ્યાત્મિક વ્યક્તિઓની જેમ જ અહમ્‌માં નહીં, બલકે આત્મામાં નિવાસ કરશે, જે સામૂહિક રૂપમાં હશે. આ પ્રકારના આધ્યાત્મિક સમાજમાં સંતથી લઈને ગુનેગારો સુધી કોઈ પણ વ્યક્તિને બળપૂર્વક મારીને, કે કાયદો અને પોલીસના દબાણથી બદલવાની કોશિશ નથી કરાતી, બલકે તેમાં આંતરિક પરિવર્તન કરાય છે.

આર્થિક ક્ષેત્રમાં તેનો ઉદ્દેશ એક એવી વ્યવસ્થા સ્થાપિત કરવાનો હોય છે જેમાં દરેક વ્યક્તિને તેની પ્રકૃતિ અનુસાર કાર્ય મળે અને સ્વતંત્ર વિકાસની તક મળે. રાજનીતિના ક્ષેત્રમાં નાગરિકને રાજ્યનો દાસ નથી બનાવાતો બલકે, રાજ્ય અને વ્યક્તિ બંનેના સર્વાંગી વિકાસને માટે સમન્વય સ્થાપિત કરાય છે. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં આધ્યાત્મિક રાષ્ટ્ર બીજાં રાષ્ટ્રો સાથે યુદ્ધ નથી છેડતું બલકે, તેને તેના આત્માના સાક્ષાત્કારમાં સહાય કરે છે અને તેના બદલામાં એ કોઈ સ્વાર્થ સાધવા નથી ઇચ્છતાં. આંતરિક અને આંતરરાષ્ટ્રીય વિષયોમાં બધી જગ્યાએ સ્વતંત્રતા આધ્યાત્મિક સમાજનો નિયમ છે. એક પૂર્ણ આધ્યાત્મિક સમાજ અંગે લખતા શ્રીઅરવિંદ કહે છે કે એક પૂર્ણપણે આધ્યાત્મિક સમાજ એ હશે, જેમાં બધા માનવી દરેક પ્રકારે સ્વતંત્ર હશે અને એવું એટલા માટે હશે, કેમ કે પ્રાથમિક શરતો પૂર્ણ થઈ ચૂકી હશે.

એ અવસ્થામાં પ્રત્યેક માનવી સ્વયં પોતાને માટે એક વિધાન નહીં, બલકે એક દિવ્ય વિધાન હશે, કેમ કે એ ભગવાનમાં નિવાસ કરવાવાળો એક આત્મા હશે, જે મુખ્યત્વે પોતાના હિત અને સ્વાર્થને માટે જીવિત નથી રહેતા. આ પ્રકારના આધ્યાત્મિક રાષ્ટ્રની સ્થાપના માટે આવશ્યક છે કે રાષ્ટ્રમાં પહેલાં કેટલીક વ્યક્તિઓમાં અને પછી સંપૂર્ણ જન સમુદાયમાં આધ્યાત્મિકતાનો વિકાસ થાય. આધ્યાત્મિક વ્યક્તિ જ આધ્યાત્મિક રાષ્ટ્ર બનાવી શકે છે. આ પ્રકારનું આધ્યાત્મિક રાષ્ટ્ર બનાવવું પ્રત્યેક રાષ્ટ્રનું લક્ષ્ય છે. તેમાં તેના સભ્યોનું અને તેનું પોતાનું કલ્યાણ છે અને તેમાં માનવતાનું પણ કલ્યાણ છે. આ રીતે શ્રીઅરવિંદની માનવીના ઉજ્જવળ ભવિષ્યમાં શ્રદ્ધા છે. તે શ્રદ્ધા કોઈ બૌદ્ધિક દર્શન કે તર્ક પર આધારિત નહોતી બલ્કે, તે આધ્યાત્મિક અનુભવ પર આધારિત છે કે, વિશ્વમાં બધે વ્યક્તિગત અને સામૂહિક જીવનના મૂળમાં એક જ પરમ શક્તિ નિયમ છે. તે પરમ શક્તિ આધ્યાત્મિક છે. એટલા માટે આધ્યાત્મિક રાષ્ટ્રોનો વિકાસ અને અંતમાં આધ્યાત્મિક માનવતાની સ્થાપના તેનું લક્ષ્ય છે.

આધ્યાત્મિક રાષ્ટ્ર કયાં તત્ત્વોથી બને છે, તે જણાવતાં તેઓએ કહ્યું છે કે રાષ્ટ્રીયતા એક સામાન્ય રુચિ, સામાન્ય ભાષા, સામાન્ય સંસ્કૃતિ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અને આ બધાને લઈને બનેલ એક સામાન્ય વિચાર, એક મનોવૈજ્ઞાનિક એકતા પર આધારિત હોય છે, જે રાષ્ટ્રીયતાના વિચારમાં અભિવ્યક્ત થાય છે.

શ્રીઅરવિંદ કહે છે કે કોઈ સમાજનો વિકાસ ત્યારે થઈ શકે છે, જ્યારે તેની સામે માનવએકતાનો આદર્શ હોય. શ્રીઅરવિંદે આધ્યાત્મિક સમાજના વિકાસમાં જે આવશ્યક તત્ત્વ માન્યાં છે, એ જ માનવએકતાના વિકાસમાં આવશ્યક છે. શ્રીઅરવિંદે લખ્યું પણ છે કે આદર્શ સમાજ કે આદર્શ રાજ્ય એ હોય છે, જેમાં પૂર્ણતા માટે એની વ્યક્તિગત સ્વાધીનતા અને સ્વતંત્ર વિકાસને પણ એટલું મહત્ત્વ અપાય છે, જેટલું કે સમૂહ, સમાજ કે રાષ્ટ્રને અપાય છે. આ રીતે સમસ્ત માનવજાતના આદર્શ સમુદાય, આંતરરાષ્ટ્રીય સમાજ કે રાજ્યમાં પણ રાષ્ટ્રીય સ્વાધીનતા તથા આત્મ ચરિતાર્થતાને માનવજાતની એકતા અને સંયુક્ત પ્રગતિ અને પૂર્ણતાની સાથે ઉત્તરોત્તર સંગતિ પ્રાપ્ત કરતા જવી જોઈએ.


જોકે વર્તમાન પરિસ્થિતિઓને જોતાં માનવજાતની એકરૂપતા અત્યંત કઠિન દેખાય છે અને શ્રીઅરવિંદ તે જાણતા હતા. પરંતુ, તેમ છતાં તેઓએ એમ લખ્યું છે કે જે રીતે નાનાં-નાનાં રાષ્ટ્રોને લઈને આજે સંસારમાં મોટાં રાષ્ટ્ર બની શક્યાં છે, એ રીતે ભવિષ્યમાં માનવજાતની એકતાનો આદર્શ સ્થાપિત કરી શકાય છે. તેના માટે વધારે પ્રયાસની આવશ્યકતા છે. માનવીની સ્વાધીનતાનો તેનાથી વિકાસ થાય છે. માનવતાનો પણ એ જ ધર્મ છે. શ્રીઅરવિંદે લખ્યું પણ છે કે એકતા, ભલે તે પ્રાપ્ત થઈ પણ જાય, માત્ર ત્યારે સુનિશ્ચિત થઈ શકે છે, જ્યારે માનવતાનો ધર્મ જે માનવજીવનનો આદર્શ છે, તે આધ્યાત્મિક રૂપ ધારણ કરી લે.

વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રનાં આ પાસાંઓ પર શ્રીઅરવિંદના આ વિચારોથી એમ લાગે છે કે શ્રીઅરવિંદ મૂળે આધ્યાત્મિક જ છે અને સામાજિક અને રાજકીય સમસ્યાઓને ઉકેલવામાં પણ તેઓએ પોતાની દૃષ્ટિ પ્રકૃતિના અંતરંગ ઉદ્દેશ પર જ રાખી છે. શ્રીઅરવિંદની આ જ વિચારધારા તેમને આધ્યાત્મિક અને માનવએકતાના અગ્રદૂત બનાવી દે છે.

❋

## અન્ય ભાવી વિચારકો સાથે તુલના

ગાંધીજી અને શ્રીઅરવિંદ દ્વારા ભાવી સમાજની જે અવધારણા વ્યક્ત કરાઈ છે, તેનું કેટલાય રાજકીય વિચારકોએ સમર્થન કર્યું છે, તો કેટલાક વિચારકોએ ખંડન પણ કર્યું છે.



### રવીન્દ્રનાથ ટાગોરના વિચારો સાથે તુલના

રવીન્દ્રનાથ ટાગોર એક રાજનીતિક દાર્શનિક ન હોઈ મૂળે એક કવિ છે, પરંતુ તેમ છતાં પણ તેઓએ માનવીની રાજનૈતિક સ્વતંત્રતાની વ્યાખ્યા આધ્યાત્મિક દૃષ્ટિકોણથી કરી છે. તેઓએ એક ભાવી આધ્યાત્મિક સમાજનું પણ ચિત્ર રજૂ કર્યું છે. તેમાં તેઓએ 'વિશ્વ માનવ'ની કલ્પના કરી છે. તેમના ભાવી સામજની અવધારણા ગાંધીજી અને શ્રીઅરવિંદના વિચારો સાથે સમાનતા ધરાવે છે. રાજનીતિક સ્વતંત્રતાના દ્રષ્ટાના રૂપમાં તેમનું વિશેષ માન-સમ્માન છે.

ટાગોરના વિચારોના તાર્કિક વિવેચનમાં એક મોટી મુશ્કેલી છે, કેમ કે ખરેખર તે એક કવિના વિચાર છે જેને કોઈ બીબામાં ઢાળી શકાતા નથી. ટાગોરે ખુદ કહ્યું છે કે જીવંત વિચારોને કોઈ પણ શાસ્ત્રીય કે તાર્કિક વ્યવસ્થામાં નથી બાંધી શકાતા. ટાગોરને માટે સત્ય અને ઈશ્વર એક જ વસ્તુનું નામ છે. અધ્યાત્મશાસ્ત્ર સત્ય શોધે છે. વિજ્ઞાન તથ્યોની શોધ કરે છે. દર્શનની શોધ સદ્‌વસ્તુ બધે પ્રવર્તમાન છે, ભલે તે અભિવ્યક્ત ન થાય. તે માનવજીવનનાં બધાં પાસાંઓ સાથે સંબંધિત છે. ટાગોરે અનેક જગ્યાએ કહ્યું છે કે બધું નિરપેક્ષ સત્‌ની જ અભિવ્યક્તિ છે. તેઓ ગીતાંજલિમાં કહે છે કે 'તમે જ આકાશ છો અને તમે જ પક્ષીનો માળો પણ છો.'

ટાગોરની વિચારધારા ઈશ્વરવાદી છે. ઈશ્વર કે પરમ સત્‌ની ધારણાનું વિવેચન કરતા તેઓએ પોતાની ચારે બાજુના જીવનમાંથી ઉદાહરણ આપ્યાં છે. પ્રકૃતિમાં ચારે બાજુ નિયમિતતા જોઈને માનવીના મનમાં એવો વિચાર ઊઠે છે કે અવશ્ય જ કોઈ શક્તિ છે જે તને ચલાવી રહી છે. તે શક્તિ મનુષ્ય નથી, કેમ કે માનવજીવન અત્યંત સીમિત અને દુર્બળ છે. તે ચક્ર ભૂતકાળથી ચાલતું આવે છે. માનવીના ઇતિહાસમાં પ્રાચીનકાળથી તેનો ઉલ્લેખ મળે છે. તે શક્તિ ઈશ્વર છે. તેને માન્યા વિના જગતની નિયમિતતાની વ્યાખ્યા નથી થઈ શકતી. ટાગોરના ઈશ્વર એક બાજુ પ્રકૃતિ અને બીજી તરફ માનવી બંને સાથે સંબંધિત છે. ઈશ્વર પરમ પુરુષ છે. તે એકાત્મ પૂર્ણતા છે. તેમાં પ્રકૃતિ અને મનુષ્ય બંને છે. ઈશ્વર સદા મનુષ્યોમાં રહે છે. આ પ્રકારના વિચાર ટાગોરની 'ગીતાંજલિ'માં વાંચવા મળે છે. તેમનું કહેવું હતું કે જો ઈશ્વરને શોધવા હોય તો ગરીબો, નિઃસહાયો, અનાથો અને વંચિતોમાં શોધો, તે સદા તેઓની સાથે રહે છે.

ટાગોરે ઈશ્વરને વ્યક્તિત્વપૂર્ણ માન્યા છે અને તેઓએ માનવીનું લક્ષ્ય નિમ્ન વ્યક્તિત્વને ખોઈને ઉચ્ચ વ્યક્તિત્વને પ્રાપ્ત કરવા માન્યું છે. આ જ આત્મસાક્ષાત્કાર માટે આત્મ-ત્યાગ કહેવાય છે. એને જ ખ્રિસ્તી સંતોએ 'જીવવા માટે લડવું' કહ્યું છે. માનવવાદી હોવાને લીધે ટાગોરે માનવીને સૃષ્ટિનું સર્વશ્રેષ્ઠ પ્રાણી માન્યું છે. સંસારમાં અસંખ્ય વ્યક્તિ છે, એ બધામાં ઈશ્વર વિદ્યમાન છે. આ રીતે પ્રત્યેક વ્યક્તિ એ પરમ પુરુષની અભિવ્યક્તિનું કેન્દ્ર છે. અંતમાં એ બધા પરમ પુરુષમાં મળીને એક થઈ જાય છે. આ પરમ પુરુષમાં પરમ વ્યક્તિત્વ છે. આ રીતે રવીન્દ્રનાથ માનવ અને ઈશ્વર બંનેમાં વ્યક્તિત્વ માને છે અને માનવ વ્યક્તિત્વને દૈવી વ્યક્તિત્વની અભિવ્યક્તિ માને છે. તે અભિવ્યક્તિને વધુ ને વધુ પ્રાપ્ત કરવી એ જ માનવીનું લક્ષ્ય છે. આ રીતે ઈશ્વર પરમ પુરુષ છે. તે પૂર્ણ પુરુષ છે, જ્યારે માનવી અપૂર્ણ છે. ઈશ્વર



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

જગતને ચલાવે છે અને અનેક રૂપ ધારણ કરે છે. ઈશ્વરમાં માનવીય ગુણોની પરાકાષ્ઠા મળે છે.

રવીન્દ્રનાથની ઈશ્વર અંગેની ઉપરોક્ત ધારણાથી સ્પષ્ટ થાય છે કે તેઓએ ધર્મને માનવી માટે મહત્ત્વપૂર્ણ માન્યો છે. ધર્મથી જ મનુષ્યને સત્ય અને ઈશ્વરની પ્રાપ્તિ થાય છે. તેમણે લખ્યું પણ છે કે ધર્મ સ્વયંને માનવતા પર કેન્દ્રિત કરે છે, જેનાથી આપણા વિવેકને પ્રકાશ મળે છે અને આપણી બુદ્ધિનો વિકાસ થાય છે.

ધાર્મિક વ્યક્તિ હોવા છતાં પણ ટાગોરે ભૌતિક જગતને મહત્ત્વપૂર્ણ માન્યું છે. તેઓએ લખ્યું છે કે આપણે બે જગતના નિવાસી છીએ. આપણે આ પૃથ્વી પર રહીએ છીએ, પરંતુ બીજી તરફ આપણે ઈશ્વરમાં પણ રહીએ છીએ, એક છેડા પર આપણે અસીમ છીએ અને બીજા છેડા પર સીમિત.

કવિ હોવાના કારણે ટાગોરે પોતાના દર્શનમાં માનવ અને પ્રકૃતિના સંબંધની વ્યાખ્યા અત્યંત વ્યાપક રૂપે કરી છે. માનવ અને પ્રકૃતિમાં તેઓએ ઘનિષ્ઠ સંબંધ માન્યો છે. પ્રકૃતિ અને મનુષ્ય સાથી છે. પ્રકૃતિથી હટી માનવી જીવનમાં આનંદ નથી પામી શકતો. માનવી જન્મથી જ પ્રકૃતિના સંપર્કમાં આવે છે. પ્રકૃતિથી માનવીની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક - બધા પ્રકારની જરૂરિયાતોની પૂર્તિ થાય છે. પ્રકૃતિ અને માનવીનો સંબંધ એકાંગી નહીં, પરસ્પર છે. આપણી મોટા ભાગની સમસ્યાઓ ત્યારે પેદા થાય છે, જ્યારે આપણે પોતાને વિશ્વથી અલગ કરી આપણા વિષયમાં વિચારીએ છીએ. જો આપણે વિશ્વના એક પ્રાણીના રૂપે વિચારીએ તો આપણી મોટાભાગની સમસ્યાઓ ઉકેલાઈ જશે. જો માનવી માનવતાના એક અંગના રૂપે વિચારે તો તેને અતિ અધિક આનંદ પ્રાપ્ત થશે.

ખરેખર રવીન્દ્રનાથ ટાગોરના મત અનુસાર માનવીનું લક્ષ્ય વિશ્વ-આત્માનો વિકાસ કરવો છે. તે વિશ્વઆત્મા જ વ્યક્તિ અને સમૂહનો સાર છે. એટલા માટે વ્યક્તિ અને સમૂહના હિત પરસ્પર નિર્ભર છે. ટાગોરે અધિકારોના સંદેશનું પ્રતિપાદન કર્યું. તેઓએ લખ્યું છે કે સાચી માનવપ્રગતિ સહાનુભૂતિના ક્ષેત્રમાં વિસ્તૃત રીતે થાય છે. આપણાં બધાં કાવ્ય, દર્શન, વિજ્ઞાન, કલા અને ધર્મ આપણને એ વાતમાં મદદ કરે છે કે આપણે આપણી ચેતનાના લક્ષ્યને વધારે ઉચ્ચ અને વિશાળ ક્ષેત્રો તરફ વિસ્તૃત કરીએ. માનવીના અધિકારોનું ક્ષેત્ર એટલું જ વિસ્તૃત હોય છે, જેટલું કે તે સ્વયં છે. સ્વામી વિવેકાનંદની જેમ રવીન્દ્રનાથ ટાગોરે પણ એ વાત પર ભાર મૂક્યો છે કે અધિકારોની પ્રાપ્તિને માટે વ્યક્તિ અને સમૂહ બંનેએ શક્તિનો સંગ્રહ કરવો જોઈએ. પરાધીનતાથી ઉત્પન્ન અપમાનને સહન કરી લેવાથી માનવી કમજોર બની જાય છે. એટલે ટાગોર એમ ઇચ્છતા હતા કે ભારતના શોષિત અને દલિત લોકો પોતાના પુનરોદ્ધારને માટે નૈતિક શક્તિનો સંગ્રહ કરે અને નિરંકુશ શક્તિની સામે ઝૂકવાનો ઇન્કાર કરી દે.

ગાંધીજી અને શ્રીઅરવિંદની માફક ટાગોરે માનવીના આધ્યાત્મિક સ્વતંત્રતાના સિદ્ધાંતને સ્વીકાર્યો છે. તેમના મત અનુસાર આત્મ સાક્ષાત્કાર દ્વારા આત્માને પ્રજ્જવલિત કરવો એ જ સ્વતંત્રતાનો સાર છે. સહયોગ, કરુણા અને મેળ-મિલાપથી માનવીની શક્તિઓનો વિકાસ થાય છે અને માનવી વિશ્વમાનવને પ્રાપ્ત કરે છે. વિશ્વમાનવમાં આ બધું જ છે જે માનવીએ આજ સુધી મેળવ્યું છે અને સાથે માનવીના ભવિષ્યની શક્યતાઓ પણ છે. આ વિશ્વમાનવ પૂર્ણ છે. સાથે તે ગતિઆત્મક અને પરિવર્તનશીલ પણ છે. જગત આ જ વિશ્વ-માનવીની અભિવ્યક્તિ છે. માનવીનો વિકાસ આ જ વિશ્વ-માનવ વિકાસની સાથે જોડાયેલો છે. તેના પ્રભાવને કોઈ નથી રોકી શકતું. માકર્સ અને શ્રીઅરવિંદની માફક ટાગોર પણ એમ માને છે કે કાળનો પ્રવાહ અનંત અને માનવીનું લક્ષ્ય આત્મસાક્ષાત્કાર છે. વિશ્વાત્માનો સાક્ષાત્કાર જ સાચો આત્મ-સાક્ષાત્કાર છે, કેમ કે વિશ્વાત્મા જ આપણો ખરો અંતરાત્મા છે. માનવીનું લક્ષ્ય એ મહામાનવ સુધી પહોંચવાનું છે જે સૌથી ઉપર છે. પ્રકૃતિનો વિકાસ ચેતન કે અચેતન રૂપમાં આપણને તે તરફ લઈ જઈ રહ્યો છે. પ્રાચીન ભારતીય દર્શન અનુસાર જ ટાગોરે માનવ-આત્માને સર્વોચ્ચ સત્તા માની છે. આત્મા અને બ્રહ્મને એક માનતા બ્રહ્મ સાક્ષાત્કારને માનવીનું લક્ષ્ય માન્યું છે. સ્વતંત્રતાની ઉપલબ્ધિનાં બે જ સાધન તેઓએ બતાવ્યાં છે. - બધાં પ્રાણીઓની વ્યાપક આત્મ-નિર્ભરતાને સમજી લેવી અને પરમાત્માની શાશ્વત સર્જનાત્મકતાનો નિષ્કામ ભાવથી સાક્ષાત્કાર કરી લેવો. 'ગીતાંજલિ' માં તેઓએ કહ્યું છે -

*જ્યાં મનમાં નિર્ભયતા અને મસ્તિષ્ક ઊંચું છે,*
*જ્યાં જ્ઞાન પર પ્રતિબંધ નથી,*
*જ્યાં સંસાર સંકુચિત ઘરેલુ,*
*દીવાલોથી ખંડ-ખંડ નથી થયો,*
*જ્યાં શબ્દોનું નિસ્તરણ માત્ર*
*સત્યના ગહન સ્રોતથી થાય છે,*
*જ્યાં અથાક ઉદ્યમ પૂર્ણતાના*
*આલિંગન માટે ભુજાઓ ફેલાવે છે,*
*જ્યાં બુદ્ધિની નિર્મળ જળધારા નિર્જીવ ટેવના*
*સૂકા રણની રેતાળ જમીનમાં*
*લુપ્ત નથી થઈ ગઈ,*
*જ્યાં તમે મનને નિરંતર વિસ્તૃત થનાર*
*ચિંતન અને કર્મની તરફ પ્રેરિત કરો છો,*
*હે પરમપિતા ! એ સ્વતંત્રતાના દિવ્ય*
*લોકમાં મારો દેશ જાગૃત થાય.*

આ રીતે રવીન્દ્રનાથ ટાગોરે પોતાના વિચારોમાં માનવ-પ્રકૃતિમાં આસ્થા અને પ્રકૃતિ તેમજ સમાજના વિકાસ ઉપર વિશેષ ભાર મૂક્યો છે. તેઓ વ્યવહારવાદીની જેમ એવાં તથ્યોની શોધ પણ કરે છે, જેને વ્યક્તિ અને સમાજ બંનેના જીવનમાં અપનાવી શકાય છે અને જે વ્યાવહારિક જીવનમાં ખરા ઊતર્યા છે. તેઓએ ગાંધીજી અને શ્રીઅરવિંદની જેમ એક વિશ્વ-માનવની કલ્પના કરી છે, જેમાં સમગ્ર

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org


# ફૂલ શા મૃદુ સરદાર

**ખૂ**બ નાનપણમાં સરદારના ખોળામાં રમતો એટલે સૌ પ્રથમ એમને મેં ક્યારે જોયેલા તે યાદ નથી. ત્યાર બાદનું સ્મરણ છે – એમના ડ્રોઈંગ રૂમમાં એમના પૌત્ર બિપિનભાઈ, હું અને સરદાર ત્રણે ઘણી ધમાચકડી મચાવતા અને અમારા એ યુદ્ધમાં રૂમમાંના બધા તકિયા છૂટથી એકબીજા સામે જોરજોરથી ફંગોળતા. સરદાર એટલે દેશનાં અનેક રાજ્યોને ભારત સંઘમાં ભેળવી દેનારા લોખંડી પુરુષ, એવું જ ચિત્ર ઘણાનાં મનમાં હશે. પણ મારે તમારી સાથે કુટુંબવત્સલ, સ્નેહ વરસાવનારા, વિનોદ અને ટીખળ કરનારા સરદારને પણ રજૂ કરવા છે તેથી ઉપલું સંસ્મરણ મેં તમારી સામે રજૂ કર્યું. વજ્રથીયે કઠોર એવા સરદારને તો ઇતિહાસ રજૂ કરશે જ, પણ ફૂલથીયે મૃદુ એવા સરદારને આજે રજૂ કરવાની ઇચ્છા છે.

બીમારી પછી બાપુ પૂનામાં પ્રાકૃતિક ચિકિત્સા કેન્દ્રમાં આરામ કરતા હતા ત્યારે બાપુના રસાલામાંથી એક છોકરી અચાનક ક્યાંક ચાલી ગઈ. હોહા મચી ગઈ. બાપુએ સુશીલાબેન અને મને એ છોકરીને શોધી કાઢવાનું સોંપ્યું. ''તમે બે જણ જઈને ગમે તેમ કરીને એ છોકરીને શોધી લાવો.'' હું તે વખતે ઓગણીસેક વર્ષની ઉંમરનો. તારુણ્યમાં તાજા જ પ્રવેશની એ ઉંમર, હવે એને અમે કયાં શોધવા જઈએ ! સદ્ભાગ્યે અમે તપાસ કરવા પહોંચ્યા ત્યાં જ એ બહેન મળી ગઈ. અમે એને લઈને આવ્યા, પણ માનવસહજ રડારોળ અને અંદર અંદર ઘૂસપૂસ ચાલી – ''કેમ નાસી ગઈ ? શું થઈ ગયું ? આ લોકો રાતોરાત કેમ નીકળ્યા ? શી રીતે લઈ આવ્યા ?'' બાપુએ તો ટ્રેનની ટિકિટ ખરીદી લાવવાનું કામ સોંપતા હોય એ રીતે એ બહેનને શોધી લાવવાનું કામ અમારા પર નાખી દીધું હતું. પણ મારા કુમળા મન પર સારો એવો બોજો પડે એવો એ વિષય હતો.

આખો દિવસ વાતાવરણ તંગ રહ્યું. રડવા કકળવાનું ચાલ્યું અને અંતે પત્યું. બધું શાંત થઈ ગયા પછી સરદારે મને એકલાને એક બાજુ બોલાવીને પૂછ્યું : આ મામલાનો તારા માથા પર બોજો તો નથી ને? મેં કહ્યું, ના, ના, મારા માથા પર કોઈ ખાસ બોજો નથી. એટલે એમણે કહ્યું ઠીક છે, પણ જો, તને કહી રાખું છું કે જો કોઈ વાર માથા પર બોજો લાગે તો તારે મારી પાસે પહોંચી જવું. પિતાજી તે પહેલાં ગુજરી ચૂકેલા. એ ઉંમરે ચિત્તની નાજુક સ્થિતિ સ્વાભાવિક હોય જ. ત્યારે બાપુએ આ એક મનોવૈજ્ઞાનિક બોજ મારા પર નાખી દીધો હતો. એ વાત સરદાર તરત કળી ગયા. એટલે, ''મહાદેવ નથી તો શું થયું, અમે ફિકર કરનારા બેઠા છીએ ને ! અમે તારી પડખે છીએ. તું ફિકર ના કરતો !'' આવા પિતૃવત્સલ ભાવથી એમણે મને ધરપત આપવી જરૂરી માની અને આપી.

ગુજરાતમાં પિતાશ્રીની યાદમાં 'મહાદેવ દેસાઈ સ્મારક નિધિ' ઊભો થયેલો. એ નિધિની યોજનામાં ગ્રામસેવા માટે કાર્યકર્તાઓને રાખવાના હતા. મેં અને મોહન પરીખે એમાં જોડાવા ઇચ્છા વ્યક્ત કરી. અને એ નિધિમાંથી નિર્વાહ જોગા પૈસા લેવાની પણ અમારી તૈયારી હતી.



સરદાર એ નિધિના પ્રમુખ હતા. હવે કોઈ પણ નિધિ હોય તો તેના નિયમો તો હોય જ. અમે એકેય નિયમને માનવા તૈયાર નહીં. સરદારે અમને નિયમની વાત કરી. અમે એ નિયમો માનવાની અમારી અનિચ્છા સાફ જાહેર કરી. છેવટે ફેંસલો નીકળ્યો કે આ બંનેને કામ પર કામચલાઉ રાખવા. એક વર્ષ પછી ફરી વિચારવું. વર્ષ બાદ ફરીથી એ જ નિયમો બતાવી અમને પૂછવામાં આવ્યું કે જો આ પ્રમાણે દસ વર્ષ સુધી ટ્રસ્ટનું કામ કરવા બંધાતા હો તો તમને નિર્વાહના રૂ. ૧૦ કે ૧૦૦ જે મળતા હશે તે આપવામાં આવશે. અમે કહ્યું કે આખી જિંદગી સેવા કરવાની વાત હોય તો તો અમે તે લખી આપવા તૈયાર છીએ. પણ ટ્રસ્ટ સાથે બંધાઈને કામ કરવાની બાંહેધરી આપવાની હોય તો એક દિવસ માટે પણ લખી આપવા તૈયાર નથી.

ટ્રસ્ટે વિચાર કરીને નક્કી કર્યું કે આ મહાદેવ દેસાઈ અને નરહરિ પરીખના દીકરા હોય તેથી શું ? નિયમ બાબત અપવાદ કરી ન શકાય. સરદાર પણ શિસ્તને જાણનાર અને માનનાર. એટલે એમણે બીજા સભ્યોના મનનો સંકોચ દૂર કરતાં કહ્યું, ''ઠરાવ કરો કે એમની સેવાઓ પૂરી થાય છે અને હવે એમને ફરી કામચલાઉ સેવા પર નથી લેવાના.'' સરદારે પોતે જ ઠરાવ લખાવરાવ્યો. પણ એ ઠરાવની નકલ અમને પહોંચે તે પહેલાં જ અમને એક બીજી સૂચના મળી : 'તમારા બંનેની આર્થિક વ્યવસ્થા થઈ ચૂકી છે.' અમારી આર્થિક વ્યવસ્થા કપાઈ ગઈ છે એ સમાચારનો ધક્કો અમારા મનને લાગે તે પહેલાં જ એમણે વ્યવસ્થા થઈ ગઈ હોવાની સૂચના પહોંચાડી દીધી. ''ટ્રસ્ટના નિયમો સાથે મેળ ન બેસતો હોય તો ટ્રસ્ટમાંથી ભલે નીકળી જાય, પણ છોકરાઓને જોવાની જવાબદારી તો મારી છે જ'' આવા ભાવમાંથી એમણે એ ગોઠવણ કરી નાંખી હતી.

નાયબ વડા પ્રધાન હતા ત્યારે એક વાર બારડોલી આવેલા. અમે એ દિવસોમાં વેડછી આશ્રમમાં આદિવાસીઓનાં બાળકોને પ્રાથમિક શાળામાં ભણાવવાનું શરૂ કરેલું. અમારા બંનેના પિતા – મહાદેવ દેસાઈ અને નરહરિ પરીખ સરદારના પ્રિય સાથીઓ હતા. એટલે સ્વાભાવિક વત્સલતાના પ્રેર્યા એમણે અમને બોલાવી મંગાવ્યા અને પૂછ્યું, ''તમે લોકો જે કામ કરો છો તે અંગે તમને સંતોષ છે ?'' અમારા બેમાંથી આવે પ્રસંગે મોટે ભાગે હું જ જવાબ વાળતો. મેં કહ્યું, ''સંપૂર્ણ.'' એક વાક્યનો સવાલ અને એક શબ્દનો જવાબ. પૂરી વાત એમની સમજમાં આવી ગઈ. એક જ શબ્દમાંથી આખી વાતનો ક્યાસ એમણે કાઢી લીધો. કામ કરનારાઓને ''સંપૂર્ણ'' સંતોષ છે એટલે ત્યાંનું કામ જોવા જેવું હશે જ. નાયબ વડાપ્રધાન અને સાથે સાથે માહિતી અને બ્રોડકાસ્ટિંગ ખાતાના પ્રધાન હોવાથી ફિલ્મ લેનારી પાર્ટી પણ સાથે હતી, એને એમણે આદેશ આપ્યો કે આ બે જણા કામ કરે છે તેની



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ફિલ્મ લો. આમ જરા અમસ્તી વાતમાંથી પૂરું તારણ કાઢી લઈ એના પર તરત અમલ કરવો એ સરદારને સહજ હતું.

સરદારની સાથે એમના મંત્રી તરીકે એક આઈ.સી.એસ. ઑફિસર શ્રી શંકરન્ આવેલા. બહુ વિદ્વાન અને વહીવટ-કુશળ. વહીવટ તો આઈ.સી.એસ. ઑફિસરો જ ચલાવી જાણે એવું તે દિવસોમાં મનાતું. પણ એમને જ્યારે સરદાર સાથે પનારો પડ્યો ત્યારે જ એમણે જાણ્યું કે ના ભાઈ, આઈ.સી.એસ. ઑફિસરોને પણ ચલાવી જાણે એવો આ માણસ છે. બસ, ત્યારથી શંકરન્ સરદારના ભક્ત થઈ ગયા. સરદારના બારડોલીના બંગલામાં અમે બેઠા હતા. અમે શંકરન્‌ને કહી દીધું કે અમારી મુલાકાત (પેલું એક વાક્ય ને એક શબ્દવાળી) પતી ગઈ છે, પરંતુ અમે અહીં બેઠા બેઠા જોયા કરશું.

નાયબ વડા પ્રધાન એટલે જ્યાં જાય ત્યાં પાછળ ટપાલના થોકડા ને થોકડા ચાલ્યા જ આવે. સમય બચાવવા શંકરન્ આખો કાગળ ન વાંચે, સાર કહે અને એનો જવાબ શું લખવો તેની સૂચના સરદાર આપે. તડાતડ તડાતડ, આનો આ જવાબ લખજો, પેલાને આ જવાબ લખજો એમ થોડી વારમાં કામ પતાવી નાખ્યું. બધા કાગળનો નિકાલ થઈ ગયો, પણ શંકરને એક કાગળ, જરા વિચાર કરીને જવાબ લખવો પડશે એમ માનીને સૌથી છેલ્લો રાખી મૂકેલો. સરદારને પણ જવાબ વિચારતાં એકાદ મિનિટ લાગી એટલે અમારી જિજ્ઞાસા કાગળ અને એના જવાબ વિષે ઉત્તેજિત થઈ ઊઠી હતી. વાત એમ હતી કે વડા પ્રધાને નાયબ વડા પ્રધાનને કાગળ લખ્યો હતો. એમણે લખ્યું હતું : 'મેં ઠરાવ્યું છે કે આપણા ઑફિસરો માટે કોઈ ગણવેશ હોવો જોઈએ. એ ગણવેશ પણ મેં નક્કી કરી નાખ્યો છે – ચૂડીદાર પાયજામો અને શેરવાની : કાળા રંગની શેરવાની અને સફેદ અચકન-ચૂડીદાર પાયજામો ઉપર સફેદ ટોપી. આ હોય અથવા પશ્ચિમની ઢબનો સૂટ. આ અંગે મારા વિદેશ મંત્રાલયમાં તો મેં સૂચના આપી જ દીધી છે, તમારા ગૃહ-મંત્રાલયમાં પણ આ અંગે સૂચના આપી દો.' આવો મતલબનો એ કાગળ હતો. તે વખતે બંને જણ વચ્ચે મતભેદ તો ચાલતા જ હતા, તેમાં આ તો પ્રત્યક્ષ વહેવારનો સવાલ ! ગૂંચ પડશે એમ જાણીને શંકરને આ કાગળ છેલ્લો રાખેલો. સરદાર થોડી વાર શાંત બેસી રહ્યા પછી કહે, 'હું પોતે તો ચૂડીદાર પાયજામો, શેરવાની કે સૂટ પહેરતો નથી. ધોતિયું પહેરું છું. પછી મંત્રાલયના માણસોને શી રીતે આદેશ આપું ?' પછી ખડખડાટ હસી પડ્યા. શું કહે છે તે સાંભળવા શંકરન્ અને અમે આતુર થઈ ઊઠ્યા. સરદારે કહ્યું ''રિફર-ઇટ ટુ ધ ગવર્નર જનરલ'' – ગવર્નર જનરલને એ વિષે પૂછો. એ વખતે ગવર્નર જનરલ રાજાજી હતો. અને એ પણ ધોતિયું પહેરનારા. એટલે ઉકેલ રાજાજીને માથે પહેરાવી એ ખૂબ ખડખડાટ હસ્યા.

રાજાજીની બુદ્ધિ વિષે સરદારને ઘણું માન હતું. અને એમની બુદ્ધિનો એમને અનુભવ હતો. ઘણાં વર્ષ પરની વાત છે. કોંગ્રેસમાં એક બાજુ ગાંધીજી અને બીજી બાજુ સરદાર તથા રાજાજી એવા મતભેદ થયેલા. બીજા વિશ્વયુદ્ધમાં કોંગ્રેસે શું ભૂમિકા રાખવી, અને મુસ્લિમ લીગ સાથેનો સંવાદ – આ બે મુદ્દા હતા. ગુજરાત કોંગ્રેસ કમિટીનો અભિપ્રાય લેવામાં આવ્યો ત્યારે ગાંધીજીની તરફેણમાં પાંચ મત અને વિરુદ્ધમાં સો મત પડ્યા. પેલા પાંચ મત પૈકી એક મત નરહરિભાઈનો હતો. એમણે પાછળથી પેલા સો જણમાંથી કોઈકને પૂછ્યું, ''તમે લોકોએ નિર્ણય શી રીતે કર્યો હતો ?'' પેલાએ ભોળાભાવે જવાબ વાળ્યો, ''એ તો બહુ સહેલું છે. અમે મંચ તરફ જોતા હતા. પહેલેથી ઠરાવી લીધેલું કે સરદાર જે બાજુ હાથ ઊંચો કરે તે બાજુ અમારે કરવાનો.'' એટલે લોકશાહીમાં માથાં ગણવાં – પછી ભલેને એ ભરેલાં હોય કે ખાલી– એ આજની જ વાત છે એમ નથી, એ જમાનામાં પણ ચાલતું. પછી નરહરિભાઈએ પૂછ્યું કે, ''પણ આનો અર્થ તો એ થયો કે તમે સરદારની તરફેણમાં અને ગાંધીજીની વિરુદ્ધમાં મત આપ્યો એ તો સમજ્યા છો ને ?'' પેલા ભાઈ કહે, ''ના, ના, એવું તો અમે સમજ્યા નહોતા.'' આવી ભૂમિકા લોકોની હતી તેથી સરદાર મૂંઝાતા. એ પોતે સ્પષ્ટ સમજ સાથે ગાંધીજીથી જુદા અભિપ્રાય તરફ જઈ રહ્યા હતા.

તે દિવસોમાં સરદારને ટેકો આપનારામાં રાજાજી હતા, અને એ લોકો તરફથી બોલવાનું કામ પણ રાજાજી કરતા. સરદાર તે વખતે મુંબઈ રહે અને બાપુ સેવાગ્રામમાં રહેતા. સેવાગ્રામમાં તે વખતે ટેલીફોન હતો. મને યાદ છે કે કેટલાય દિવસો સુધી એક ક્રમ થઈ પડેલો. મુંબઈથી સરદારનો ટ્રંક કોલ હોય. ટ્રંક કોલ પર મહાદેવભાઈ સાથે સરદાર વાત કરે. અને સામાન્ય રીતે ત્રણ મિનિટનો ટ્રંક કોલ હોય છે, ત્રણ મિનિટમાં વાત પૂરી ન થાય તો છ મિનિટ સુધી વાત કરવા દે. પણ એથી વધારે વાત ન કરાય. મને બરાબર યાદ છે કે ત્રણ મિનિટમાં ક્યારેય વાત પતતી નહોતી, છ મિનિટ તો લાગી જ જતી. એ વાતમાં સરદારની મુખ્ય ચિંતા આ હતી, ''ડોસો શું કહે છે ?'' એટલે મહાદેવભાઈએ તૈયાર રાખવાનું – ''ગઈ કાલે તમારી સાથે વાત થયા બાદ ડોસાએ આ આ વાત કહી.'' ડોસો શું કહે છે એની ચિંતા બરાબર રહેતી. આ જ દિવસોમાં રાજાજી સેવાગ્રામ આવ્યા હતા. એમણે પૂછ્યું, ''મહાદેવ, સરદારને મારી પાછળ પાછળ રહેતા તમે કદી ભાળ્યા છે ? આજકાલ એ મને જ આગળ કરે છે.''

વાત સાચી હતી. સરદાર એમને આગળ ધરે જ ને ! આમનો-સામનો ''ડોસા'' સાથે હતો. અને અથડામણમાં રાજાજી બહુ કુશળ અને શૂરા પણ. એટલે એ કૂટાતા હોય તો ભલે ! વળી રાજાજીને બૌદ્ધિક દલીલોમાં હરાવવા અઘરું. ગાંધીજી એમને કહેતા, ''તમને બૌદ્ધિક દલીલથી સમજાવી શકું એવી તો મારી કોઈ આવડત નથી.'' એટલે દલીલબાજી તો રાજાજી માટે રાખે, પોતે તો કેવળ એટલી જ ચિંતા કરે : ''ડોસો શું કહે છે ?'' અંતે જ્યારે મતભેદ ખતમ થયો ત્યારે સરદારે જે રાહત અનુભવી છે એ તો એમને જેણે જોયા છે તે જ જાણે ! માથા પરથી જાણે મોટો મણિકો ઉતારી લીધો. હાશ, હવે પાછા આપણે ડોસાની સાથે થઈ ગયા ! આવી નિરાંતનો શ્વાસ એમણે લીધો. આમ એમના વ્યક્તિત્વને જોઈએ તો એમની કઠોરતાની પાછળ પડેલી કૂણી લાગણીઓના દર્શન અચૂક થશે. વળી શિસ્તના એમના આગ્રહમાં પોતાનો પણ શિસ્ત પાળવાનો આગ્રહ બરાબર રહેતો. મોટો મતભેદ હોય ત્યારની વાત જુદી, બાકી નાના



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મોટા મતભેદ વખતે તો એમણે શિસ્ત અને નિર્ણયનું મુખત્યારનામું ગાંધીજીને સોંપી દીધેલું, એ કહે તેમ કરવું. એવા કેટલાયે પ્રસંગો અમે જોયા છે કે જ્યારે, ''ભાઈ, અમારી શિસ્ત અમને એમ કહે છે,'' એમ કરીને બાપુની વાતને માની લેતા. અને આવે પ્રસંગે એમને ઘણું ખમી ખાવું પણ પડતું.

એમના સ્વભાવનું એક પાસું વ્યક્ત કરતો બીજો એક પ્રસંગ છે. હું કોઈ દિવસ નિશાળમાં ભણવા ગયો જ નથી. પણ એ દિવસોમાં એક વાર ચર્ચા ચાલી કે મારે ભણવા જવું. પિતાજીનો અભિપ્રાય હતો કે ''અમુક વિદ્યાલય ઠીક છે, નારાયણને જેવું જોઈએ છે તેવું જ છે.'' માટે એમાં મારે ભણવા જવું. હવે આમાં મારા પિતાજીનું ભોળપણ કે ભલાપણું વધારે હતું. એ કોઈ પણ વસ્તુને જુએ એટલે એમને એના ગુણ જ દેખાય. એવું જ આ વિદ્યાલયના બારામાં પણ થયેલું. પણ સરદારનો મત હતો કે મારે એમાં ભણવા ન જવું. છેવટે એમ ઠર્યું કે મારે એ વિદ્યાલય જાતે જોવું અને પોતાનો નિર્ણય આપવો. વિદ્યાલય જોવા માટે હું મુંબઈમાં રોકાઈ પડ્યો અને પિતાજી કામ અંગે દિલ્હી ચાલ્યા ગયા. હું વખત કાઢીને વિદ્યાલય જોવા નીકળ્યો હતો. જોઈને પાછો ફર્યો ત્યારે સરદાર પિતાજી સાથે 'દિલ્હી એમના પેલા છ મિનિટવાળા ટ્રંક કોલ પર વાત કરે. મેં સાંભળ્યું, ''હજી એ આવ્યો નથી.'' એટલામાં મને આવી પહોંચેલો જોઈ ટેલિફોન ચાલુ રાખીને જ મને પૂછ્યું, ''શું થયું ?'' મેં માથું ધુણાવી કહ્યું, ''મારે ત્યાં ભણવા નથી જવું.'' એટલે મને હાથમાં ટેલિફોન પકડાવી કહે ''લે વાત કર.'' મેં ટેલિફોન પર પિતાજીને કહ્યું, ''મેં નિશાળ જોઈ લીધી, મારે ત્યાં જવું નથી.'' ટેલિફોન પૂરો થતાં પહેલાં એમણે મારી પાસેથી લીધો અને એમની લાક્ષણિકતા મુજબ એક ટોણો મારી લીધો, ''મહાદેવ આ હું જે દોઢ વર્ષથી તમને કહેતો હતો અને તમને જે સમજાવતાં દોઢ વર્ષ લાગ્યું તે આ 'બાબલા'ને એક જ મિનિટમાં સમજાઈ ગયું.'' સરદારની આ પણ એક લાક્ષણિકતા હતી.

બારડોલીના સત્યાગ્રહના એ દિવસો હતા. હું નાનો હતો એટલે બહુ ઝાંખી ઝાંખી યાદ છે. એ યાદમાં પિતાજીએ લખેલા ''બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ''ની વાતો પણ ભળી ગઈ હશે. પણ એ નાનપણના સ્મરણમાં એક વાત બરાબર યાદ રહી ગઈ છે કે મેં આગ્રહ રાખેલો કે મારે બારડોલી જવું જ છે એનું કારણ આજે મને સમજાય છે. સરદાર રોજ મોટરમાં જાય અને ઠેકઠેકાણે સભા કરે, એમની સાથે મોટરમાં ફરવાનું સહજ જ મળે. જે મોટર હતી તે આજની તુલનામાં તો જૂના જમાનાની ગણાય, પણ જે હતી તે, મોટર હતી ! એમાં સરદારની સાથે જવાનું, સરદારને ઘણી બધી માળાઓ મળે તેમાંથી એકાદ અમારા ગળામાં પણ આવે.

બારડોલીના એ સત્યાગ્રહ વખતે ગાંધીજીએ એમને કહેલું, ''તમે તો સરદાર છો.'' આમ એ લડતમાં સરદાર સરદાર બન્યા. જે કુશળતાપૂર્વક એમણે એ લડત ચલાવી તેનાં લક્ષણો સમજવા જેવાં છે. એ જ લક્ષણોએ પાછળથી આટલાં બધાં દેશી રાજ્યોના એકીકરણમાં પણ કામ આપ્યું. એમાં જે મુખ્ય લક્ષણ હતું તે એ કે સરદારે લોકશક્તિને પારખી અને એને એમણે પ્રગટ કરી. આમ તો નવસારી, બીલીમોરા, બારડોલી બધાં પાસે પાસે. એ બધાંમાં કોઈ વિશેષ ફરક છે એમ પણ નથી. આમ છતાં બારડોલી એ બારડોલી શી રીતે બની શક્યું એ સમજવા જેવું છે. જે ભીડ હતી તેને સરદારે લોકમાં પલટી નાખી. ભીડ હતી તે લોક બન્યું અને તેથી જ બારડોલી બીજાં બધાં કરતાં વિશેષ બની ગયું. ભીડ અને લોક વચ્ચેનો ફરક સમજવા જેવો છે. જેને કોઈ ઉદ્દેશ ન હોય, જેને કોઈ શિસ્ત ન હોય, જેનામાં સહન કરવાની શક્તિ ન હોય તેનું નામ ભીડ. અને જેની પાસે પોતાનો ઉદ્દેશ છે, પોતાની શિસ્ત છે અને સહન કરવાની તત્પરતા અને તાકાત છે એનું નામ લોક. સરદારે બારડોલીની ભીડમાં શિસ્ત, શાંતિ, સહનશીલતા જેવી લોકશક્તિને પ્રગટાવી, બારડોલીને એક વ્યાપક ઉદ્દેશ સાથે જોડી આપ્યું - સ્વરાજનો ઉદ્દેશ.

સરદારે કેટલીક શિસ્તબદ્ધ નવી ટેકનિક આપી. ગામ ઉપર સરકાર તરફથી જડતી આવે ત્યારે ઝાડ પર બેઠેલો સંત્રી નગારું વગાડીને ગામને ચેતવી દે. તરત જ બધા પુરુષો ઘરમાંથી નીકળી ખેતરોમાં કે આમતેમ ચાલ્યા જાય. ઘરમાં કેવળ સ્ત્રીઓ જ રહે. એટલે જડતી થઈ ન શકે. ક્યારેક પુરુષોને પકડવા આવે ત્યારે પણ પુરુષો વિનાનું ગામ ખાલીખમ. બહાર જાહેરમાં જડતી કરવા આવે ત્યારે એકેએક ઘર અંદરથી બંધ મળે. છેવટે આખા ગામનાં ગામ હિજરત કરીને ચાલ્યાં જાય. આ રીતે બારડોલીની લડતે અહિંસક આંદોલનની કેટલીક નવી ટેકનિક આપી. આમાં બારડોલીએ કમાલ કરી છે. એ કાળે આવી રીતનાં કષ્ટો પહેલ વહેલી વાર સહન કરવાનાં આવ્યાં. એમાં ખેડૂતો, એમની સ્ત્રીઓ અને બાળકો ખરાં ઊતર્યાં, વીરની જેમ એમણે કષ્ટોને સહ્યાં. આમ સહિષ્ણુતા, શિસ્ત અને શાંતિ આ ત્રણ લોકશક્તિના સેનાપતિ - સરદાર તરીકે સરદાર આપણી સામે ઉપસ્થિત થયા.


સરદારમાં વહેવાર-કુશળતા હતી અને ઝીણવટ વિષેની એમની કાળજી તો અદ્ભુત હતી; ઝીણવટ ઝાઝી કરનારા ઘણી વાર વ્યાપક ઉદ્દેશને વિસરી જતા હોય છે. પણ સરદારમાં એવું નહોતું. આ એમની એક વિશેષતા હતી. એક દાખલો લઈએ. દિલ્હીના મારા એક ઓળખીતા ભાઈને સરદારની પ્રતિમા બનાવવી હતી. એમણે સરદારને કહ્યું કે મને રોજ થોડો સમય આપો તો તમારી રેખાઓનો અભ્યાસ કરી પ્રતિમા બનાવી શકું. સરદારે કહ્યું, ''સવારે દોઢ કલાક એવો હોય છે કે જ્યારે મારે બેસી રહેવાનું હોય છે. ત્યારે તું આવજે. ઓરડાના બિલકુલ ખૂણામાં બેઠા રહેવાનું ને પછી તારે જે રેખા જોવી હોય તે જોયા કરજે.'' પેલો ભાઈ રોજ સવારે દોઢ કલાક આવે, રેખાઓને નિહાળે અને એના સ્કેચ તૈયાર કરી માટીમાં ઉતારે. એ ભાઈએ મને કહી હતી તે વાત કહું છું. રોજ દોઢ કલાક દરમ્યાન ૮૦ થી ૧૬૦ સુધી માણસો એમને મળવા આવતા. એક પછી એક આવે. ''ક્યાંથી આવ્યા છો ?'' એટલે પેલો માણસ કહે, ''સિકંદરાબાદના ફલાણા ગામથી.'' ''ઓહો ! ત્યાં તો ફલાણોભાઈ રહે છે ને ! એમનું શું કહેવું છે ?'' આમ દેશના ગમે તે ખૂણાથી માણસ આવે, એમને માહિતી આપે. એ ઝીણી ઝીણી બધી જ માહિતી એમના ચિત્તમાં

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# માર્ક તુલી : પાદરીના સ્થાને પત્રકાર બન્યા




**૨૫** જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ બીબીસી પત્રકાર વિલિયમ માર્ક તુલી (Mark Tully) નું ૯૦ વર્ષની વયે દિલ્હીની હૉસ્પિટલમાં મૃત્યું થયું. ટી.વી.ના જમાના પહેલાં રેડિયો સમાચારમાં વિશ્વાસપાત્ર કોઈ નામ હોય તો તે માર્ક તુલીનું હતું.

તેમનો જન્મ ૨૪ ઑક્ટોબર-૧૯૩૫ના રોજ કલકત્તામાં થયો હતો. તેમની માતાનો જન્મ પણ બંગાળમાં. પિતા બ્રિટિશ વ્યાપારી હતા. તુલીના બાળપણનાં ૧૦ વર્ષ ભારતમાં વીત્યાં, ત્યારબાદ ઇંગ્લેન્ડ ભણવા ગયા. ત્યાં થિયોલોજીનો અભ્યાસ કરીને પાદરી બનવાની ઇચ્છા ધરાવતા હતા. ૧૯૬૪માં બીબીસી જોઈન્ટ કરી ૧૯૬૫માં ભારત પાછા આવ્યા. પાદરીના સ્થાને પત્રકાર બની ગયા.

શ્રી અરવિંદના પિતા કાળજી રાખતા હતા કે તેમના દીકરા પર ભારતીય રીતરસમોના સંસ્કાર ન પડે પણ તેમ છતાં તેઓ મહાયોગી બન્યા, ભારતીય તત્ત્વદર્શનનાં પુસ્તકો લખ્યાં. તુલી નાના હતા ત્યારે પિતાના ડ્રાઈવર સાથે હિન્દીમાં વાત કરતા પરિવારે તેમને રોક્યા. હિંદી તો ડ્રાઈવરોની ભાષા છે, આપણી નહીં. તુલી હિંદી સારી રીતે બોલી તેમજ લખી શકતા હતા. નાની ઉંમરે દુર્ગાપૂજા, કાર્તિક પૂર્ણિમા જેવા ઉત્સવો તેમણે જોયા હતા. તેમણે અવધી ભાષા પણ શીખી લીધી હતી.

બીબીસીમાં સતીશ જેકબ, કુરબાન અલી તેમના સહકાર્યકર્તા હતા. તેમણે કહ્યું, તુલી એક ઉત્સાહી પત્રકાર હતા. પરંતુ તેમની રજૂઆતમાં ધૈર્ય, શાંતિ દેખાતાં હતાં. આજના જમાનાનું ઘોંઘાટિયું પત્રકારત્વ તેમને પસંદ ન હતું. રાજદીપ સરદેસાઈના શબ્દોમાં તુલી સાચા પત્રકારત્વના પ્રણેતા હતા. તેઓ સનસનાટી નહીં, વિશ્વસનીયતાને મહત્ત્વ આપતા હતા. તેમણે ઘણી લોકચાહના મેળવી હતી. લોકો તેમને મિસ્ટર બી.બી.સી. તરીકે ઓળખતા હતા. તેમના જમાનાના પત્રકારત્વના સેલિબ્રિટી સમા તેઓ હતા. તેઓ સાહસિક પણ હતા. વર્ષ ૧૯૯૨માં બાબરી મસ્જિદ તોડવાનું કામ ચાલતું હતું ત્યારે તે કવરેજ કરવા ગયા હતા, ત્યારે તોડવાવાળા ઉશ્કેરાઈ ગયા હતા, 'તુલીને મારી નાંખો' તેવી બૂમો સંભળાતી હતી. ટોળાએ તુલીને એક રૂમમાં પૂરી દીધા હતા. સદ્‌નસીબે એક હિંદુ મહારાજે તેમને મુક્ત કર્યા હતા.

વર્ષ ૧૯૮૪-૩ ડિસેમ્બરના રોજ ૪૦ ટન મિથાઈલ આઈસોસાઈનેટ ગેસ વાતાવરણમાં લીક થયો, ૩૮૦૦ લોકો મૃત્યુ પામ્યા. તુલીને ખબર પડતાં ટ્રેઇન પકડી ભોપાલ પહોંચી ગયા. વિશ્વને તેના સામચાર પહોંચાડ્યા. ઘટનાનાં ૧૦ વર્ષ વીત્યા પછી પણ ઝેરી કચરાનો નિકાલ નહોતો થયો. અપંગ બાળકો જન્મતાં હતાં તેનું કવરેજ પણ તેમણે કર્યું હતું. Haridayesh Joshi તુલીના પ્રકૃતિ-પ્રેમની નોંધ લે છે. તુલી Hindustan Times માં તેમના લેખ દ્વારા ગ્લોબલ વોર્મિંગના પ્રશ્નને ઉજાગર કરે છે. તેઓ માને છે કે, આ પ્રશ્નને ઉકેલવા માટે ભારત વિશ્વગુરુનું સ્થાન લઈ શકે તેમ છે. ભારત પ્રકૃતિની પૂજા કરવામાં માને છે, તેને ઉપભોગની ચીજ બનાવવાની નથી. પશ્ચિમના દેશોમાં ઉપભોગવાદે માઝા મૂકી છે. જો ભારત તે માર્ગે ચાલશે તો ખોવાઈ જશે. તેઓ ગાંધીવાદી દષ્ટિકોણ અપનાવવાની વાત કરે છે. કુદરતે પાયાની જરૂરિયાત પૂરી કરવાની સગવડ આપી છે પરંતુ જો ઉપભોગવાદી વલણ દાખવી લોભી બની જશે તો તે માટેની સગવડ નથી. ભારતે પોતાની સંસ્કૃતિ ખોવાની નથી. તુલીએ મહત્ત્વની ઘટનાઓ સારી રીતે કવર કરી છે- ○ ૧૯૬૫ ભારત પાકિસ્તાન યુદ્ધ. ○ ભોપાલ ગેસ દુર્ઘટના (માનવતા સામે અપરાધ) ○ ઓપરેશન બ્લ્યુ સ્ટાર - સુવર્ણ મંદિર પર લશ્કરનું ઓપરેશન. ○ ઇન્દિરા ગાંધીને મારી નાંખવાની ઘટના. ○ રાજીવ ગાંધી હત્યા. ○ બાબરી મસ્જિદને તોડી પાડવાની ઘટના. ○ પાકિસ્તાનમાં ભુટ્ટોને ફાંસી આપવામાં આવેલ ઘટના.

તેમનાં મહત્ત્વનાં પ્રકાશનો : (1) Amritsar : Mrs Gandhi's Last Battle (2) No Full Stops in India. (3) India in Slow Motion (4) Non-Stop India (5) Up Country Tale (6) The Heart of India.

આ પત્રકારને કટોકટી દરમ્યાન સરકારે ભારત દેશ છોડીને જવા આદેશ આપ્યો હતો. કટોકટી પત્યા પછી તેઓ ભારત પાછા આવ્યા હતા. તેમને ૨૦૦૫માં 'પદ્મભૂષણ' એવોર્ડ આપવામાં આવ્યો હતો. **– ૨.**

**ફૂલ શા મૃદુ સરદાર...** (પાન ૧૦નું ચાલુ)

સંઘરાતી જાય. વચ્ચે વચ્ચે સવાલ પૂછે ત્યારે સમજાય કે, માહિતી ખાતા પાસે માહિતી છે તેના કરતાં સરદારની પાસે થોડી વધારે જ માહિતી હાજર હોય છે.

આદર્શ અને વહેવારનો મેળ પણ એમનામાં દેખાઈ આવે છે. મારા લગ્ન પછી તરત જ મારે સરદારને મળવા જવાનું થયું હતું. મારા સસરા નવબાબુ તે વખતે ઓરિસ્સાના મુખ્યમંત્રી હતા. વાત નીકળી એટલે મને પૂછ્યું, ''તું નવબાબુને મળવાનો કે ?'' મેં હા ભણી એટલે મને કહે, ''એમને જરા પૂછજે કે પેલી દારુ પીનારી મહારાણીને પોતાના મંત્રી મંડળમાં રાખી છે તે કેટલા વખત સુધી રાખવાના છે ?'' નવબાબુ ઓરિસ્સાના જાણકાર તો ખરા જ, સાથે સાથે ઝીણવટમાં જનારા પણ ખરા. આમ છતાં એમના મંત્રીમંડળની એક મહિલામંત્રી વિષે એમની પાસે જે માહિતી નહોતી તે દેશના ગૃહ-મંત્રી સરદાર પાસે હતી. વળી એમણે આ વાત એમના જમાઈ મારફતે કહેવડાવી : 'પૂછજે તો ખરો કે કેટલો વખત રાખવાના છે.' મેં જ્યારે એ વાત નવબાબુને કરી ત્યારે એમણે કહ્યું, ''આવી કંઈક ફરિયાદ એમના વિષે આવી તો છે, પણ મારે તપાસ કરવી પડશે.'' તપાસને અંતે જ્યારે હકીકતની જાણ થઈ ત્યારે એમણે પેલાં બહેનને મંત્રીપદેથી મુક્ત કર્યાં. રજેરજની માહિતી, ઝીણવટતાના સ્વામી સરદાર હતા. અને ઈશારો જ પૂરતો ગણતા- ''કેટલો વખત રાખવાના છે ?'' આવા દઢ મનના, લોકોની શક્તિને પારખનારા, એને જગાડનારા અને અંતે શિસ્ત, શાંતિ અને રચનાત્મકતામાં દોરી જનારા એ સરદારને હું પ્રણમું છું.

(નવસારીની એન.એમ. કૉલેજમાં સરદાર શતાબ્દી વ્યાખ્યાનમાળામાં અપાયેલું પ્રવચન) **– નારાયણ દેસાઈ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# બસ્તરના આદિવાસીઓ જમીન જંગલ ગુમાવી રહ્યા છે

**થો**ડા દિવસો પહેલાં, છત્તીસગઢના બીજાપુર જિલ્લાના પેદ્દાકોડેપાલ ગામની આસપાસ મોટા પાયે વૃક્ષો કાપવાના સમાચાર આવ્યા હતા. વિહાન બસ્તર યુટ્યુબ ચેનલે એક વિડિઓ અપલોડ કર્યો હતો જેમાં વિવિધ સ્થળોએ કાપેલાં વૃક્ષોના ઢગલા દેખાય છે. વીડિયોમાં, ગ્રામજનો વૃક્ષ કાપવા અંગે વન વિભાગના અધિકારીઓને પ્રશ્ન કરે છે. આદિવાસીઓ પૂછે છે કે ગ્રામસભાની પરવાનગી વિના આટલા મોટા પાયે વૃક્ષ કાપવાનું કેમ કરવામાં આવી રહ્યું છે ? જવાબમાં, બીજાપુરના ડીએફઓ રામકૃષ્ણને કહેતા સાંભળી શકાય છે કે જે વૃક્ષો પહેલાંથી જ કાપી નાખવામાં આવ્યાં છે તે દૂર કરવામાં આવશે. હજી વધુ વૃક્ષો કાપવાનાં છે અને આ કાર્ય ચાલુ રહેશે. તેઓ કહે છે કે કેન્દ્ર સરકારે પરવાનગી આપી દીધી છે. ગ્રામજનો યુટ્યુબરને કહી રહ્યા છે કે વૃક્ષ કાપવાને કારણે આશરે ૧૦૦ એકર જંગલનો નાશ થયો છે. દરમિયાન, કૉંગ્રેસના ધારાસભ્ય વિક્રમ માંડવીએ પણ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને આરોપ લગાવ્યો હતો કે વન વિભાગ ગ્રામ પરિષદોની પરવાનગી વિના વૃક્ષો કાપી રહ્યો છે, જે પેસા કાયદા અને પાંચમી અનુસૂચિનું ઉલ્લંઘન છે. વધતા વિવાદને જોઈને, વન વિભાગના અધિકારી રંગનાથન વાયએ એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી અને સ્પષ્ટતા કરી હતી કે વૃક્ષ કાપવાની પ્રક્રિયા કાયદાકીય માળખામાં થઈ રહી છે. તેમણે કહ્યું, ''આ 'કુપ' અથવા 'કસ્ત' કાપણી છે. છેલ્લાં ૩૦ વર્ષથી આ વિસ્તારમાં આ પ્રથા બંધ થઈ ગઈ હતી કારણ કે માઓવાદીઓ ટ્રકો બાળી નાખતા હતા. હવે જ્યારે માઓવાદ તેના અંતિમ તબક્કામાં છે, ત્યારે તે ફરી શરૂ થઈ ગઈ છે.'' તેમણે સમજાવ્યું કે 'કુપ' અથવા 'કસ્ત' કાપણી પ્રમાણભૂત અને વૈજ્ઞાનિક રીતે કરવામાં આવે છે. આ વર્ષે, બીજાપુરમાં ચાર સ્થળોએ 'કૂપ' કાપણીનું આયોજન કરવામાં આવ્યું છે. કુપ કાપણી જંગલ આવરણ વધારવા માટે કરવામાં આવે છે, જે વૃક્ષો પોલાં, વાંકાંચૂકાં, સૂકાં અથવા મરી રહ્યાં છે. જોકે, સોશિયલ મીડિયા પર ફરતા ઘણા વીડિયોમાં લીલાંછમ વૃક્ષો કાપવામાં આવી રહ્યાં છે. લોકોનો દાવો છે કે કાપવામાં આવી રહેલાં વૃક્ષોમાં મહુઆ, તેંદુ અને ચારનો સમાવેશ થાય છે, જેનો ઉપયોગ સ્થાનિક લોકો વન પેદાશો એકત્રિત કરવા માટે કરે છે.

જેમ જેમ માઓવાદી ચળવળ નબળી પડી રહી છે, તેમ તેમ લોકો તેમનાં પાણી, જંગલ અને જમીનના નુકસાનનો ભય વધુ ને વધુ અનુભવી રહ્યા છે, કારણ કે બસ્તરે દાયકાઓથી પાણી, જંગલ અને જમીનના મુદ્દાઓ પર અસંખ્ય સંઘર્ષો અને આંદોલનો જોયાં છે. આ બદલાતી પરિસ્થિતિમાં બસ્તર પ્રદેશમાં પાંચમી અનુસૂચિ અને PESA કાયદાના કડક અમલની માગણીઓ વધી રહી છે. આનું કારણ એ છે કે છત્તીસગઢનો આદિવાસી પ્રભુત્વ ધરાવતો બસ્તર પ્રદેશ હવે એક નવા રોકાણ કેન્દ્ર તરીકે ઊભરી રહ્યો છે. બસ્તરને ઔદ્યોગિક કેન્દ્ર બનાવવા માટે, સરકાર સુરક્ષાને મજબૂત બનાવવા, માળખાગત સુવિધાઓ (જેમ કે રેલવે, રસ્તાઓ, એરપોર્ટ) વિકસાવવા અને ખાનગી રોકાણ આકર્ષવા માટે ઉદ્યોગોને સિંગલ-વિન્ડો ક્લિયરન્સ આપવાનો દાવો કરી રહી છે. દરમિયાન, ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ, કૉંગ્રેસ પાર્ટીએ છત્તીસગઢ વિધાનસભામાં ખાણકામ માટે મોટા પાયે વન-નાબૂદીનો મુદ્દો ઉઠાવ્યો. પાર્ટીએ દાવો કર્યો હતો કે કાંકેર જિલ્લાના ભાનુપ્રતાપપુરના અરિડોંગરી વિસ્તારમાં મોટા પાયે વૃક્ષો કાપવામાં આવી રહ્યાં છે. આજે બસ્તરમાં શું થઈ રહ્યું છે તેની આ માત્ર એક ઝલક છે. ભવિષ્યમાં વધુ ખાણોનો પ્રસ્તાવ છે, જેના કારણે મોટા પાયે વન-નાબૂદી થવાની સંભાવના છે. છત્તીસગઢ ખાણોની સત્તાવાર વેબસાઇટ અનુસાર, બસ્તર જિલ્લામાં ચૂનાના પત્થર (રાયકોટ, શિવની અલનાર, બરંજી, કદમા, જુનાગુડા, દૌરગાંવ-ભુરસુંડી, ચપકા, દેવરાપાલ, પોતનાર-બરંજી, છાપર, ભાનપુરી), ડોલોમાઇટ (તિરિયા, મચકોટ વિસ્તાર, કુમ્રખાના, કુમરાગાંવ) નારાયણપુર જિલ્લામાં તરાઈપાદર), બોક્સાઈટ (આસના તારાપુર), ક્વાર્ટઝાઈટ (ડીલમીલી), આયર્ન ઓર (છોટેડોંગર વિસ્તાર), કાંકેર જિલ્લામાં આયર્ન ઓર (રૈઘાટ, ચારગાંવ, હહલાડી, કોડાપલ, મેટાબોડલી, અરિદોંગરી), સોનું (સોંદેહી), ગ્રેનાઈટ (કંહારપુર વિસ્તારમાં) કુમાકાકુરૂમ), કોંડાગાંવ જિલ્લામાં બોક્સાઈટ (કેશકલ વિસ્તાર-ચેરબહારા, કુદરબાહી, કુમેરી, બુધાયરીમારી) ગ્રેનાઈટ (ફરાસગાંવ-કોંડાગાંવ વિસ્તાર), દાંતેવાડા જિલ્લામાં આયર્ન ઓર, ટીન, ગેલેના, ગ્રેનાઈટ, ક્વાર્ટ્ઝ, લિપિડોલાઈટ, બીજાપુર જિલ્લામાં કોરન્ડમ, ગ્રેનાઈટ, તાંબું, બોક્સાઇટ અને સુકમા જિલ્લામાં ટીન, ચૂનાનો પથ્થર, લેપિડોલાઈટ, કોરન્ડમ, પરિમાણ પથ્થર, ગ્રેનાઈટ, ક્વાર્ટ્ઝ, બેરીલ, સિલિમાનાઇટ અને માટીના અયસ્ક ઓળખવામાં આવ્યા છે. આ ખનિજ ભંડારો ઓળખાયા છે તે સ્થાનો, ગામડાઓ અને જંગલોની સંખ્યાની સ્થાનિક રહેવાસીઓને પણ ખબર નહીં હોય. છત્તીસગઢની ખનિજ સંપત્તિની ભૂસ્તરશાસ્ત્રીય રૂપરેખા તેની જમીનમાં છુપાયેલી છે.

**રોકાણ માટે તૈયારી :** સપ્ટેમ્બર ૨૦૨૫માં સરકાર દ્વારા આયોજિત બસ્તર ઈન્વેસ્ટર કનેક્ટ પ્રોગ્રામને દેશભરના મુખ્ય ઉદ્યોગપતિઓ તરફથી રોકાણની અસંખ્ય દરખાસ્તો મળી હતી.

આ કાર્યક્રમ દરમિયાન, છત્તીસગઢ અને કેન્દ્ર સરકારે બસ્તર પ્રદેશ માટે આશરે રૂ.૫૨,૦૦૦ કરોડના રોકાણ પ્રોજેક્ટ્સ અને યોજનાઓની જાહેરાત કરી હતી અથવા પ્રસ્તાવ મૂક્યો હતો. એકલા રાષ્ટ્રીય ખનિજ વિકાસ નિગમ લિમિટેડ (NMDC)એ રૂ.૪૩,૦૦૦ કરોડના પ્રોજેક્ટ્સમાં રોકાણ કર્યું છે. આમાં મોટા જાહેર માળખાકીય પ્રોજેક્ટ્સ (રેલ, રોડ, વગેરે), ખાણકામ, પર્યટન, આરોગ્ય, શિક્ષણ, કૃષિ અને ખાનગી, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) રોકાણ દરખાસ્તોનો સમાવેશ થાય છે. રેલવેએ રૂ.૫,૨૦૦ કરોડનાં રોકાણોને મંજૂરી આપી છે. રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સને રૂ.૨,૩૦૦ કરોડ મળ્યા છે. મલ્ટી-સ્પેશિયાલિટી ખાનગી હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજની સ્થાપના માટે રૂ.૨૦૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. ખાનગી ક્ષેત્રના રોકાણમાં આશરે રૂ. ૧,૦૦૦ કરોડનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, જે મુખ્યત્વે સેવા ક્ષેત્ર અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો (MSME) પર કેન્દ્રિત છે. સરકારના જણાવ્યા અનુસાર, રાજ્યભરમાં નવાં રોકાણો પર અનુદાન માટેની જોગવાઈઓ છે, અને બસ્તર માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે. નવી ઔદ્યોગિક નીતિમાં, બસ્તરના ૮૮ ટકા બ્લોકને ગ્રુપ-૩ તરીકે ઓળખવામાં આવ્યા છે. અહીં રોકાણ કરનારા ઉદ્યોગ સાહસિકોને સૌથી વધુ લાભ મળશે. SC/ST ઉદ્યોગ સાહસિકો માટે ૧૦ ટકા વધારાની સબસિડી પણ આપવામાં આવી છે. બસ્તરમાં પ્રવાસન ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે, આ પ્રદેશમાં રોકાણ કરનારા ઉદ્યોગસાહસિકો માટે ૪૫ ટકા સબસિડીનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. સરકાર કહે છે કે આનાથી હોટેલ ઉદ્યોગ, ઈકો-ટુરિઝમ, વેલનેસ, એડવેન્ચર સ્પોર્ટ્સ અને અન્ય ક્ષેત્રોમાં રોકાણ માટે સુવર્ણ તકો ઊભી થશે. હોમસ્ટે પર વિશેષ અનુદાનથી પ્રવાસન ક્ષેત્રમાં સ્થાનિક ઉદ્યોગસાહસિકો માટે પણ તકો પૂરી પાડવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ૧૩ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ જગદલપુરમાં બસ્તર ઓલિમ્પિકના સમાપન સમારોહમાં જણાવ્યું હતું કે બસ્તર આગામી પાંચ વર્ષમાં દેશનો સૌથી વિકસિત આદિવાસી પ્રદેશ બનશે. બસ્તર અને સમગ્ર દેશને નક્સલવાદથી મુક્ત કરવાના ભાજપ સરકારના ઇરાદાને દોહરાવતાં તેમણે કહ્યું, 'આ પ્રયાસ અહીં અટકશે નહીં. સાત જિલ્લાઓ : કાંકેર, કોંડાગાંવ, બસ્તર, સુકમા, બીજાપુર, નારાયણપુર અને દાંતેવાડાનો સમાવેશ કરતો બસ્તર વિભાગ ડિસેમ્બર ૨૦૩૦ સુધીમાં દેશનો સૌથી વિકસિત આદિવાસી પ્રદેશ બનશે.'

**ખનિજ શોષણનો લાંબો ઇતિહાસ :** ખાણ મંત્રાલય અનુસાર, ૨૦૨૦ સુધીમાં, છત્તીસગઢ પાસે દેશના ટીન ઓરનાં આશરે ૩૬%, બોક્સાઈટનાં ૨૦%, આયર્ન ઓર (હેમેટાઈટ)નાં ૧૯%, ચૂનાના પથ્થરનાં ૬% અને હીરાનાં ૪% સંસાધનો હતાં. બસ્તર ક્ષેત્રમાં ખનિજ સંશોધન સૌપ્રથમ બ્રિટિશ શાસન દરમિયાન શરૂ થયું હતું અને આજે પણ ચાલુ છે. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં અનેક સર્વેક્ષણો હાથ ધરવામાં આવ્યાં હતાં, જેમાં અનેક સ્થળોએ વિવિધ ખનિજોના ભંડારો ઓળખાયા હતા. ૧૯૭૦ અને ૧૯૮૦ના દાયકામાં બસ્તરમાં પણ લિથિયમ ભંડાર મળી આવ્યો હોવાની શંકા છે. બસ્તર ક્રેટોનમાં ટોંગપાલ, ગોવિંદપાલ, ચુઇરવાડા, ચિંતલનાર, મુંડવાલ અને બેકુપાડા જેવા વિસ્તારોમાં લિથિયમ-ધારક પેગ્મેટાઇટ્સ મળી આવ્યા હતા.



**બસ્તર પ્રદેશનો ભૂસ્તરશાસ્ત્રીય અને ખનિજ બેસિન નકશો :** NMDC ઘણા દાયકાઓથી દાંતેવાડા જિલ્લાના બૈલાડિલા-ક્ષેત્રમાં ખાણકામ કરી રહ્યું છે અને સતત વિસ્તરણ કરી રહ્યું છે. આ જ પર્વતોમાં બ્લોક ૧A અને ૧B હવે આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ કંપનીને અને બ્લોક ૧C રૂંગટા સન્સ કંપનીને ફાળવવામાં આવ્યા છે. બૈલાડિલા ડિપોઝિટ-૧૩ આયર્ન ઓર ખાણ માટે અદાણી એન્ટરપ્રાઈઝને ખાણ વિકાસકર્તા-કમ-ઓપરેટર (MDO) તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે. દરમિયાન, બૈલાડિલા ખાણના ડિપોઝિટ-૪ વિસ્તરણ સામે આદિવાસી અને સ્થાનિક લોકોએ વિરોધ શરૂ કર્યો છે. ગ્રામજનોના સમર્થનમાં અનેક રાજકીય પક્ષો પણ બહાર આવ્યા છે. લોકો માને છે કે ટેકરીઓ તેમના માટે શ્રદ્ધાનું કેન્દ્ર છે. ઉત્તર બસ્તર ક્ષેત્રમાં સ્થિત હાહલાડી હિલ્સમાં ખાણકામના કરાર પુષ્પ સ્ટીલ્સ અને ખાણકામ કંપની સાગર સ્ટોનને આપવામાં આવ્યા છે, જ્યારે શ્રી બજરંગ પાવર કંપની પહેલેથી જ ખાણકામ કરી રહી છે. કાંકેર જિલ્લાના રાવઘાટ અને ચારગાંવ અને નારાયણપુર જિલ્લાના અમદાઈ હિલ્સ સહિત અનેક સ્થળોએ ખાણકામ પણ ચાલી રહ્યું છે. રાજ્યના ખનિજ વિભાગે દાંતેવાડા, સુકમા અને બસ્તર જિલ્લામાં ખાણકામ માટે ત્રણ ટીન બ્લોક ઓળખી કાઢ્યા છે. રાજ્ય સરકારે એપ્રિલ ૨૦૨૫માં ઈ-ઓક્શન મંજૂરી માટે કેન્દ્ર સરકારને ત્રણ ટીન ડિપોઝિટના ભૂસ્તરશાસ્ત્રીય અહેવાલો સબમિટ કર્યા હતા. સ્થાનિક આદિવાસીઓના વિરોધને કારણે ૧૯૭૦ના દાયકાથી પડતર રહેલા દાંતેવાડા અને બીજાપુર જિલ્લામાં પ્રસ્તાવિત બોધઘાટ બહુહેતુક પ્રોજેક્ટને જૂન ૨૦૨૫માં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ફરીથી લીલી ઝંડી આપવામાં આવી હતી.

**કૉંગ્રેસ સરકાર દરમિયાન ખાણોની ફાળવણી :** સપ્ટેમ્બર ૨૦૨૨માં, ભૂપેશ બઘેલના નેતૃત્વ હેઠળની તત્કાલીન કૉંગ્રેસ સરકારે હિસ્સેદારોની પરિષદ યોજી હતી. આ પરિષદમાં, છત્તીસગઢ સરકારે ૧૦૮ ખાણકામ સંભવિત બ્લોક્સની યાદી શેર કરી હતી જે શોધખોળના વિવિધ તબક્કામાં હતા. આમાંથી ૩૯ સ્થળો બસ્તર પ્રદેશમાં સ્થિત છે. ભારત સરકાર/ MSTCની સત્તાવાર ક્રિટિકલ મિનરલ બ્લોક ઓક્શન વેબસાઇટ પર, બસ્તર પ્રદેશમાં ૧૬ બ્લોક, કુલ ૩,૬૪૦.૫૫૯ હેક્ટર, હરાજી માટે સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા. આમાંથી ચાર બ્લોકની ૨૦૨૩માં હરાજી થઈ ચૂકી છે. ૧૩ માર્ચ, ૨૦૨૪ના રોજ, છત્તીસગઢ સરકારે કોંડાગાંવ, નારાયણપુર અને બસ્તર જિલ્લામાં ૧,૪૭૮ ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લેતા હીરા અને દુર્લભ પૃથ્વી જૂથનાં ખનિજો માટે ત્રણ એક્સપ્લોરેશન લાઈસન્સ (EL) બ્લોક માટે ટેન્ડર આમંત્રિત કરતી એક સૂચના બહાર પાડી હતી.

**નાની ખાનગી કંપનીઓને ખાણોની ફાળવણી :** કુરસમ સંબૈયાને બસ્તર જિલ્લાના દરભા વિસ્તારમાં છોટેકાડમા નજીક ૩,૪૨૦ હેક્ટર જમીન પર ચૂનાના પથ્થરની ખાણ ફાળવવામાં આવી છે. ખાણકામ યોજનાને દક્ષિણ બસ્તર દાંતેવાડાના કલેક્ટર કાર્યાલય (ખનિજ શાખા) દ્વારા મંજૂરી આપવામાં આવી છે. તેની સૂચિત ઉત્પાદન ક્ષમતા ૬૨,૫૦૦ ટન પ્રતિ વર્ષ (TPA) ચૂનાના પથ્થરની છે. આ ખાણ કાંગેર ઘાટી રાષ્ટ્રીય ઉદ્યાન પ્રોજેક્ટ સ્થળથી ૩.૭૩ કિલોમીટર દૂર સ્થિત છે અને પર્યાવરણીય રીતે સંવેદનશીલ વિસ્તારમાં આવે છે. જગદલપુરથી લગભગ ૧૮ કિમી દૂર આવેલા મોંગરાપાલ વિસ્તારમાં રંગબેરંગી સ્ટ્રોમેટોલિટીક થાપણો માટે વિમલ સ્ટોન એસોસિએટ્સ (VSA)ને 'પ્રતિષ્ઠિત પ્રતિષ્ઠિત પ્રતિષ્ઠિત' પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. ચૂનાના પત્થર માટે ખાણકામ લીઝ મંજૂર કરવામાં આવી છે. ગોદવારી પાવર અને ઇસ્પાત લિમિટેડને કાંકેર જિલ્લાના કચ્ચે ગામ નજીક તેની હાલની ખાણની બાજુમાં વધારાની ૩૨.૩૬ હેક્ટર જમીન માટે આયર્ન ઓર માઇનિંગ લીઝ મંજૂર કરવામાં આવી છે. શ્રી બજરંગ પાવર અને ઇસ્પાત લિમિટેડે નારાયણપુર જિલ્લામાં છોટેડોંગર રિઝર્વ ફોરેસ્ટમાં નવી આયર્ન ઓર ખાણ માટે પર્યાવરણીય મંજૂરી માટે અરજી કરી છે.

**બસ્તરનાં સંસાધનો ખાનગી ઉદ્યોગપતિઓને સોંપવાના આરોપો :** દરમિયાન, છત્તીસગઢ જનતા કૉંગ્રેસના વડા અમિત જોગીએ કેન્દ્ર સરકાર પર નાગરનાર NMDC સ્ટીલ પ્લાન્ટ ખાનગી ખેલાડીઓને વેચવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ૨૯ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ, NMDC એ NSL (નાગરનાર NMDC સ્ટીલ લિમિટેડ)ના ૯૦ ટકા સ્ટોક ખાનગી ખેલાડીઓને વેચવાનો નિર્ણય લીધો છે. જોકે, આવા આરોપો શરૂઆતથી જ ફરતા રહ્યા છે. સરકારનો હેતુ જાહેર ક્ષેત્રની કંપની NMDC દ્વારા બસ્તર ક્ષેત્રમાં પ્રોજેક્ટ શરૂ કરવાનો, તેમના

(જુઓ પાન ૧૪)





YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અશ્વિન કારીઆની નજરે

**■ લગ્ન વિષયક કાયદો : સૂચિત નિયંત્રણ સામે વિરોધ**

માનવ અધિકાર સંરક્ષણ ધારા પ્રમાણે દરેક પુખ્તવયની વ્યક્તિ પોતાની પસંદગીના પાત્ર સાથે લગ્ન કરવા માટે સ્વતંત્ર છે. તેમાં કુટુંબીજન સહિત ત્રાહિત વ્યક્તિની દખલગીરીને અવકાશ નથી.

પણ ગુજરાત સરકાર લગ્ન પસંદગી બાબતમાં યુગલનાં માતા-પિતાની સંમતિ દાખલ કરવાનું વિચારી રહી છે. અમારા મતે આ અવળી દિશાનું પગલું બની રહેશે. માનવ અધિકાર કોઈ રાજ્યની બક્ષિસ નથી.

**■ એસિડ એટેકની વ્યક્તિઓને ન્યાય ક્યારે ?**

પુરુષપ્રધાન માનસિકતા હજુ બરકરાર છે. ‘‘હું તને પ્રેમ કરું છું તો તારે પણ મને પ્રેમ કરવો જોઈએ.’’ સામા પક્ષની યુવતીને ઇન્કાર કરવાનો અધિકાર જ નથી. એટલે જ સુરતમાં ૪ વર્ષ પહેલાં માની લીધેલી પ્રેમિકાનું જાહેરમાં ગળું કાપીને હત્યા કરી હતી.

એસિડ એટેકનો ભોગ બનેલ એક યુવતીએ ન્યાય મેળવવા માટે સર્વોચ્ચ અદાલતમાં ન્યાયની પોકાર કરી હતી. ૨૭-૧-૨૦૨૬ના રોજ સુનાવણી દરમ્યાન સર્વોચ્ચ અદાલતે આ ગુના માટે દહેજ પ્રતિબંધ ધારા જેવા કડક કાયદા ઘડવા કેન્દ્ર સરકારને હિમાયત કરી હતી. બીજું સૂચન હતું, ગુનેગારની મિલકત જપ્ત કરવાની જોગવાઈ થવી જોઈએ. તેમાંથી પીડિતાની સારવાર માટેનો ખર્ચ કરવો જોઈએ. તેમના માટે પુનર્વસન અને વળતર માટેની યોજના ઘડી કાઢવા પણ આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે આવા તમામ પડતર કેસોની માહિતી મોકલી આપવા રાજ્યોને આદેશ આપ્યો હતો.

**■ મનરેગા કાનૂન નાબૂદ - ગ્રામ રોજગારીને ફટકો**

૧૮ ડિસે. ૨૦૨૫ દેશ માટે કાળો દિવસ હતો. તે દિવસે કેન્દ્ર સરકારે મનરેગા કાનૂન રદ કરીને તેના સ્થાને નવો કાનૂન ‘વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર અને આજીવિકા મિશન (ગ્રામીણ) ૨૦૨૫’ નામનો કાનૂન પસાર કર્યો હતો. સાચું ભારત ગામડાઓમાં વસે છે. ખેડૂતો પાસે વર્ષભર ચાલે તેટલું કામ હોતું નથી. જૂના કાયદામાં ૧૦૦ દિવસ રોજગારીની ખાતરી અપાયેલી હતી. જેમાં ૯૦ ટકા રકમ કેન્દ્ર સરકારે અને ૧૦ ટકા રકમ રાજ્ય સરકારે આપવાની હતી. આમ ન થાય તો બેકારી ભથ્થું ચૂકવવાની જોગવાઈ હતી.

વર્તમાન સરકારે મનરેગા તરફ ઉપેક્ષિત વલણ દાખવ્યું છે.

વર્ષ ૨૦૦૯-૧૦ના વર્ષમાં બજેટમાં મનરેગા માટે જી.ડી.પી.ના ૦.૫૫-રકમ, જ્યારે ૨૦૧૪ બાદ જી.ડી.પી.ના ૦.૩૩-રકમની જોગવાઈ કરવામાં આવી હતી. નવા કાયદામાં દેશના દરેક ગામમાં રોજગારી પૂરી પાડવાની જોગવાઈ કરવામાં આવી નથી. કયા ગામમાં રોજગારી આપવી તે કેન્દ્ર સરકાર નક્કી કરશે. નવા કાયદામાં રાજ્યોએ ૧૦ ટકાને બદલે ૪૦ ટકા બોજો ઉપાડવાનો રહેશે. ઉપરાંત પાક લણણી સમયે ૬૦ દિવસ રોજગારી આપવાની યોજના મોકૂફ રાખવાની કાયદામાં જોગવાઈ કરાયેલ છે.

તમામ વિરોધ પક્ષોએ નવા કાયદા સામે સખત વિરોધ નોંધાવેલ છે.

**- અશ્વિન કારીઆ**

બસ્તરના આદિવાસીઓ... (પાન ૧૩નું ચાલુ)

માટે જરૂરી માળખાગત સુવિધાઓ બનાવવાનો અને અંતે તેમને ખાનગી કંપનીઓને સોંપવાનો છે. અમિત જોગીએ કહ્યું, ‘‘સરકાર ચોક્કસપણે બસ્તરમાંથી નક્સલવાદને નાબૂદ કરી રહી છે, પરંતુ તે ‘અદાણીવાદ’ને પણ પ્રોત્સાહન આપી રહી છે. બૈલાડિલામાં ડિપોઝિટ નંબર-૧૩થી નાગરનાર અને છત્તીસગઢમાં અસંખ્ય ખાણો અને ખનિજ ભંડાર સુધ્ધા-બધું જ અદાણીને વેચી દેવામાં આવ્યું છે.’’ આ પહેલાં, પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ દીપક બૈજે કહ્યું હતું કે આ તો માત્ર શરૂઆત છે અને બસ્તરની બધી કિંમતી ખનિજ સંપત્તિ અદાણી અને અન્ય ખાનગી કંપનીઓને સોંપવાની તૈયારી ચાલી રહી છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે બસ્તરમાં અદાણી માટે લાલ જાજમ બિછાવી દેવામાં આવી રહી છે. જોકે, છત્તીસગઢના નાયબ મુખ્યમંત્રી વિજય શર્મા કહે છે કે બસ્તરનાં તમામ પાણી, જંગલ અને જમીન બસ્તરના લોકોનાં છે અને PESA અને ગ્રામસભા જેવા કાયદાઓ વધુ સારી રીતે લાગુ કરવામાં આવશે. જોકે, બસ્તરમાં ચાલી રહેલા અને આગામી ખાણકામ પ્રોજેક્ટ્સ વિશે ફાયદા અને ગેરફાયદા શું કહે છે તે ધ્યાનમાં લીધા વિના, બસ્તર તરફ ખાણકામ લોબીની ઝડપી પ્રગતિ આદિવાસી વસ્તીને ડરાવી રહી છે કે તેમનાં પાણી, જંગલો અને જમીન ગંભીર ખતરાનો સામનો કરી રહ્યાં છે. બસ્તરના યુવાનો હવે સોશિયલ મીડિયા પર દરરોજ નવા વીડિયો પોસ્ટ કરી રહ્યા છે જેમાં વૃક્ષો કાપવાનાં અને જંગલોનું નિકંદન કાઢવાનાં દૃશ્યો દર્શાવવામાં આવી રહ્યાં છે. તેઓ ફરિયાદ કરે છે કે તેમનો અવાજ સાંભળવામાં આવી રહ્યો નથી અને તેમના અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું છે.

**- ગુજરાત ટુડે**






YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દેશની પર્યાવરણીય પરિસ્થિતિ પર અધ્યયન લેખ-૨

**આ**પણે લેખ નં.-૧માં સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયર્નમેન્ટના State of India's Environment 2026 નો પરિચય આપ્યો હતો. તેમજ સુનિતા નારાયણના લેખનો આસ્વાદ કરાવ્યો હતો. હવે રિપોર્ટના અન્ય લેખો પર નજર નાંખીશું.

**■ વરસાદી ખેતીની જમીનો પર સોલર પેનલોનું અતિક્રમણ**

દેશમાં વરસાદી ખેતી કુલ વાવેતરના ૫૧ થી ૬૦ ટકા માનવામાં આવે છે. પરંતુ અનાજ ઉત્પાદનમાં તેનો ફાળો ૪૦ ટકા છે. વરસાદની અનિશ્ચિતતા અને ગ્લોબલ વોર્મિંગની અસર તળે નાના ખેડૂતો માટે જ્યારે તેની ઊપજના ભાવ પણ સરખા નથી મળતા ત્યારે ટકવું મુશ્કેલ બનતું જાય છે.

કર્ણાટકમાં એક સોલર પાર્કવાળાએ આવી ૩ એકર જમીન વર્ષે રૂ. ૨૦૦૦૦ થી ભાડે લીધી છે. આવી જ બીજી ૧૩૦૦૦ એકર જમીન ૨૫-૩૦ વર્ષના ભાડા કરારથી પ્રતિ એકર રૂ. ૨૧૦૦૦માં સોલર પાર્ક માટે પ્રાપ્ત કરવામાં આવી છે.

રાજસ્થાનમાં જેસલમેર, બિકાનેર જિલ્લામાં અને ગુજરાતમાં ગોચરની જમીનો જેમાં બાજરી, દિવેલા પાકે તેવા વિસ્તારો તેમજ આસામમાં વિવિધ માળખાગત સગવડો માટે અને સોલર પાર્ક માટે જમીનો લેવામાં આવી રહી છે. આનો વિરોધ પણ કેટલેક સ્થળે થઈ રહ્યો છે. સરકાર રીન્યુએબલ ઊર્જા દ્વારા ૫૦૦ ગીગાવોટ પાવર પેદા કરવા માંગે છે.

જમીનો ભાડે આપીને તેમાંથી મળતી આવકથી નાના ખેડૂતો કંઈ શહેરમાં જઈને વસી શકે તેવી હાલતમાં પણ નથી. જમીનો પર સોલર પેનલોનું વધારે પડતું અતિક્રમણ ન થવું જોઈએ.

પુનઃપ્રાપ્ત ઊર્જા આમ જોવા જઈએ તો પંચાયતની સત્તામાં આવે (under the 12th Schedule of the Constitution). પંચાયત માટે તે કોઈ અઘરું કામ નથી. નાના ખેડૂતો, પશુધન, અનાજ ઉત્પાદન જેવાં સઘળાં પાસાંનો વિચાર કરીને જમીનનો સારામાં સારી રીતે ઉપયોગ કરવો તેનો નિર્ણય પંચાયત લે તેવું થવું જોઈએ.




**■ ભારતનાં પશુઓ કેટલા પ્રમાણમાં મિથેન ગેસ પેદા કરે છે ?**

વાતાવરણમાં રહેલા ગ્રીન હાઉસ ગેસીસમાં $CO_2$ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૪૪૦ પીપીએમ છે, જે અન્ય વાયુઓ કરતાં સૌથી વધુ માત્રામાં છે. તેના પછી બીજા નંબરે મિથેન ગેસનું પ્રમાણ ૧.૯૫ પીપીએમ જેટલું છે. મિથેનની માત્રા અલ્પ દેખાય પરંતુ ગ્લોબલ વોર્મિંગમાં તેની અસર વધારે માત્રામાં છે. તે કાર્બન ડાયોક્સાઈડ કરતાં ૨૮ ગણી વધારે અસર પેદા કરે છે. મિથેન ગેસ ($CH_4$) કુદરતી રીતે તેમજ પશુઓ ઘાસચારાને વાગોળે છે તેમાંથી પેદા થાય છે અને ઓડકાર દ્વારા બહાર નીકળે છે. પ્રતિ વર્ષ વિશ્વમાં પ્રાણીઓ ૯૦ થી ૧૦૦ ટેરાગ્રામ મિથેન પેદા કરે છે. ટેરા એટલે $૧૦^{૧૨}$ - ટ્રિલિયન થાય. ઔદ્યોગિક દેશો ભારત પર આક્ષેપ મૂકે છે કે તે વધુ માત્રામાં મિથેન પેદા કરવા માટે જવાબદાર છે. આપણા સંશોધકો કહે છે, મિથેનની માત્રા ગણવામાં Intergovernmental Panel on Climate Change (IPCC) જે પદ્ધતિનો ઉપયોગ કરે છે તે Overstimate કરે છે. પરદેશમાં પશુપાલનની પદ્ધતિ અને ભારતની પદ્ધતિમાં ખૂબ ફરક છે. પરદેશમાં હાઈ ડેન્સેટી ઊર્જાવાળો પશુઆહાર આપવામાં આવે છે. (જોકે તેના કારણે વધુ માત્રામાં દૂધ પણ પેદા કરે છે) પરંતુ ભારતમાં પશુને less energy dense diet આપવામાં આવે છે. પ્રદેશ પ્રમાણે, ઋતુ પ્રમાણે તેમાં વિવિધતા પણ રહી છે.

ચીને કરેલા એક અભ્યાસ મુજબ IPCC ના ડેટા તથા પદ્ધતિ પ્રમાણે મિથેનની ગણતરીમાં ૩૯ ટકા Overestimate છે.

ભારતમાં ICAR ની ગણતરી પ્રમાણે ભારતનાં પશુઓ પ્રતિ વર્ષ ૯.૨૫ ટેરાગ્રામ મિથેન પેદા કરે છે. જ્યારે IPCC ની મેથડ પ્રમાણે આપણાં પશુઓ ૧૪ ટેરાગ્રામ મિથેન પેદા કરે છે.

**■ હવાના પ્રદૂષણમાં કોઈ 'સલામત' માત્રા કે ધારાધોરણ પ્રમાણે માન્ય માત્રા માની લેવી તે ખોટી વાત છે. - There is no 'Safe' threshold for Air Pollution.**

છેલ્લાં બે એક વરસથી સ્થાનિક છાપાઓમાં પણ હવામાં પ્રદૂષણના ચોંકાવનારા આંકડા વાંચવા મળે છે. દિલ્હીમાંના રાષ્ટ્રીય છાપામાં માત્ર આંકડાઓથી વાત પતી નથી જતી, ભારોભાર રાજકારણ પણ ખેલાતું જાય છે. મામલો કોર્ટમાં પણ પહોંચી ગયો છે. પ્રશ્ન ગંભીર છે. માટે તે અંગે સ્વસ્થ ચિંતન જરૂરી છે.

Anumita રોય ચૌધરીએ લખેલ 'Vision Zero' લેખ પર નજર નાંખીશું.

છેલ્લા દશકાઓમાં વાહનોનો વપરાશ વધ્યો છે. શહેરીકરણ વધ્યું છે. વધુ ભોગવાદી વલણ, અશ્મિભૂત બળતણના વધુ પડતા ઉપયોગના કારણે આપણે શ્વાસમાં જે હવા લઈએ છીએ તે એક Toxic cocktail બની ગઈ છે. આપણા વાળ કરતાં ૨૦ ગણા નાના રજકણો જેને આપણે PM-2.5 તરીકે ઓળખીએ છીએ જે વાહનોના ધુમાડામાં તેમજ કચરો બાળતાં તેમનાં કારખાનાઓમાંથી વાતાવરણમાં ફેલાય છે તેના પર વધુ ધ્યાન આપવાની જરૂર છે. આ ઉપરાંત સલ્ફર ડાયોક્સાઈડ તેમજ નાઈટ્રોજન ઓક્સાઈડ ($SO_2$-NOX) પર સૂર્યકિરણો પડે છે ત્યારે સલ્ફેટ અને નાઈટ્રેટ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પાર્ટીકલ બને છે તેના પર પણ ધ્યાન આપવાની જરૂર છે. આ ઉપરાંત ધરતીના પટ પરના ઓઝોનની અસરોનો પણ ખ્યાલ રાખવો પડશે.

એક જમાનામાં દેખાતા કાળા ધુમાડાના ગોટાને આપણે પ્રદૂષણ ગણતા હતા પરંતુ આજે ટેકનોલોજીએ કાળા ધુમાડાને દૂર કર્યા છે. પ્રત્યક્ષ નજરમાંથી અદશ્ય કર્યા છે. તેને સ્થાને તેમને નરી આંખે ન દેખાય તેવા સ્વરૂપમાં બદલી નાંખ્યા છે. પરંતુ તેમાં રહેલા નાના નાના પાર્ટીકલ વધારે નુકસાન કરનારા હોય છે. નાના પાર્ટીકલ માનવનાં ફેફસાંમાં દાખલ થઈને ત્યાંથી લોહીમાં પહોંચી જાય છે. તે શ્વસનતંત્ર પર અસર કરે છે તેમજ લોહી દ્વારા શરીરનાં અંગોમાં પહોંચીને ત્યાં પણ પ્રશ્ન પેદા કરે છે- માણસને રોગી બનાવે છે. આનાથી વ્યક્તિનું જીવન ટૂંકાય છે. મૃત્યુ અકાળે વહેલું આવે છે. ૪ દશકાના અનુભવે જાણવા મળ્યું છે કે અસ્થમા - બ્રોંકેટીસ જેવા રોગો થાય છે.

○ ૨૦૧૩માં WHO એ જાહેર કર્યું કે હવાનું પ્રદૂષણ કેન્સર પેદા કરી શકે છે. (Group-1 Carcinogen)

○ 'The State of Global Air (SOGA) ૨૦૨૫ના અહેવાલ પ્રમાણે ભારતમાં હવાના પ્રદૂષણના કારણે વર્ષ ૨૦૦૩માં ૨૦ લાખ લોકો મૉતને ભેટ્યા છે, જે વર્ષ ૨૦૦૦ કરતાં ૪૩ ટકા વધારે હતા. અહેવાલ ભારપૂર્વક કહે છે હવાના પ્રદૂષણમાં કોઈ સલામત માત્રા - જે નુકસાન ન કરે તે માત્રામાં - હોય તેવું છે જ નહીં. અલ્પ માત્રા પણ Inflammation linked to dementia - Type 2 DIabetes પેદા કરી શકે છે. બાળકો અને મોટી ઉંમરના પર તેની વધારે અસર થાય છે.

○ વર્ષ ૨૦૧૬ WHOના રિપોર્ટ પ્રમાણે દર કલાકે પાંચ વર્ષથી નાનાં ૭ બાળકો ઘર બહારના અને ઘરમાંના પ્રદૂષણના કારણે મૃત્યુ પામે છે. અલ્પ માત્રામાંનું પ્રદૂષણ બાળકોના નાજુક અવયવોને નુકસાન કરે છે. પ્રદૂષિત વાતાવરણમાં ઓછી આવકવાળા ગરીબ પરિવારો હાઈવેની નજીક કચરાના લેન્ડફીલ ટેકરાઓ પાસે અથવા ઔદ્યોગિક વિસ્તારોમાં વસવાટ કરે છે. ઉપરાંત દવા-દારૂના પૈસા પણ તેમની પાસે પૂરતા નથી હોતા.

○ વર્ષ ૨૦૨૫નો Lancet Report કહે છે, હવાના પ્રદૂષણના કારણે થતા વહેલા (Pre mature) મૃત્યને કારણે ભારતના અર્થતંત્રને અમેરિકન ૩૪૦ બિલિયન ડોલરનું પ્રતિવર્ષ નુકસાન થાય છે. તે ભારતના જી.ડી.પી.ના ૯.૫ ટકા જેટલું હોય છે.

○ ઉપરોક્ત વિગતો જોતાં કોઈને પણ તેમ વિચારવા પ્રેરે કે સરકારે કાયદા કાનૂનો કડક કરવા જોઈએ. પરંતુ વર્ષ ૨૦૨૫ પર નજર નાંખતાં ખ્યાલ આવે છે કે સરકાર કાયદાઓનો કડક અમલ કરાવવામાંથી ઊણી ઊતરે છે માત્ર તેટલું જ નહીં, કાયદાઓને નબળા પણ કરે છે અને છૂટછાટ પણ આપે છે.

○ નાનાં નાનાં કારખાનાંમાં પ્રદૂષણ ચકાસવાનું કામ જરૂરી પ્રમાણમાં થતું નથી. વર્ષ ૨૦૨૩માં પર્યાવરણ મંત્રાલયે નાના બોઈલરો માટે જે Emission Standards બહાર પાડ્યાં તે પહેલાં કરતાં નબળાં છે. કેટલાંક બોઈલરોને ૩ થી ૬ ગણી વધારે માત્રામાં પાર્ટીક્યુલેટ મેટર (પી.એમ.) છોડવાની મંજૂરી આપી છે.

જે કારખાનાઓમાં મોટાં મોટાં બોઈલર લગાવવામાં આવ્યાં છે તેને સાતત્યપૂર્વક પોલ્યુશન રેકોર્ડ કરવામાંથી મુક્તિ આપી છે. આના કારણે ગંદા બળતણનો વપરાશ વધતો જાય છે, જે વધુ માત્રામાં પ્રદૂષણ ફેલાવી શકે છે.

○ કોલસા આધારિત પાવરપ્લાન્ટમાં પ્રદૂષણનાં ધારા-ધોરણો લાગુ કરવામાં સરકાર વર્ષ ૨૦૧૫થી ૨૦૨૩ સુધીમાં વારંવાર મુદત લંબાવતી રહી છે.

○ મોટાં મોટાં કારખાનાઓને ચીમનીના ધુમાડામાંથી નીકળતા ફ્યુઅલ ગેસમાંથી સલ્ફરને અલગ કરનાર De Sulphurization (FGS) લગાવવામાંથી મુક્તિ આપવામાં આવી છે. તેની પાછળ એમ માનવામાં આવે છે કે $SO_2$ - સલ્ફર ઓક્સાઈડ એ કોઈ ખાસ નુકસાન કરનાર ગેસ નથી. (સલ્ફર ગેસ વૃક્ષો કે છોડ પર ફળ આવતા પહેલાં લાગતા મૉરને ચીમળાઈ નાંખે છે -ફૂલને બાળી નાંખે છે.)

■ **ઊગરવાનાં પગલાં સાચાં પણ તે દિશામાં દોડવાની જરૂર છે**

○ મુંબઈ-પૂનામાં ઈ-બસ ચાલુ થઈ છે. મુંબઈ વર્ષ ૨૦૩૦ સુધીમાં BESTની બધી જ બસો ઈ-બસો હશે.

○ પી.એમ. ઈ-બસ સેવા સ્કીમમાં સમગ્ર દેશમાં ૨૦૨૯ સુધીમાં ૩૮૦૦૦ બસો આપવામાં આવશે.

○ કોચી મેટ્રો રેલ માટેની ૫૫ ટકા ઊર્જા સોલર એનર્જીમાંથી વપરાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં તેનો ૧૭ મેગાવોટ સોલર પાવર પ્લાન્ટ ચાલુ થઈ જશે ત્યારે મેટ્રો રેલ ૧૦૦ ટકા સોલર પાવરથી ચાલશે.

○ ભૂવનેશ્વર અને ચેન્નઈમાં ચાલનારા માટે ફૂટપાથ અને સાયકલ ચલાવવા માટે એક અલગ રોડની સગવડ પૂરી પાડવાનું કામ ચાલે છે. એક જમાનામાં પુના સાયકલ સવારી માટે જાણીતું હતું. તે હવે નવા સ્વરૂપે સગવડ પૂરી પાડશે. Walk-Bus-Cycle ની સગવડ કરશે.

○ દિલ્હીમાં કોલસા પેટ કોકના સ્થાને પાઈપ નેચરલ ગેસ (પીએનજી) વપરાતાં પ્રદૂષણ ઘટ્યું છે.

○ પિંપળી ચિંચવડ મ્યુ.કોર્પોરેશન રૂ. ૨૦૦ કરોડ ગ્રીન મ્યુ.બોન્ડના પૈસા ગ્રીન ક્લાઈમેટની દિશામાં વાપરશે.

○ ઇન્દોરમાં ઘરનો કચરો ૧૦૦ ટકા ભેગો કરી, યોગ્ય રીતે અલગ કરે છે. ઓરગેનિક વેસ્ટમાંથી બાયો સીએનજી પ્લાન્ટ ચલાવી સીટી બસને બળતણ પૂરું પાડે છે.

આવાં નાનાં મોટાં અન્ય કામો થાય છે પણ તે પૂરતાં નથી. મ્યુનિસિપાલીટી પાસે ટેકનોલોજી અને પૈસાનો અભાવ છે. તેના કારણે ઘણાં કામ કરાવી શકતી નથી તે ગેપ પૂરવાની જરૂર છે.

■ **Vision Zero**


આપણે વર્ષ ૨૦૨૦ પેન્ડેમિક કોરોના કાળ દરમ્યાન જોયું કે ઘણો બધો વાહનવ્યવહાર ઠપ્પ હતો - દિલ્હીમાં કારખાનાં માર્ચના અંતભાગમાં અને મેની શરૂઆતમાં બંધ હતાં તેના લીધે પ્રદૂષણમાં

(જુઓ પાન નં. ૨૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સૂર્યકાન્ત પરીખ શતાબ્દી વંદના




ગુજરાતમાં જાહેર સ્વચ્છતા ક્ષેત્રે જાહેર શૌચાલયની શરૂઆત કરીને સ્વ. સૂર્યકાન્તભાઈ પરીખે વર્ષ ૧૯૮૯માં 'નેશનલ સેનિટેશન એન્ડ ઇમ્પ્રુવમેન્ટ ફાઉન્ડેશન' (નાસા ફાઉન્ડેશન)ની સ્થાપના કરી અને ગાંધી-ચીંધ્યા માર્ગે આગળ વધીને આ ક્ષેત્રમાં સમગ્ર જીવન સમર્પિત કર્યું. તેઓ 'શૌચ મહર્ષિ' 'ટોયલેટ બાબુ' અને 'શૌચના દેવ' જેવાં ઉપનામો પણ પામ્યા હતા. તેમની દૃષ્ટિમાં ધર્મ/જાતિના ભેદભાવ વિના જરૂરિયાતમંદ લોકો જાહેર શૌચાલયોનો ઉપયોગ કરી સંતોષ મેળવે એ જ અપેક્ષા હતી. આમ શરૂઆતથી જ સંસ્થાનો ઉદ્દેશ જાહેર સ્વચ્છતાનો રહ્યો છે. જાહેર સેનીટેશનના 'પે એન્ડ યુઝ' ધોરણના નવા વિચારને ગુજરાતમાં ગતિ આપવાનું કામ સૂર્યકાન્તભાઈએ કર્યું.

જાહેર સુખાકારી માટે સેનીટેશન કાર્યક્રમના અમલીકરણ દ્વારા લોકોમાં જાગૃતિ અને લોકો આરોગ્યપ્રદ ટેવો અમલમાં મૂકતા થાય તે રીતે પર્યાવરણ જાળવણી દ્વારા આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહે તે જરૂરી હોઈ તે માટેના કાર્યને નાસા ફાઉન્ડેશન જેવી સંસ્થા સ્થાપીને અગ્રીમતા આપવી તે સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ હતો. આમ, સૂર્યકાન્તભાઈનો ધ્યેય પ્રજામાં સાર્વજનિક સ્વચ્છતા પ્રત્યે રુચિ જગાડી, સ્વચ્છતાનો અભિગમ વધારવાની અને સાથોસાથ નબળા વર્ગના લોકોને રોજગારી પૂરી પાડવાનો પણ હતો.

સ્વ. સૂર્યકાન્તભાઈનો જન્મ ૨૬મી જાન્યુઆરી ૧૯૨૬ના રોજ થયો હતો. તેથી તેમનું જન્મ શતાબ્દી વર્ષ ૨૦૨૬ હોઈ તા. ૧૮-૧-૨૦૨૬ના રોજ તેની ઉજવણી કરવા અમદાવાદમાં મેનેજમેન્ટ એસોસીએશનમાં એક સમારંભ યોજવામાં આવ્યો હતો. સમારંભનું સંચાલન સંસ્થાના કાર્યપાલક અધ્યક્ષ શ્રીમતી ફાલ્ગુની પરીખે કર્યું. જેમાં સંસ્થાના સર્વે કાર્યકરો, અન્ય એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ, સગાંસંબંધી તથા કુટુમ્બના સભ્યો હાજર રહેલા. આ પ્રસંગે દીપ પ્રાગટ્ય બાદ ઉપસ્થિત સર્વે મહેમાનોનું સન્માન કરવામાં આવેલ.

















શરૂઆતમાં સંસ્થાના ઉપપ્રમુખશ્રી ડંકેશભાઈ ઓઝાએ સ્વ. સૂર્યકાન્ત પરીખ સાથેનાં તેઓનાં સંસ્મરણો યાદ કરી રસપ્રદ રજૂઆત કરી. ત્યારબાદ તેઓએ લખેલ 'સૂર્યકાન્ત પરીખ જીવનચરિત્ર' પુસ્તિકાનું વિમોચન હાજર રહેલ મહેમાન તથા સૂર્યકાન્ત પરીખના પુત્રો દર્શન-આનંદ તથા સંસ્થાના કાર્યપાલક અધ્યક્ષ શ્રી ફાલ્ગુની પરીખ દ્વારા કરવામાં આવ્યું.

અન્ય વક્તા ભૂમિપુત્રના સંપાદક અને સર્વોદય કાર્યકર શ્રી રજનીભાઈ દવેએ જણાવ્યું કે, તેઓને સૂર્યકાન્તભાઈ સાથે સર્વોદય અંગેની વાતો ખૂબ જ થતી. સૂર્યકાન્તભાઈ વિવિધતાસભર વ્યક્તિત્વ ધરાવતા હતા. પ્રસિદ્ધ નવલકથાકાર અને વાર્તાકાર શ્રી કેશુભાઈએ જણાવેલ કે સૂર્યકાન્તભાઈ પરીખનું જીવનફલક એટલું વિશાળ છે કે, તેમાંથી તો એક નવલકથાનું સર્જન થઈ શકે. વધુમાં જણાવ્યું કે, સૂર્યકાન્તભાઈએ એક સાચા ગાંધીવાદી તરીકે મહાત્મા ગાંધીના જીવનને પોતાનામાં ઉતાર્યું અને સ્વાતંત્ર્ય પછીના ભારતને વિશ્વની ટોચની કક્ષાએ પહોંચાડવામાં પાયાનું કામ હાથ ધર્યું. તેઓ ૯૩ વર્ષની ઉંમરે ૩૯ની વયના લાગે તેટલા સ્ફૂર્તિવાન હતા. છેલ્લે શ્રદ્ધાંજલિ આપતાં શ્રી કેશુભાઈએ જણાવેલ કે, ''જે પોતાના માટે નથી જીવતો તે કદી મરતો નથી.''

આ પ્રસંગે શ્રી કાર્તિકેય સારાભાઈએ નિયામકશ્રી, પર્યાવરણ શિક્ષણ કેન્દ્ર, અમદાવાદને મુખ્ય વક્તા તરીકે 'પર્યાવરણ અને સ્વચ્છતા' વિષય પરના વક્તવ્યમાં મુખ્યત્વે સરક્યુલર ઈકોનોમી, ઈકોલોજીકલ બેલેન્સ, કોમન લીડરશીપ, હ્યુમન ડીગ્નીટી (માનવગરિમા), સ્વાશ્રય, સૂર્યશક્તિ, અર્થ ચાર્ટર, હ્યુમન રાઈટ્સ ચાર્ટર, ફુટ પ્રીન્ટ, હેન્ડ પ્રીન્ટ, તેમજ પ્રદૂષણ નિયંત્રણ જેવા મુદ્દાઓની વિશદ છણાવટ કરી હતી. ગાંધીવિચાર મુજબ ''પોતે જ પોતાના સ્કેવેન્ઝર થવું'' એ વાત પર ભાર મૂક્યો. શ્રી કાર્તિકેય સારાભાઈએ પ્લાસ્ટિક કચરાના દૂષણ પર ભાર મૂકી જણાવ્યું કે, આજે પરિસ્થિતિ એટલી હદે વણસી છે કે, થોડાં વર્ષોમાં એટલે કે ૨૦૫૦ સુધીમાં સમુદ્રના પાણીમાં માછલીઓ કરતાં પ્લાસ્ટિકના કચરાનું પ્રમાણ ઘણું વધી જવાનું છે અને ક્યાંક તો કચરાના

(જુઓ પાન નં. ૨૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વિનોબા દર્શનને સમર્પિત વ્યક્તિત્વ : બાલવિજયભાઈ



મહારાષ્ટ્રના ભંડારા શહેરમાં માધવરાવ વકીલને ત્યાં ૨૬ ફેબ્રુઆરી ૧૯૨૬ના રોજ બાલવિજયભાઈનો જન્મ થયો. પરિવારના વાતાવરણમાંથી દેશભક્તિ અને અધ્યાત્મના સંસ્કારોનું સિંચન થયું. બનારસ હિંદુ યુનિવર્સિટીમાંથી જિયોલોજી-ભૂસ્તર શાસ્ત્રમાં એમ.એસ.સી.ની ડિગ્રી હાંસલ કરી.

બાલભાઈ ૨૬/૨૭ વર્ષની ઉંમરે બિહારની ભૂદાનયાત્રામાં જોડાયા. વિનોબાજીના જીવનસાથી બન્યા. સચિવ બન્યા. વિનોબાજીના પડછાયાની જેમ સાથી બન્યા. વિનોબાજી સાથે ભૂદાનયાત્રામાં તેમના પગલે પગલે ચાલ્યા. ન પોતાનો અલગ પંથ નક્કી કર્યો, કે ન તો આગવો સંસાર રચ્યો. જીવનભર બ્રહ્મચારી રહ્યા.


વિનોબાજીએ ૧૩ વર્ષમાં ૭૦ હજાર કિ.મી.ની પદયાત્રા કરી. બાલભાઈ ત્યારે તો વિનોબાજીની સાથે ચાલ્યા, પણ વર્ષ ૧૯૯૪ બીજી ઑક્ટોબરથી ૧૯૯૭ બીજી ઓક્ટોબર (ગાંધીજીનો જન્મ દિવસ)સુધીમાં ચીનની સરહદ પાસે આવેલા અરૂણાચલ પ્રદેશના તવાંગથી સેવાગ્રામ સુધીની ૨૦,૦૦૦ કિ.મી.ની યાત્રા કરીને ૪૦૦૦ બ્લોક્સનો સંપર્ક કર્યો. આતંકવાદી - ઉગ્રવાદી મનાતા યુવકોનો સંપર્ક કર્યો. વિવિધ સમસ્યાઓના સમાધાન માટે પ્રયત્ન કર્યો. આપણે ત્યાં તોફાનો કરાવનારાઓની જેટલી નોંધ લેવાય છે તેટલી નોંધ શાંતિ સ્થાપવા માટે જે કોઈ પ્રયત્ન કરે છે તેની લેવાતી નથી. બાલભાઈ અને તેમના સાથીઓએ વિનોબાજીના નિર્વાણ બાદ જે કંઈ કામ કર્યું છે, તેની નોંધ લેવાઈ હોય તેવા પુસ્તકની જાણકારી નથી. જો આ કામ ન થયું હોય તો તે ચોક્કસપણે કરવા જેવું છે. વિનોબાજી ૧૫ નવેમ્બર ૧૯૮૨ના રોજ બ્રહ્મનિર્વાણ પામ્યા. ત્યારબાદ બાલભાઈ ૪૪ વર્ષ જીવ્યા. આ ગાળામાં થયેલાં કામો, પ્રવચનો, યાત્રાઓ વિષે પવનારના સાથીઓ, સર્વસેવા સંઘના, આચાર્યકુળના, ગોરક્ષાના, ખાદી મિશનના સૌ મિત્રોએ સાથે મળીને આ કામ કરવું જોઈએ. ડૉ. પુષ્પેંદ્રભાઈ દુબે જો તેના સંયોજક/સંપાદક બને તો ચોક્કસપણે આ કામ પાર પડી શકે તેવી અપેક્ષા રાખવાનું મન થાય છે.

બાલભાઈ આસામમાં આદિવાસીઓ અને મુસલમાનો વચ્ચે ચાલતા સંઘર્ષને શાંત કરવા, પંજાબમાં ઓપરેશન બ્લ્યુ સ્ટાર (વર્ષ ૧૯૮૪) પછી પંજાબમાં જે સ્થિતિ હતી તેમાં શાંતિ સ્થાપવા દોડી જાય છે. બંગાળમાં ભૂમિ અધિગ્રહણના પ્રશ્ને સર્જાયેલી અશાંતિને શાંત કરવા ૧૯૮૭માં પહોંચી જાય છે. એક અદના શાંતિસૈનિક તરીકે તેમની છબી ઊપસી આવે છે. યુનાઈટેડ નેશન્સ (યુનો)- સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પહોંચીને 'વિનોબા અને અહિંસા' વિષય પર પ્રવચન આપી આવે છે. ખાદી કમિશનમાં પદધારણ કરવાના સ્થાને ૧૯૮૧માં ખાદી મિશનની સ્થાપના કરે છે. અ-સરકારી જ વધુ અસર-કારી તે વાત આપણે સમજવી રહી.


બાલભાઈ ડાયરી નોંધ રાખતા હતા કે કેમ તે ખબર નથી. તેમણે થોડાંક જ પુસ્તક લખ્યાં છે, તેવું દેખાય છે. નીચેનાં પુસ્તકોની નોંધ લઈ શકાય.




(૧) **વિનોબા કા બ્રહ્મનિર્વાણ.**
વર્ષ ૨૦૨૪, સંપર્ક : ખાદી મિશન સેવા ટ્રસ્ટ, વર્ધા, મહારાષ્ટ્ર ગોપુરી-૪૪૨૧૧૪.




(૨) **અનાયાસ શબ્દાંકન - વિનોબા.**
સંપાદન : બાલવિજય, વર્ષ ૨૦૧૪.
સંપર્ક : ખાદી મિશન સેવા ટ્રસ્ટ, વર્ધા, મહારાષ્ટ્ર ગોપુરી-૪૪૨૧૧૪.




(૩) **મહોબતનો પયગામ : વિનોબાજીની કશ્મીર યાત્રા - વિનોબા,**
સંપાદન : બાલવિજય, અનુ.મોહન દાંડીકર, કૈલાસ ઉપાધ્યાય.
સંપર્ક : યજ્ઞ પ્રકાશન, વડોદરા.

બાલભાઈ ૧૯ માર્ચ ૨૦૨૬ના રોજ પવનાર બ્રહ્મવિદ્યા મંદિરમાં બ્રહ્મનિર્વાણ પામ્યા. ગુજરાત સર્વોદય મંડળ શ્રદ્ધાસુમન અર્પણ કરે છે.

**- રેવારજ**








YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# વાંચન થાળ

■ **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,** ૧૦૫, રૂપરાજ બિલ્ડિંગ, પહેલે માળે, ૪૯૭, એસ.વી.પી.રોડ, મુંબઈ-૪૦૦૦૦૪. મો.: ૯૧૩૭૭૨૭૧૦૯. ફોન : ૦૨૨-૨૩૮૨૦૨૯૬




○ અગમની વાટે ભાગ-૧ એપ્રિલ વર્ષ ૨૦૧૭, ભાગ-૨ મે ૨૦૨૪, ભાગ-૩ ડિસેમ્બર-૨૦૨૪, ભાગ-૪ ડિસેમ્બર-૨૦૨૫. ઉપરોક્ત ચારે પુસ્તકના લેખક છે : શ્રી સુરેશભાઈ ગાલા. ૧૬-૮-૨૦૨૪ના ભૂમિપુત્રમાં આપણે સુરેશભાઈના પુસ્તક - યોગીરાજ શ્રી શ્યામાચરણ લાહિરીનો પરિચય આપ્યો હતો. સુરેશભાઈ અધ્યાત્મપંથી આત્મા છે. જૈનધર્મનાં તથ્યો ઉજાગર કરે છે.

અગમની વાટે પુસ્તકનું પગેરું આપણને તિથલના શાંતિનિકેતન આશ્રમમાં લઈ જાય છે. બંધુત્રિપુટીમાંના પૂજ્યશ્રી કીર્તિચંદ્ર મહારાજે જૈન ધર્મના આચાર્યો અંગે સ્વાધ્યાય શિબિરો ચલાવ્યા હતા. આ શિબિરોમાં શ્રી સુરેશભાઈ ગાલા એક અભ્યાસુ બનીને જે કંઈ પામ્યા તેમાંથી અગમની વાટે પુસ્તકની શ્રેણીનું સર્જન થયું.

○ ભાગ-૧માં ઉપાધ્યાય યશોવિજયજી મહારાજનું જીવનચરિત્ર આલેખવામાં આવ્યું છે. તે ઉપરાંત તેમના સાહિત્યમાંથી પસંદ કરેલા સંસ્કૃત શ્લોકોનો ગુજરાતીમાં ભાવાનુવાદ રજૂ કરવામાં આવ્યો છે.

○ ભાગ-૨માં શ્રી સિદ્ધસેન દિવાકરનું જીવનચરિત્ર અને એમની કૃતિઓમાંથી ચૂંટેલા સંસ્કૃત શ્લોકોનો ગુજરાતીમાં ભાવાનુવાદ રજૂ કરવામાં આવ્યો છે.

○ ભાગ-૩માં શ્રી ચિદાનંદજી ઉર્ફે શ્રી કપૂરચંદ્રજી રચિત રચનાઓમાંથી ચૂંટેલી રચનાઓ રજૂ કરવામાં આવી છે.

○ ભાગ-૪માં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીનું જીવનચરિત્ર અને એમની ચૂંટેલી રચનાઓમાંથી ચૂંટેલા સંસ્કૃત શ્લોકોનો ગુજરાતી છંદમાં અનુવાદ રજૂ કરવામાં આવ્યો છે.

○ ભાગ-૧ પૃષ્ઠ-૧૫૮, કિંમત રૂ. ૨૦૦/-

○ ભાગ-૨ પૃષ્ઠ ૧૫૯, કિંમત રૂ. ૨૦૦/-

○ ભાગ-૩ પૃષ્ઠ ૩૦૦, પાકું પૂઠું, કિંમત રૂ. ૫૦૦/-

○ ભાગ-૪ પૃષ્ઠ ૨૯૩, કિંમત રૂ. ૫૦૦/-

સુરેશભાઈ ધર્મગુરુઓના જીવન વિષે લખતાં ખૂબ જ સાવધાની રાખે છે. ૬૦૦-૭૦૦ વર્ષ કે ૮૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલ વ્યક્તિઓ વિષે ચોક્કસપણે તવારીખો નોંધવી કપરું કામ છે. આના કારણે વિવિધ સ્રોતોમાંની વિગતોની નોંધ લીધી છે.

■ **ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ**

તેમનો જન્મ ૧૫૮૯ કે ૧૬૨૩/૨૪માં થયેલો મનાય છે. ઉત્તર ગુજરાતના મહેસાણાથી પાટણના રસ્તે ધીણોજ ગામથી ૪ માઈલ દૂર આવેલા કનોડા ગામમાં થયો હતો. તેમણે ૮ વર્ષની વયે પાટણમાં દીક્ષા લીધી હતી. મૂળ નામ જશવંતકુમાર હતું. દીક્ષા પછી શ્રી યશોવિજય બન્યા. તેમણે ૩૭૫ ગ્રંથોની રચના કરી છે. તેમણે ડભોઈમાં ઈ.સ. ૧૬૮૭-૮૮માં દેહત્યાગ કર્યો હતો. તેઓ અર્ધમાગધી, ગુજરાતી, સંસ્કૃત ભાષા જાણતા હતા. તેમણે ગંગા તટે રહી આરાધના કરી સરસ્વતી માતાની આરાધના કરી હતી. ભટ્ટાચાર્ય પંડિત પાસેથી જ્ઞાન મેળવવા માટે જૈન સાધુનાં કપડાં ઉતારીને હિંદુ સંન્યાસીનાં કપડાં ધારણ કર્યાં હતાં. તેમણે ન્યાય, મીમાંસા, સાંખ્ય માત્ર ૩ વર્ષમાં શીખી લીધા હતા. તત્ત્વ ચિંતામણી ગ્રંથ ખૂબ જ ટૂંકા ગાળામાં કંઠસ્થ કરી લીધો હતો. કાશીમાં હિંદુ પંડિતોએ યશોવિજયજીને 'ન્યાય વિશારદ' અને 'તાર્કિક શિરોમણી' એવાં બિરુદો આપ્યાં.

યશોવિજયજીએ ઔરંગઝેબના સૂબા મહોબતખાન સમક્ષ અમદાવાદમાં અઢાર અવધાનના પ્રયોગો કરી બતાવ્યા.

મનાય છે કે યશોવિજયજી શ્રી આનંદઘનજીને મળીને વધુ નમ્ર, વિવેકી બની આત્મસાધનાના માર્ગે આગળ વધ્યા. તેમનો કાળકર્મ ડભોઈમાં થયો હતો. અનશન દ્વારા દેહ છોડ્યો હતો. તેમના દેહનો જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો હતો ત્યાં એક સ્તૂપની રચના કરવામાં આવી હતી.

■ **શ્રી સિદ્ધસેન દિવાકર**

પંડિત સુખલાલજીના મતે શ્રી સિદ્ધસેનનો જન્મ ઈ.સ. ૩૪૪ થી ૪૪૪ વચ્ચે ઉજ્જૈનમાં બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમણે ન્યાય, વ્યાકરણ છંદ, અલંકાર તેમજ વિવિધ દર્શનોનો અભ્યાસ કર્યો હતો. તેમણે કોંકણ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાનનો પ્રવાસ કરીને પંડિતો સાથે શાસ્ત્રાર્થ કર્યો હતો. સિદ્ધસેન નર્મદાકિનારે આવેલ ભરૂચ નગરીમાં રાજસભામાં પંડિતોની હાજરીમાં વૃદ્ધવાદિ સૂરિ સાથે શાસ્ત્રાર્થ કરે છે પરંતુ સિદ્ધસેન હારી જાય છે.

સિદ્ધસેન ચિત્રકૂટ પર્વત પર આવે છે ત્યાં વિવિધ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, જેનો ઉપયોગ માત્ર જિન શાસનનો પ્રભાવ વધે તે માટે જ કરશે તેમ જાહેર કરે છે. ત્યાંથી જંગલો-પહાડોમાં, ગુફાઓમાં સાધના કરતાં કરતાં સાત વર્ષે ઉજ્જૈન (અવંતિ) પહોંચે છે, જ્યાં વિક્રમાદિત્યનું રાજ્ય હતું ત્યાં અવંતિ પાર્શ્વનાથ જિનાલય બંધાવરાવે છે. ત્યાંથી પાછા ભરૂચ તરફ આવે છે. તાલરાસક ગામમાં ઋષભદેવની મૂર્તિની સ્થાપના કરે છે. ત્યાંથી દક્ષિણમાં પેંઠાણ ગામે જાય છે, ત્યાં સમાધિપૂર્વક દેહત્યાગ કરે છે.

શ્રી સિદ્ધસેન દિવાકર જૈન ન્યાયના આદિ પિતામહ મનાય છે. તેઓ તર્કપ્રધાન સંસ્કૃત સાહિત્યના પ્રણેતા કહેવાય છે. જૈન દર્શન સાથે અન્ય દર્શનોનો શું સંબંધ છે તે દર્શાવવું, અને ક્રાંત દૃષ્ટિમાંથી ફલિત



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થતા બીજા વાદીની મીમાંસા કરવી.... આવું અનન્ય લેખનકાર્ય કરનાર મહાન જૈનાચાર્ય હતા. તેઓ માત્ર તાર્કિક નહોતા, ભાવુક ભક્ત, કવિ, ચિંતક, સાધક, ગુરુ પણ હતા. એમનું જ્ઞાન સત્યની માનસિક આરાધનારૂપ હતું.

■ **ચિદાનંદજી ઉર્ફે શ્રી કર્પૂરચંદ્રજી**

આ નામ હિંદુ સંન્યાસી જેવું લાગે પણ તેઓ જૈન મુનિ હતા. એમનો જન્મ ક્યારે થયો, માતા-પિતાનું નામ શું હતું, એમણે ક્યારે દીક્ષા લીધી, યોગસાધના કોની પાસે શીખ્યા એવી કોઈ પણ વિગત પ્રાપ્ત થઈ નથી. તેમનો સ્વર્ગવાસ ઈ.સ. ૧૯૦૩ને સોમવારે થયો હતો. એવી માન્યતા છે કે તેમણે મૂર્તિપૂજક તપોગચ્છમાં દીક્ષા લીધી હતી.

તેઓ પાવાપુરીમાં ગામમંદિરની પાછળના ભાગની ઓરડીમાં ધ્યાન-સાધના કરતા હતા. સૌરાષ્ટ્રમાં, ખાસ કરીને ભાવનગર અને તેની આજુબાજુનાં ગામોમાં ઘણું વિચરણ કર્યું હતું. ગિરનાર અને શેત્રુંજયની ગુફામાં તેઓ ધ્યાનસાધના કરતા હતા. તેઓ એક સ્થળે ત્રણ દિવસથી વધુ રહેતા ન હતા. ત્રણ દિવસનાં ત્રણ વ્યાખ્યાન આપતા હતા.

તેઓ સમેતશિખર પર કાળધર્મ પામ્યા હતા એવી લોકવાયકા છે. તેમની રચનાઓ - કૃતિઓ બધી પદ્યમાં છે. ૮ જેટલાં પુસ્તકો લખ્યાં છે. ભાષા હિંદીમિશ્રિત ગુર્જર ભાષા છે.

ચિદાનંદજીએ ૪૫૩ દોહામાં સ્વરોધ્યજ્ઞાન પુસ્તક લખ્યું છે.

શ્રી સુરેશભાઈ ગાલાનું માનવું છે કે ચિદાનંદજી કોઈ મહાઅવતાર બાબાજી અથવા એમની પાસેથી દીક્ષિત કોઈ અજાણ્યા યોગી પાસેથી યોગ-સાધના શીખ્યા હશે. શ્રી ચિદાનંદજીના ગુરુ કાશીમાં રહેતા હતા એટલે તેઓ કાશીમાં પણ ઘણો વખત રહ્યા હશે અને યોગસાધના શીખ્યા હશે. કદાચ યોગીરાજ લાહિરીબાબાને પણ મળ્યા હશે. લેખક સર્વમંગલ આશ્રમ પાટણ પાસેના સાગોડિયાના જૈન મુનિ શ્રી ભાનુવિજયજી મહારાજ લિખિત પુસ્તક 'ચૈતન્યયાત્રા'નો ઉલ્લેખ કરે છે. તેમાં નોંધ્યું છે : પ્રાણ તત્ત્વને તાલીમ આપવી એ અઘરામાં અઘરું કાર્ય છે. એ જ આત્મસાધના છે.

■ **કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી**

હેમચંદ્રાચાર્યનો જન્મ ધંધુકામાં વર્ષ ૧૦૮૯માં કારતક સુદ પૂનમના રોજ માતા પાહિનીદેવીની કૂખે મોઢ વણિક જ્ઞાતિમાં, પિતા ચાચના પરિવારમાં થયો હતો. મારવાડમાં નાગોર ગામે શ્વેતાંબર મૂર્તિપૂજક તપોગચ્છમાં શ્રી દેવચંદ્રસૂરિજી દ્વારા દીક્ષા ગ્રહણ કરે છે. દીક્ષા પછી તેમનું નામ સોમચંદ મુનિ રાખ્યું હતું જે પાછળથી હેમચંદ્રમુનિ તરીકે ઓળખાયા. તેમનો અંતકાળ પાટણમાં વીત્યો. વર્ષ ૧૧૭૩માં ૮૪ વર્ષની વયે તેમણે દેહત્યાગ કર્યો. સિદ્ધરાજ અને કુમારપાળ એમ બે મહાન રાજાઓની સહાયથી હેમચંદ્રાચાર્યે ગુજરાતને તેના અણમોલ સંસ્કાર- વારસાથી સમૃદ્ધ કર્યું છે. સાહિત્યથી સમૃદ્ધ, સંસ્કારથી સુશોભિત અને અહિંસાથી આલોકિત ગુર્જર દેશનું નિર્માણ કરવામાં હેમચંદ્રાચાર્યનો અદ્વિતીય ફાળો છે.

આજે ગુજરાતમાં પાંજરાપોળ, ચબૂતરા, કૂતરાંને રોટલા, પક્ષીઓને ચણ અને ગાયોને ઘાસ નાખવાની પરંપરા જોવા મળે છે એના મૂળમાં હેમચંદ્રાચાર્ય છે. તેમના કારણે ગુજરાતમાં અહિંસાનો વ્યાપ ખૂબ જ વિસ્તર્યો હતો. હેમચંદ્રાચાર્યજીને ૨૧ વર્ષની વયે આચાર્યપદ આપવામાં આવે છે. તેમણે સાડા ત્રણ લાખ શ્લોકોની રચના કરી છે. ૮૪મે વર્ષે એમણે દેહત્યાગ કર્યો. રાજા કુમારપાળની વિનંતીથી તેમની સાથે તેઓ સોમનાથ મંદિરમાં ગયા હતા અને સ્તુતિ વંદના કરી હતી.

તેમણે અતિ અલ્પ વિહાર કર્યો છે. નિયમિત રીતે રાજસભામાં હાજરી આપતા હતા છતાં તેમને રાજગુરુ નહીં, લોકગુરુ બનવામાં રસ હતો. એમણે રચેલો 'યોગશાસ્ત્ર' ગ્રંથ અતિ મહત્ત્વનો છે. જૈન ધર્મના મૂળમાં યોગસાધના હતી એ વાત આજે વિસરાઈ ગઈ છે.

હેમચંદ્રાચાર્યના જીવનમાં સરસ્વતી, રાજનીતિ અને ધર્મનો ત્રિવેણી સુમેળ હતો. તેમના જીવનમાં સાંપ્રદાયિક જડતાને સ્થાન ન હતું. તેમના જીવનને ચાર વિભાગોમાં વહેંચી શકાય. - (૧) સાહિત્ય સર્જન, (૨) (ગુજરાતમાં) સંસ્કાર પિંડનું નિર્માણ (૩) અમારિ (અહિંસાનું પરિશુદ્ધ આચરણ) પ્રવર્તન (૪) બ્રહ્મ-યોગ તપોમય જીવન.

તેમણે સંસ્કૃત ભાષાનો પ્રથમ વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમ'ની રચના માત્ર એક જ વર્ષમાં કરી હતી. બીજો મહાન ગ્રંથ 'યોગશાસ્ત્ર' લખ્યો. તેમણે પોતાના મૃત્યુનું ભાવિ છ મહિના અગાઉ ભાખ્યું હતું. પાટણમાં કુમારપાળની હાજરીમાં તેમને અગ્નિસંસ્કાર આપવામાં આવ્યા હતા. તે સ્થળ હેમખાડના નામે ઓળખાય છે.

■ **અગમની વાટેના પ્રવાસી સુરેશભાઈ ગાલા**

સુરેશભાઈનાં ૪ પુસ્તકો પર આપણે માત્ર ઊડતી નજર નાંખી છે. લેખકે વર્ષ ૨૦૧૭ પહેલાંથી ૨૦૨૫ સુધી ૧૧-૧૨ વર્ષનું એક તપ કર્યું છે. યશોવિજયજી મહારાજ, શ્રી સિદ્ધસેન દિવાકરજી, શ્રી ચિદાનંદજી અને હેમચંદ્રાચાર્યજીના જીવન વિષે સમાજ સમક્ષ પાયાની માહિતી પૂરી પાડી છે. તેમની કૃતિઓનો આસ્વાદ કરાવ્યો છે.

આપણે કૃતિઓ અંગે આ લેખમાં નોંધ લીધી નથી પરંતુ પુસ્તકની રચના - લખાણ એવું છે કે જૈનેતર પણ તેનો અભ્યાસ કરી શકે તેવી સરળ શૈલી છે.

મહાપુરુષો વિષે ઘણી બધી દંતકથાઓ ચાલી આવતી હોય છે. તેમની સિદ્ધિઓ અંગે, ચમત્કારો અંગે પણ લોકવાયકાઓ ચાલી આવતી હોય છે. લેખકે તેની મર્યાદિત નોંધ લીધી છે. સાથેસાથે એ પણ નોંધવું જોઈએ કે જૈન સાધુ-સાધ્વીઓ સાધના-તપમાં ખૂબ જ ધ્યાન આપતાં હોય છે. તેઔ સૌ યોગમાર્ગનાં પ્રવાસી હોય છે. હેમચંદ્રાચાર્યે તો યોગશાસ્ત્રના ૧૨મા પ્રકરણમાં પોતાના જ અનુભવોનું વર્ણન કર્યું છે. અગમની વાટના પ્રવાસી પાસેથી અન્ય જૈન ધર્માચાર્યો વિષે પણ આવી જ કૃતિઓ માણવા મળશે તેવી આશા સાથે લેખકને વંદન કરીએ.

**- રશાંસ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**ગાંધીજી અને શ્રી અરવિંદ...** (પાન ૦૭નું ચાલુ)

વિશ્વ સમાઈ જશે. આ બંને વિચારકોની માફક જ આદર્શવાદનું સમ્માન, સ્વતંત્રતા અને મૌલિકતાનો આગ્રહ તેઓએ પણ પોતાના વિચારોમાં કર્યો છે. કવિ હોવાને લીધે રાજકીય વિષયમાં તેઓએ ખૂબ જ ઓછી વાતો કરી છે, પરંતુ તેઓની કવિતાઓમાં જે વિશ્વ-વ્યવસ્થાનું ચિત્રણ થાય છે, તેનું સ્વરૂપ અરવિંદ અને ગાંધીજીના આધ્યાત્મિક સમાજ સાથે મળતું આવે છે. તેઓએ પરમ પરમ પુરુષ અને સત્‌નો જે સંદેશ 'ગીતાંજલિ'માં આપ્યો છે, તે શ્રી અરવિંદના સચ્ચિદાનંદ જેવો જ છે. તેઓએ શ્રીઅરવિંદની જેમ જ પોતાની સાધનાનું લક્ષ્ય પ્રકૃતિનું રૂપાંતર કરવાનું માન્યું. આ રૂપાંતરથી માનવી સ્વાર્થના નિમ્ન સ્તરેથી ઉપર ઊઠી વિશ્વ-માનવતાના સ્તર પર પહોંચે છે અને પોતાની સીમિતતાને પાર કરી વિશ્વદેવતાને પ્રાપ્ત કરે છે. આ જ માનવીનું લક્ષ્ય છે, એમ ટાગોર કહે છે.

(ક્રમશઃ) **– ડૉ. અનુરાધા પ્રસાદ**

અનુ. રાજેન્દ્ર દવે

---

**દેશની પર્યાવરણીય...** (પાન ૧૬નું ચાલુ)

સારો એવો ઘટાડો થયો હતો. તેમ છતાં દિલ્હીમાં પી.એમ. ૨.૫ની માત્રા ૩૯ માઈક્રોગ્રામ માઈક્રોગ્રામ/ઘનમિટર હતી. આ માત્રા તે વખતની WHO ની ગાઈડ લાઈન પ્રમાણે Safe Limit કરતાં ૩ થી ૮ ગણી વધારે છે, ભારતે 'Vision Zero' તરફ ગતિ કરવાની છે. જેમાં ઓછા પ્રદૂષણનું લક્ષ નહીં પરંતુ શૂન્ય પ્રદૂષણના સ્તરે પહોંચવાનું છે. તે માટે ટ્રાન્સપોર્ટ ૧૦૦ ટકા પુનઃપ્રાપ્ય ઊર્જાથી ચાલે, ઉદ્યોગોમાં શક્ય હોય ત્યાં સુધી વીજઊર્જાનો ઉપયોગ કરે.

૧૦૦ ટકા ઘરેલુ કચરામાંના ઓર્ગેનિક વેસ્ટમાંથી ક્લીન કુકીંગ ગેસ પેદા કરવામાં આવે તેમજ જરૂરી અન્ય પગલાં પણ ભરવામાં આવે.

**– રજની દવે**







## નિમંત્રણ

### જીવનવિદ્યા પરિચય શિબિર

❑ આ શિબિરમાં શુ જાણશો ?

- o જીવન અને તેનો મૂળ ઉદ્દેશ્ય
- o વિશ્વાસ અને ઉત્સાહપૂર્વક જીવન જીવવાનો માર્ગ
- o પ્રકૃતિ સાથે સંતુલિત જીવન કેવી રીતે જીવવું
- o પરિવાર અને સંબંધોને વધુ સારા કેવી રીતે બનાવીએ
- o બાળકોના માનસિક અને શારિરીક વિકાસના ઘડતરની રીત

પ્રબોધક : શ્રી સોમ ત્યાગીજી

❑ તારીખ – સમય

- o ૩ મે, ૨૦૨૬, રવિવાર થી ૯ મે, ૨૦૨૬ શનિવાર સુધી
- o સમય : સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ સુધી

❑ સ્થળ : આત્મીય વિદ્યાલય, માંજલપુર, વડોદરા

❑ રહેવા, જમવા અને અન્ય વ્યવસ્થાના ખર્ચને માટે સહયોગ રાશિની અપેક્ષા છે.

❑ સંપર્ક o વિવેક ઠક્કર : ૯૬૬૨૫ ૧૦૯૭૫
o સંદીપ દવે : ૮૧૬૦૮ ૦૩૮૩૫

આયોજક : પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર, પૂર્વ નિયામક, લોકભારતી, સણોસરા, મો. : ૯૪૨૬૪ ૬૧૦૯૦



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ડેરી ઉત્પાદનો પર વર્તમાન કોમર્શિયલ ટેરિફનો પ્રભાવ



આજના વૈશ્વિક અર્થતંત્રમાં આંતરરાષ્ટ્રીય વેપાર નીતિઓ દેશોની આર્થિક સ્થિરતા અને કૃષિ ક્ષેત્રના વિકાસ પર સીધી અસર કરે છે. છેલ્લા કેટલાક સમયથી વિવિધ દેશો વચ્ચે ઊભા થયેલા વાણિજ્યિક શુલ્કના વિવાદો (ટેરિફ વોર) વૈશ્વિક વેપાર માટે મહત્ત્વપૂર્ણ મુદ્દો બની રહ્યા છે. ખાસ કરીને કૃષિ અને ડેરી ક્ષેત્ર પર આવા વિવાદોની અસર વધુ સ્પષ્ટ રીતે જોવા મળે છે. ભારત વિશ્વમાં દૂધ ઉત્પાદનના ક્ષેત્રે અગ્રેસર દેશ છે અને દર વર્ષે અંદાજે ૨૩૯ મિલિયન મેટ્રિક ટન દૂધનું ઉત્પાદન કરે છે. ડેરી ઉદ્યોગ માત્ર આર્થિક પ્રવૃત્તિ નથી. પરંતુ તે લાખો ગ્રામીણ પરિવારોની આવક અને જીવનનિર્વાહ સાથે સીધો સંબંધ ધરાવે છે. તેથી આંતરરાષ્ટ્રીય વેપાર નીતિઓમાં થતા ફેરફારો ભારતીય ડેરી ઉદ્યોગ માટે અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે.

**કોમર્શિયલ ટેરિફનો અર્થ** : કોમર્શિયલ ટેરિફ એટલે સરકાર દ્વારા આયાત અથવા નિકાસ થતા માલ પર વસૂલવામાં આવતો કર. ડેરી ઉદ્યોગમાં આવા ટેરિફ નીચે મુજબનાં ઉત્પાદનો પર લાગુ પડી શકે છે:

- મિલ્ક પાઉડર
- બટર અને બટર ઓઇલ
- ચીઝ
- વ્હે પાઉડર (Whey Powder)

**ટેરિફ યુદ્ધ અને વૈશ્વિક વેપાર** : ટેરિફ યુદ્ધ એટલે બે અથવા વધુ દેશો વચ્ચે આયાત-નિકાસ પર શુલ્કમાં વધારો કરીને ઊભી થતી વેપારી સ્પર્ધા. આ સ્થિતિમાં દેશો પોતાના સ્થાનિક ઉદ્યોગોને સુરક્ષા આપવા માટે વિદેશી ઉત્પાદનો પર ઊંચા શુલ્ક લગાવે છે. જોકે આ પ્રકારની નીતિઓ ઘણી વખત આંતરરાષ્ટ્રીય વેપારમાં તણાવ ઊભો કરે છે. તાજેતરના સમયમાં અમેરિકા દ્વારા કેટલાંક ભારતીય ઉત્પાદનો પર લગભગ ૫૦ ટકા સુધી વાણિજ્યિક શુલ્ક વધારવાની જાહેરાત કરવામાં આવી છે. આ નિર્ણયનો પ્રભાવ ખાસ કરીને કૃષિ અને ડેરી સંબંધિત ઉત્પાદનો પર પડી શકે છે. કેસિન અને મિલ્ક પાઉડર જેવાં ઉત્પાદનોની નિકાસ માટે ભારતના ઘણા પ્રદેશો-જેમ કે ગુજરાત, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ-મહત્ત્વપૂર્ણ કેન્દ્રો છે.

**ડેરી નિકાસ પર પડતી અસર** : ભારત વિશ્વનો સૌથી મોટો દૂધ ઉત્પાદક દેશ હોવા છતાં, વધારાનું ઉત્પાદન સંતુલિત કરવા માટે ડેરી ઉત્પાદનોની નિકાસ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જો આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય ઉત્પાદનો પર ઊંચા શુલ્ક લાગુ પડે તો તે ઉત્પાદનો મોંઘાં બની જાય છે અને ખરીદદારો અન્ય દેશોની તરફ વળી શકે છે. આ પરિસ્થિતિમાં નિકાસમાં ઘટાડો થવાની શક્યતા ઊભી થાય છે. પરિણામે મિલ્ક પાઉડર અને કેસિન જેવાં ઉત્પાદનોના જથ્થામાં વધારો થઈ શકે છે. આ વધારાનો જથ્થો સ્થાનિક બજારમાં દૂધના ભાવ ઘટાડવાનું કારણ બની શકે છે, જેનો સીધો પ્રભાવ ખેડૂતોની આવક પર પડે છે.

**ખેડૂતો અને ડેરી ઉદ્યોગ માટે પડકાર** : ભારતના ડેરી ક્ષેત્રની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં લાખો નાના અને સીમિત સંસાધનો ધરાવતા ખેડૂતો જોડાયેલા છે. આવા ખેડૂતો માટે દૂધ વેચાણ દૈનિક આવકનો મુખ્ય સ્રોત છે. વિશેષજ્ઞોના મત મુજબ અમેરિકાના ડેરી ઉદ્યોગને દર વર્ષે અંદાજે ૩૦ અબજ ડોલર જેટલી સબસિડી મળે છે. જ્યારે ભારતીય ખેડૂતોને આવી સીધી સબસિડી ઉપલબ્ધ નથી. આવી અસમાન પરિસ્થિતિમાં જો આંતરરાષ્ટ્રીય બજારમાં શુલ્ક વધે તો ભારતીય ડેરી ઉત્પાદકો માટે સ્પર્ધા કરવી વધુ મુશ્કેલ બની શકે છે.

**ભારતની નીતિ અને સરકારનો અભિગમ** : આ પરિસ્થિતિમાં ભારત સરકારે ડેરી અને કૃષિ ક્ષેત્રનાં હિતોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો અભિગમ અપનાવ્યો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે દેશ ક્યારેય પોતાના ખેડૂતો, માછીમારો અને ડેરી ક્ષેત્રનાં હિતો સાથે સમાધાન નહીં કરે. આ નિવેદન દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય વેપાર ચર્ચાઓમાં પણ સરકાર કૃષિ ક્ષેત્રનાં હિતોને ધ્યાનમાં રાખીને નિર્ણય લેવાની તૈયારી ધરાવે છે.

**ભવિષ્ય માટેની દિશા** : વર્તમાન ટેરિફ યુદ્ધની પરિસ્થિતિમાં ભારત માટે કેટલાંક મહત્ત્વપૂર્ણ પગલાં વિચારવા યોગ્ય બને છે. નવાં આંતરરાષ્ટ્રીય બજારો શોધવાં, ડેરી ઉત્પાદનોની ગુણવત્તા વધારવી અને નિકાસને પ્રોત્સાહન આપતી નીતિઓ અમલમાં મૂકવાથી ડેરી ક્ષેત્રને મજબૂત બનાવી શકાય છે. સાથેસાથે આંતરિક બજારમાં ભાવની સ્થિરતા જાળવવા માટે યોગ્ય સ્ટોક વ્યવસ્થાપન અને બજારનિયંત્રણ પણ જરૂરી બને છે.

**નિષ્કર્ષ** : વર્તમાન ટેરિફ યુદ્ધ વૈશ્વિક વેપાર વ્યવસ્થામાં નવી પડકારજનક પરિસ્થિતિ ઊભી કરી રહ્યું છે. ભારત જેવા દેશમાં, જ્યાં ડેરી ઉદ્યોગ લાખો ખેડૂતોના જીવન સાથે જોડાયેલ છે, ત્યાં આવા વેપારી વિવાદોની અસર દૂરગામી બની શકે છે. આથી જરૂરી બને છે કે આંતરરાષ્ટ્રીય વેપાર નીતિઓ ઘડતી વખતે સ્થાનિક ખેડૂતોનાં હિતોને પ્રાથમિકતા આપવામાં આવે અને સાથેસાથે વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મકતા જાળવવા માટે લાંબા ગાળાની વ્યૂહરચના અપનાવવામાં આવે.

**ડો.જે.વી.પારેખ,** વરિષ્ઠ ડેરી સલાહકાર, મુંબઈ






YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

**આત્માને જાણીએ...** (પાન ૦૩નું ચાલુ)

શક્તિ પ્રકટ થાય છે. સંકલ્પ એ ચિત્તની શક્તિ છે. ચિત્ત દ્વારા સંકલ્પ કરાય છે અને આત્મશક્તિ દ્વારા તે સંકલ્પને પૂરો કરવામાં આવે છે. શુભ સંકલ્પ સિદ્ધ થવાથી આત્માને બળ મળે છે અને તે ઉન્નતિ કરે છે. સંકલ્પ સારો હોય કે નબળો હોય, તે સિદ્ધ તો આત્માની શક્તિ દ્વારા જ થાય છે. પરંતુ જેવી રીતે સત્-સંકલ્પથી આત્માની ઉન્નતિ થાય છે, એવી રીતે અસત્-સંકલ્પ લેવાથી આત્માનું અધઃપતન થાય છે. ઉદાહરણ રૂપે જોઈએ તો સિકંદરે વિશ્વવિજય કરવાનો સંકલ્પ કર્યો હતો. અને કહેવાય છે કે એ સમયના સંસાર પર એણે જીત મેળવી લીધી હતી. પરંતુ એ મૃત્યુ સમયે રડ્યો હતો અને તેને પોતે કરેલાં કાર્યો પર ખૂબ ગ્લાનિ થઈ હતી. સંકલ્પ હમેશાં વિવેકપૂર્ણ વિચાર કરીને જ લેવો જોઈએ. એટલા માટે ગીતામાં કહેવાયું છે કે આત્મા જ આપણો બંધુ છે અને આત્મા જ આપણો શત્રુ છે.

આપણે પોતાના આત્માની અપાર જ્ઞાન-શક્તિને બાહ્ય ક્ષુદ્ર-તુચ્છ વસ્તુઓમાં વેડફી નાંખીએ છીએ. આપણા માટે તો આ જ્ઞાન-શક્તિ એ આપણી અમૂલ્ય થાપણ છે, પરંતુ આપણે એને સ્થૂળ વિષયોમાં વાપરી નાંખીએ છીએ. આ શાક સારું નથી બન્યું, એમાં મીઠું ઓછું પડ્યું. અરે ભાઈ ! કેટલા તોલા મીઠું ઓછું પડ્યું ? જરીક અમથું મીઠું ઓછું પડ્યું - આ વ્યર્થ વિચારમાં જ આપણા જ્ઞાનનો ખર્ચ થઈ જાય છે ! જે જ્ઞાન આપણને પરમેશ્વરની પ્રાપ્તિ કરાવી શકે છે, એ જ્ઞાનને આપણે શાકના સ્વાદની ચર્ચા કરવામાં ખોઈ દઈએ છીએ અને એમાં આપણે કૃતાર્થતા માનીએ છીએ. મનની દોડ હંમેશાં બહારની તરફ રહેવાથી મનુષ્યનું બધું સામર્થ્ય નષ્ટ પામે છે. કોઈ પણ પ્રકારની વ્યવસ્થા, નિયંત્રણશક્તિ મનુષ્યમાં રહેતી નથી. અને તેનું ચિત્ત તુચ્છ વિષયોમાં જ રમમાણ રહ્યા કરે છે. આપણે જ્યારે પોતાને સંકુચિત વિચારોમાં જકડી લઈએ છીએ ત્યારે આપણે આત્મશક્તિને મદદ કરવાને બદલે એને એકદમ નબળી પાડી દઈએ છીએ.

(ક્રમશઃ) (સંકલિત)

---

**સૂર્યકાન્ત પરીખ ..** (પાન ૧૭નું ચાલુ)

બેટ બની જવાના છે. દક્ષિણ અમેરિકન દેશ બ્રાઝીલમાં યોજાયેલ પરિષદમાં એવું નક્કી થયું હતું કે, 'જે પ્રદૂષણ કરે તે જ સુધારે' એ વાત ઉપર તેઓએ ભાર મૂક્યો. વધુમાં જણાવ્યું કે, સાંપ્રત પરિસ્થિતિમાં નદીઓનું પ્રદૂષણ તેમાં ઠલવાતી ગટરો દ્વારા થાય છે, જે સદંતર બંધ થવું જોઈએ. શ્રી કાર્તિકેયભાઈએ આગળ જણાવ્યું કે, ૯મા ધોરણના પાઠ્યપુસ્તકમાં એથીક્સનો વિષય તથા ૧૦મા ધોરણના પાઠ્યપુસ્તકમાં પર્યાવરણલક્ષી વિષય ઉમેરવાનો છે, જે સાચી દિશાનું પગલું છે. આજે તો 'મારું શું અને મારે શું' એ વિચાર છોડીને પર્યાવરણ અને સ્વચ્છતાનું કાર્ય એક સામૂહિક જવાબદારીરૂપે લેવા પર તેમણે ભાર મૂક્યો. દરેક વ્યક્તિએ તે વિચારવું જોઈએ કે, આપણે કઈ પ્રવૃત્તિ કરીએ કે જેથી આ પૃથ્વી પર હકારાત્મક અસર થાય.

હેન્ડ પ્રિન્ટના સંદર્ભમાં તેમણે સ્વ. સૂર્યકાન્તભાઈનું ઉદાહરણ ટાંકીને જણાવ્યું કે, દુનિયા બદલવાની શક્તિ દરેકમાં પડેલી છે જ પરંતુ સૂર્યકાન્તભાઈએ તે શક્તિને જગાડી અને તેનો સદુપયોગ કર્યો અને ગાંધી-ચીંધ્યા માર્ગે ચાલીને સહુને એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આપણી પાસે પણ શક્તિ અને વિચાર છે જ, તેને કાર્ય સાથે જોડવાની જરૂર છે. શ્રી કાર્તિકેયભાઈએ ભારપૂર્વક જણાવેલ કે, સૂર્યકાન્તભાઈને શ્રદ્ધાંજલિ શબ્દો દ્વારા તો આપીએ જ છીએ પણ સાથોસાથ આજે તમે નિયમ કરો કે, 'પર્યાવરણની રક્ષા તથા સ્વચ્છતા માટે હું કંઈક પ્રયત્ન કરીશ.'

અધ્યક્ષ શ્રી મંદાબહેને પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે, સ્વચ્છતા અને પર્યાવરણના કાર્યમાં જુદી જુદી કક્ષાએ અને વિશેષ સ્તરે સહુએ જોડાવાની જરૂર છે. કારણ કે આ કોઈ એક વ્યક્તિ કે વર્ગનું કામ નથી.

તેઓએ સ્વ. સૂર્યકાન્તભાઈને યાદ કરતાં કહ્યું કે, ભારતીય સમુદાય શિક્ષણ સંઘ દ્વારા પ્રકાશિત 'યાત્રાપથ' સામયિકનો દરેક અંક તેઓ નિયમિત વાંચતા અને એમનો પ્રતિભાવ તરત જ આપતા. વધુમાં તેઆએ જણાવેલ કે, શૌચાલયની સ્વચ્છતા એ સમગ્ર સમાજની ચિંતા હોવી જોઈએ. વધુમાં શ્રી મંદાબહેનને પૂરો વિશ્વાસ હતો કે 'પર્યાવરણ અને સ્વચ્છતા'ની પ્રવૃત્તિ નાસા ફાઉન્ડેશન જરૂરથી આગળ વધારશે કારણ કે તેનું બીજ સૂર્યકાન્તભાઈએ રોપેલ છે. સ્વચ્છતા અંગેની જાગૃતિ વધતી જાય છે પરંતુ શૌચાલય બાંધવા ફંડ એકઠું કરવું, એમાં સરકારશ્રીની મદદ લેવી એ મુશ્કેલ બનતું જાય છે. આ ક્ષેત્રમાં બહુ ઓછા લોકો પ્રવૃત્ત થાય છે. માટે આપણા પ્રશ્નોનો ઉકેલ શોધવા આપણે જ સંચાલનની નવી પદ્ધતિઓ શોધવી પડશે. નાસા ફાઉન્ડેશનની પ્રવૃત્તિમાં ભાગ લેનાર હિસ્સેદારોને આ કાર્યક્રમમાં લઈ આવવા અને તેનો હેતુ સફળતાપૂર્વક સિદ્ધ કરવો તેને મોટી સિદ્ધિ ગણી છે. શૌચાલયને વેસ્ટ કલેકશન સેન્ટર સ્વરૂપ ન ગણતાં આવક ઉપાર્જનના સાધન તરીકે સ્વીકારવાં જોઈએ, તો જ સ્વચ્છતામાં એક પગથિયું આગળ વધી શકાય, તે વાત ઉપર તેઓએ ભાર મૂક્યો. કાર્યક્રમના અંતમાં સંસ્થાની સ્વચ્છતાની કામગીરીમાં સમર્પિત સર્વ કાર્યકરોને સન્માનવામાં આવ્યા.

(નાસા ફાઉન્ડેશન, કાર્યપાલક અધ્યક્ષ) **– ફાલ્ગુની પરીખ**

**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સ. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (એરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.



YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# દાદીની વર્ષગાંઠ

**ભા**રત દેશને આઝાદી મળ્યાને ૭૫ વર્ષ થવાનાં હતાં ત્યારે એની ઉજવણી કરવાનો ઉત્સાહ આખાય દેશમાં છવાયેલો હતો. સૌ પોતપોતાની રીતે આ પ્રસંગને ઉજવવા આતુર હતા. એક દિવસ કરણ સવારે ઑફિસે જવાની તૈયારીમાં હતો ત્યારે સનતભાઈએ કહ્યું, ''કરણ, સાંજે તું ઑફિસેથી આવી જાય પછી એક અગત્યની વાત કરવી છે.''

ઑફિસમાં કામ કરતાં કરતાં કરણ વિચારી રહ્યો હતો કે, પપ્પા શું કહેવાના હશે? કપડાં બદલીને એમની સામે ગોઠવાતાં એણે પૂછ્યું, ''બોલો પપ્પા, શું વાત કરવાની છે?''

''બેટા, ૭૫ વર્ષ થશે.''

''હા પપ્પા, આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીની તૈયારી તો અમારી ઑફિસમાંય જોરશોરથી ચાલુ થઈ ગઈ છે.''

''હું એ ઉજવણીની વાત નથી કરતો. હું તો માઈનો અમૃત મહોત્સવ ઊજવવાની વાત કરું છું. દેશ આઝાદ થયો એ જ સાલમાં આઈનો જન્મ થયો હતો, એટલે એને પણ ૭૫ વર્ષ પૂરાં થશે ને?''

''શું વાત કરો છો પપ્પા? ઘરમાં નાનાં-મોટાં સૌ કોઈના જન્મદિવસ ઉજવાય છે પણ દાદીનો જન્મદિવસ ઊજવવાનો વિચાર અમને તો કોઈ દિવસ ન આવ્યો પણ તમનેય ન આવ્યો?''

થોડી વાર માટે સનતભાઈ જાણે ક્યાંક દૂર પહોંચી ગયા હોય એવું લાગ્યું. પછી ખોંખારો ખાઈને કહેવા લાગ્યા, ''તમે બધા જાણો જ છો કે, અમારું ત્રણે ભાંડરડાંનું બાળપણ ખૂબ મુશ્કેલીમાં વીત્યું છે. સૌથી મોટો હું માંડ દસ વર્ષનો હતો ત્યાં દાદા અકસ્માતમાં અવસાન પામ્યા. ત્રણ ત્રણ સંતાનોની જવાબદારી આઈ ઉપર આવી પડી. ગમે તેવા સંજોગોમાં પણ એણે અમને જણાવા નથી દીધું કે, એને કેટલી તકલીફ પડે છે! અમારા વખતમાં આજની જેમ બર્થડે ઊજવવાનો રિવાજ નહોતો તો પણ આઈ અમારા જન્મદિવસે કંઈ ને કંઈ મિષ્ટાન તો બનાવતી જ.''

કરણને ખબર હતી કે, દાદાના અવસાન પછી શાળામાં દાદીને નોકરીએ તો રાખેલાં પણ એમનું ભણતર ખૂબ ઓછું હોવાથી પ્યૂનની નોકરી જ મળી શકેલી. વાત આગળ ચલાવતાં સનતભાઈએ કહ્યું, ''એક દિવસ હું હઠે ચઢેલો કે, 'આઈ અમારે તારો બર્થડે ઊજવવો જ છે.' કોઈ દિવસ નહીં ને તે દિવસે આઈ મારી પર નારાજ થઈ ગયેલી ને એણે ચોખ્ખું કહી દીધેલું, 'આજ પછી કોઈ દિવસ મારો જન્મદિવસ ઊજવવાની વાત નહીં કરતા.' અમને તો એનો જન્મદિવસ ક્યારે આવે છે એ પણ ખબર નથી. એ તો વાતવાતમાં એક દિવસ એ એવું બોલી ગયેલી કે દેશ સ્વતંત્ર થયો એ વરસમાં હું જન્મેલી. બસ, એનો જન્મ ૧૯૪૭ માં છે એ સિવાય મને કશી ખબર નથી.''

''ફિકર નોટ પપ્પા, આપણાં કુસુમતાઈ ટ્રેઝરીમાં છે અને દાદીનું પેંશન એ લાવી આપે છે એટલે આ કામ તો સહેલાઈથી થઈ જશે.''

''એ તો થશે પણ આઈને મનાવવાનું કામ સહેલું નથી. એ કોણ કરશે?''

એ બધી જવાબદારી અમારી પેઢીની પપ્પા, હવે તમે બેફિકર થઈ જાવ.''

પછી તો દાદીની બર્થડેનું મિશન જોરશોરમાં ચાલુ થઈ ગયું. સૌથી મહત્ત્વની માહિતી કુસુમતાઈએ આપી કે, દાદીની જન્મ તારીખ છે ૧ જૂન-૧૯૪૭. ભારતમાં અને અમેરિકામાં રહેતાં કાકા-દાદાનાં ભાઈ-બહેનોએ એક ઝૂમ મિટિંગ કરી ત્યારે સાથે દાદીને પણ બેસાડ્યાં. બોસ્ટનમાં રહેતો જનક દાદીનો ખૂબ લાડકો. એણે દાદીને ઈમોશનલી બ્લેકમેઈલ કરીને મનાવી તો લીધાં પણ દાદીય કંઈ કાચાંપોચાં થોડાં હતાં? એમણે શરતો મૂકી,

''જુઓ, મારો જન્મદિવસ નહીં પણ વર્ષગાંઠ ઊજવવાની અને એ પણ સાદાઈથી. એમાં આપણા પરિવારના સભ્યો સિવાય બીજા કોઈને આમંત્રણ આપવાનું નહીં. હોલ કે, હોટેલમાં નહીં, આપણા ઘર આંગણે જ ભેગા થવાનું. બોલો, કબૂલ છે?'' નાટકિયા અંદાજમાં પ્રેરણા બોલી, ''અરે, યે તો કુછ ભી નહીં, આપકે લિયે તો જાન ભી હાજીર હૈ.''

બધાં હસી પડ્યાં પણ કુસુમતાઈ પૂછ્યા વિના ન રહી શક્યાં,

''દાદી, જન્મદિવસ નહીં ને વર્ષગાંઠ ઊજવવાનું તમે બોલ્યાં એ કંઈ સમજાયું નહીં.'' ''એ બધું હું તે દિવસે જ કહીશ. મારે પણ તમારી જેમ થોડું સસ્પેન.. એવું રાખવું જોઈએ ને?''

આતુરતાથી જે દિવસની રાહ જોવાતી હતી એ આવી પહોંચ્યો. ક્રીમ કલરની જરી બોર્ડરવાળી સાડીમાં દાદી જાજરમાન લાગતાં હતાં. બધાએ દાદીની આરતી ઉતારીને ચરણસ્પર્શ કર્યા. હસી-મજાકની છોળો ઊછળી. અંતાક્ષરી રમાઈ. પછી શરૂ થયો બીજો દોર. બધાં દાદીની આસપાસ કુંડાળું વળીને બેસી ગયાં. ''હા દાદી, હવે પેલી વાત પરથી પડદો ખસેડો. કુસુમતાઈએ યાદ કરાવ્યું.''

''જુઓ, અમારા જમાનામાં દીકરીઓને કોઈ ભણાવતું નહીં, પણ મારી માએ જીદ કરીને મને ચાર ધોરણ સુધી ભણાવી. શાળામાં મારી એક બહેનપણી પોતાના જન્મદિવસે સુખડી લઈ આવતી. મને પણ મન થયું. મેં માને પૂછ્યું, મા મારો જન્મદિવસ ક્યારે આવશે?''

''ઈ કાંઈ મને યાદ નથી. તારા માસ્તરે કદાચ એના ચોપડામાં લખ્યું હશે, એમને પૂછી આવ.''

માસ્તરે કહ્યું, 'તારો જન્મદિવસ ૧ લી જૂન-૧૯૪૭. આમ તો તારા વર્ગની પંદરેક છોકરીઓનો જન્મદિવસ ૧ લી જૂને જ છે.' મને નવાઈ લાગી, આવું કેવી રીતે હોય? સાહેબે ફોડ પાડ્યો કે, જેને પણ પોતાનો જન્મદિવસ ખબર ન હોય એ બધી છોકરીઓની જન્મતારીખ હું ૧ લી જૂન જ લખું છું.'

એટલી નાની ઉંમરમાં પણ મને એ વાતનો ધક્કો લાગ્યો. મને થયું, બધાં મા-બાપને દીકરાઓના જન્મદિવસ તો ખબર છે તો દીકરીઓના કેમ નહીં? ત્યારથી મેં ગાંઠ વાળેલી કે, મારો જન્મદિવસ કદી નહીં ઊજવું. પણ વર્ષગાંઠ ઊજવવાની સંમતિ મેં એટલે આપી કે, હવે હું એને વૃદ્ધિદિવસ ગણું છું. રોજે રોજ આપણે વૃદ્ધિ તો પામીએ જ છીએ ને? તો મને થયું કે, ભલે છોકરાઓ રાજી થતા. ને સાચું કહું? આજે તમે સૌએ આટલા પ્રેમથી મારી સાલગિરા ઊજવી, એ બહાને કુટુંબમેળો થયો એ મને ખૂબ ગમ્યું. તમે બધાંય ખૂબ સુખી રહો એવા મારા અંતરના આશિષ છે.

નાનકડા અન્વયે ગુલછડીનાં ફૂલોનો બૂકે દાદીના હાથમાં મૂકતાં કહ્યું, મોટાંદાદી, હવે જલદી કેક કટ કરોને! બહુ ભૂખ લાગી છે. બધાં ખડખડાટ હસી પડ્યાં.

(પ્રસન્ન દાભોલકરની મરાઠી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦
Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org